આજનો સુવિચાર

વાણી અને વિચાર ઉપર માણસની પ્રગતિનો આધાર છે, જો સારૂ બોલશો તો સૌ સાથ આપશે અને સારૂ વિચારશો તો કુદરત સાથ આપશે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૧૯૬ જૂનાગઢ તા.૨૯-૦૭-૨૦૨૨ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

પાર્લે પ્રોડકટસ સતત ૧૦માં વર્ષે ભારતની સૌથી શ્રેષ્ઠ બ્રાન્ડ

મુંબઈ, તા.૨૯ઃ ભારતની **FMCG** (ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યૂમર ગુડ્સ) બ્રાન્ડ્સમાં પાર્લે પ્રોડક્ટ્સએ વિક્રમસર્જક કહેવાય તેમ સતત ૧૦માં વર્ષે ટોચનુંરેન્કીંગ જાળવી રાખ્યું છે. પાર્લે આજે પણ દેશની સૌથી વધારે પસંદ કરાતી બ્રાન્ડ છે. કેન્ટાર ઈન્ડીયાના એક અહેવાલમાં આ જાણકારી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૧ માટેની યાદીમાં પાર્લે પછીના ક્રમે અમૂલ, બ્રિટાનિયા, કલિનિક પ્લસ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ આવેછે. સૌથી વધારેપસંદ કરાતી **FMCG** બ્રાન્ડ્સને કન્ઝ્યૂમર રીચ પોઈન્ટ્સને આધાર તરીકે ગણવામાં આવે છે. પાર્લે ૬,૫૩૧ મિલિયન સીઆરપી પોઈન્ટ સ્કોર સાથે સૌથી મોખરે છે.

અમેરીકાએ ભારતીય નૌકાદળને રોમિયો હેલિકોપ્ટરની ડીલીવરી આપી

નવી દિલ્લી તા. ૨૮ : અમેરીકા તરફથી ભારતીય નૌકાદળને ગુરૂવારે બે **24 MH-60** રોમિયો હેલિકોપ્ટરની ડિલિવરી મળી છે. તેનાથી ભારતીય નૌકાદળની તાકાતમાં વધારો થશે. આ મલ્ટી મિશન હેલિકોપ્ટર છે. ઓલ-વેધર હેલિકોપ્ટર હેલફાયર મિસાઈલ અને ઘાતક રોકેટ સિસ્ટમથી સજ્જ હશે. ગુરૂવારે કોચીન એરપોર્ટ ઉપર બે હેલિકોપ્ટર પહોંચાડવામાં આવ્યા હતા.

સમાચાર રાઉન્ડ અપ

- આજે પણ સંસદનાંબંને ગૃહોમાં ભારે ધમાલ : લોકસભા અને રાજયસભાની કાર્યવાહી સોમવાર સુધી સ્થગીત
- વેપારીઓનું દબાણ કામ કરી ગયું : ખાદ્ય પદાર્થો ઉપરનો જીએસટી દુર કરવા સરકારનો સંકેત
- કર્મચારીઓને બેવડું યોગદાન નહી આપવું પડે : વિદેશમાં નોકરી માટે જતા ભારતીયોને કેન્દ્ર સરકારની ભેટ
- પીજીવીસીએલ દ્વારા ગ્રાહકોને આડેધડ બીલ ફટકારવામાં આવતા હોવાની વ્યાપક ફરીયાદો
- મુંબઈનાં મઢ આઈલેન્ડ ટમેટા ખાધા પછી મહિલાનું મોત
- ઉત્તરપ્રદેશની મોનસુન સ્પેશ્યલ કટરૂઆ શાકભાજીનો ભાવ કિલોનાં રૂા.૧૦૦૦
- ગુજરાતનાં રૂા. ૧૨૬ કરોડનાં હેરોઈન કાંડનો મુખ્ય વોન્ટેડ આરોપી રાજબીર પંજાબથી ઝડપાયો
- વિશ્વનાં ટોપ-૫ ધનિકોમાં ગૌતમ અદાણી યથાવત : મુકેશ અંબાણી ટોપ-૧૦ની યાદીમાંથી બહાર
- ધ્રાંગ્રધા તાલુકાનાં ગાજણવાવ ગામમાં ૬૦૦ ફુટ ઉંડાબોરમાં પડી ગયેલી કિશોરીને આર્મીએ દિલધડક ઓપરેશન કરીને બચાવી લીધી

શેરબજારમાં તેજી : સેન્સેકસ ૫૭૦૦૦, નીફટી ૧૭૦૦૦ને પાર : રૂપિયામાં પણ સુધારો

મુંબઈ તા. ૨૯

શેરબજારમાં છેલ્લા કેટલાંક મહિનાઓથી મંદીના ભરડામાંથી રાહત મળી હોય તથા ચિત્ર પલ્ટાયું હોય તેમ જોરદાર તેજીનો દોર ચાલુ રહયો હતો.

સેન્સેક્સ આજે ઉઘડતામાં વધુ ૭૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૫૭૦૦૦ની સપાટી કુદાવી ગયો હતો જયારે નિફટીએ પણ ૧૭૦૦૦નું લેવલ ક્રોસ કરી લીધું હતું.

શેરબજારમાં માનસ પલ્ટાયુ હોય તેમ આજે સતત બીજા દિવસે તેજીના આખલાની છલાંગ હતી. વૈશ્વિક મંદીના ભણકારા, અમેરિકાની જેમ ભારતમાં પણ વ્યાજદર વધવાની આશંકા, ક્રૂડ તેલના ઉંચા ભાવ, મોંઘવારી-ફુગાવા જેવા વિપરીત કારણોને ડીસ્કાઉન્ટ કરીને માર્કેટે હરણફાળ ભર્યાનું ચિત્ર હતું. વિશ્વસ્તરે નબળા આર્થિક સંકેતો છતાં વિદેશી ઈન્વેસ્ટરો, ફરી વખત લેવાદોડતા તેજીને ટેકો મળ્યો હતો.

ગઈકાલે વિદેશી ઈન્વેસ્ટરોએ રૂા. ૧૩૦૦ કરોડથી પણ અધિકની નેટ ખરીદી કરી હતી. ૯ મહિના બાદ ચાલુ મહિનામાં વિદેશી નેટ રોકાણ થવાનોઆશાવાદ વ્યકત થતો હતો. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે વિદેશી ખરીદી ઉપરાંત બે દિવસથી ડોલર સામે સ્ટ્રોંગ બનેલા રૂપિયાએ પણ માનસ ફેરવી નાખ્યું છે અને તેને પગલે રીટેઈલ ઈન્વેસ્ટરોનીખરીદી વધી છે. ક્રરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયામાંમોટો ઉછાળો હતો. પ્રારંભિક કામકાજમાં જ ૩૬ પૈસા વધીને ૭૯.૩૯ સાંપડ્યો હતો. રૂપિયો મજબૂત થવાથી આયાત બીલ ઘટવાની સાથોસાથ અર્થતંત્રને પણ રાહત થઈ શકે છે. શેરબજારમાં આજે ભારતી એરટેલ, બજાજ ફીન સર્વિસ, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મારુતિ, નેસલે, પાવરગ્રીડ, રિલાયન્સ, ટીસીએસ, ટીસ્કો, ટાઈટન, એશિયન પેઈન્ટસ વગેરે ઉંચકાયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેક્સ ૭૦૦ પોઈન્ટના ઉછાળાથી ૫૭૫૦૦ હતો જયારે નિફટી પણ ૧૭૨૦૦ની સપાટી વટાવી ગયો હતો અને ૨૨૦ પોઈન્ટના ઉછાળાથી ૧૭૧૨૭ સાંપડ્યો હતો.

આજે ગાંધીનગર સ્થિત ગીફટ સીટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્ષચેન્જનું વડાપ્રધાનનાં હસ્તે ઉદ્ઘાટન

ગાંધીનગર તા.૨૯

વડાપ્રધાન મોદી આજે ગુજરાતમાંગિફટસીટીમાં ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ બુલીયન એકસચેંજ (આઈઆઈબીએકસ) નું ઉદઘાટન કરશે અને તે સાથે જ ભારતમાં શરૂ થશે ગોલ્ડની આયાતની લોકશાહી પદ્ધતિ! આ પદ્ધતિથી કવોલિફાઈડ જવેલર્સ સીધા ઈન્ટરનેશનલ સપ્લાયર્સ પાસેથી ઈન્ટરનેશનલ બુલિયન એકસચેંજથી ગોલ્ડ (બુલિયન) ખરીદી શકશે. તેનો ફાયદો એ થશે કે ઈન્ટરનેશનલ માર્કેટમાં ગોલ્ડ ઉપર ચાલી રહેલ ડિસ્કાઉન્ટ અને ડિમાન્ડના આધારે પ્રાઈઝ ડિસ્કવરી ઉપર સીધો ફાયદો ઈન્ડસ્ટ્રી અને કન્ઝયુમર્સને થશે.

હાલ બેંકોના માધ્યમથી ગોલ્ડ ઈમ્પોર્ટ કરવાને લઈને જવેલર્સ, મેન્યુફેકચરર, બુલિયન ડીલર્સને ઈન્ટરનેશનલ માર્કેટમાં ચાલી રહેલ હાલની પ્રાઈઝનો ફાયદો નથી મળતો. હવે બુલિયનના ફોરેન સપ્લાયર્સ અને બેંક સીધા એકસચેંજ લિસ્ટ કરશે અને જેની પ્રાઈઝ સૌથી સાચી હશે, તેની પાસેથી અહીંના કવોલિફાઈડ જવેલર્સ ગોલ્ડ ખરીદી શકશે. આ પ્રાઈઝ ડિસ્કવરીના કારણે ગ્રાહકોને હાલની કિંમતના હિસાબે ૧૦ ગ્રામ ઉપર કમ સે કમ ૭૦ રૂપિયાનો ફાયદો થશે.

જાતિ વિરૂધ્ધ ઓનલાઈન અપમાનજનક ટીપ્પણી કરશો તો પણ ST/SC એકટ લાગુ થશે : કેરળ હાઈકોર્ટ

કોચી, તા. ૨૯ : કેરળ હાઈકોર્ટે ચુકાદોઆપ્યો છે કેઅનુસૂચિતજાતિ અથવા અનુસૂચિત જનજાતિની વ્યક્તિ સામે અપમાનજનક ટિપ્પણી ઓનલાઈન કરવામાં આવે તો પણ **SC/ST** એકટની જોગવાઈઓ લાગુ થશે. કોર્ટે કહ્યું કે ડિજિટલયુગમાં જયારે પણ પીડિતા અપમાનજનક સામગ્રી જોશે ત્યારે તેની હાજરીમાં વાંધાજનક ટિપ્પણી કરવામાં આવી હોવાનું માનવામાં આવશે.

હાઈકોર્ટનો આ નિર્ણય યુટ્યુબરની આગોતરા જામીન અરજીને ફગાવી દેતી વખતે આવ્યો હતો જેણે તેના પતિ અને સસરા સાથેની મુલાકાતમાં એસટી સમુદાયની એક મહિલા સામેકથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરી હતી અને તેને સોશિયલ મીડિયા સાઈટ્સ યુટ્યુબ અને ઉપર અપલોડ કરી હતી.

યુટ્યુબરે ધરપકડના ડરથી આગોતરા જામીન મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી કે અપમાન અથવા ધાકધમકી અથવા દુરૂપયોગ ફક્ત જાહેર દૃષ્ટિકોણમાં જ નહીં, પરંતુ પીડિતાની હાજરીમાં પણ હોવો જોઈએ. આરોપીએ એવી પણ દલીલ કરી હતી કે પીડિતા ઈન્ટરવ્યુ દરમ્યાન હાજર ન હતી, અને તેથી એ સસી/એસટી એકટની જોગવાઈઓ લાગુ થતી નથી.

અરજીનો વિરોધ કરતાં, ફરિયાદ પક્ષે દલીલ કરી હતી કે ડિજિટલ યુગમાં પીડિતાએ ટિપ્પણી કરતી વખતે હાજર રહેવું જોઈએ તે અર્થઘટન અસંગત પરિણામો આપશે અને જો આ પ્રકારનું અર્થઘટન અપનાવવામાં આવશે તો કાયદો નિરર્થક બની જશે. પીડિતાના વકીલે અરજીનો વિરોધ કરતા કહ્યું કે ઈન્ટરવ્યુના લેખિત લખાણનું અવલોકન દર્શાવે છે કે આરોપી જાણીજોઈને અનુસૂચિત જનજાતિના સભ્ય નું જાહેરમાં અપમાન અને ધમકાવતો હતો અને દુર્વ્યવહાર પણ કરતો હતો.

રીટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ જુલાઈ પહેલા દર કલાકે ૩ લાખ રીટર્ન ફાઈલ કરાયા : કુલ સંખ્યા ૪ કરોડ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા. ૨૯

આવકવેરા રીટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ જુલાઈ છે અને તેની મુદતમાં કોઈ વધારો કરવાનું નકારી કાઢવામાં આવ્યું છે. રીટર્ન ભરવાના છેલ્લા દિવસોમાં દર કલાકે ૩ લાખ રીટર્ન ફાઈલ થતા હોવાનું અને અત્યાર સુધીમાં ૪ કરોડથી વધુ કરદાતાઓએ આવકવેરા રીટર્ન ફાઈલ કરી દીધા હોવાનું જાહેર થયું છે.

કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડના સુત્રોએ કહ્યું કે રીટર્ન ભરવાની મુદત વધારવા સોશિયલ મીડિયામાં ઝુંબેશ શરૂ થઈ છે પરંતુ હાલ તૂર્ત આવી કોઈ વિચારણા નથી. ચાર કરોડ રીટર્ન ફાઈલ થઈ ચૂક્યા છે. ૨૦૨૧માં મુદત વધારીને ૩૧ ડીસેમ્બર કરવામાં આવી હતી જેની સરખામણીમાં ૬૮ ટકા રીટર્ન ભરાઈ ગયા છે. અંતિમ દિવસોમાં ઝડપ વધી છે.

ખાસ કરીને ટીડીએસને લગતા ફોર્મ ૨૬-એએસ ભરવામાંતકલીફ હોવાનું બહાર આવ્યું હતું પરંતુ તાત્કાલીકતેનુંનિરાકરણ કરી દેવામાં આવ્યું હતું. અંતિમ દિવસોમાં કોઈ ખામી ઉભી ન થાય તે માટે વોરરૂમ કાર્યરત છે.

એટલું જ નહીં અનેક કિસ્સામાં સોશિયલમીડિયા પ્લેટફોર્મ મારફત જ ફરિયાદોનો ઉકેલ લાવી દેવામાં આવે છે.

હવે મતદાર કાર્ડને આધાર સાથે લિંક કરાશે : ઓગષ્ટથી દેશવ્યાપી ઝુંબેશ

નવી દિલ્હી, તા. ૨૯ઃ આધાર-મતદાર આઈડી લિંક ચૂંટણીમાં ગેરરીતિઓ અને નકલી મતદાન જેવીઘટનાઓને રોકવા માટે, ચૂંટણી પંચે મતદાર આઈડી કાર્ડને આધાર નંબર સાથે લિંક કરવાની એક મોટી પહેલ કરી છે. જો કે આ અભિયાન સંપૂર્ણપણે સ્વૈચ્છિક રહેશે. એટલે કે કોઈપણ વ્યક્તિ પોતાના મતદાર કાર્ડને આધાર સાથે લિંક કરવા માટે સ્વતંત્ર હશે તેટલું જ નહીં તેના આધારે કોઈપણ વ્યક્તિની અરજી ન તો રદ કરવામાં આવશે અને ન તો તેનું નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવશે. તેમ છતાં, તા.૧ ઓગસ્ટ, ૨૦૨૨ થી, આ અભિયાન સમગ્ર દેશમાં શરૂ થશે. જેમાં દરેક ઘરમાંથી આ સંબંધિત માહિતી એકત્ર કરવામાં આવશે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર આ માટે એક ખાસ ફોર્મ તૈયારકરવામાં આવ્યું છે. જેના દ્વારા આ માહિતી લેવામાં આવશે. આ સાથેજ તમામ રાજ્યોને તેનોસત્વરે અમલ કરવા સૂચના પણ આપવામાં આવી છે. આ દરમ્યાન કમિશને એ પણ સ્પષ્ટ કર્યું છે કે અરજદારોના આધાર નંબરની પ્રક્રિયા કરતી વખતે, નિર્ધારિત નિયમોનું સખતપણે પાલન કરવું જોઈએ.

આ સમયગાળા દરમ્યાન કોઈ પણ સંજોગોમાં આધાર નંબર જાહેર કરવો જોઈએ નહીં. ઉપરાંત, જો કોઈના મતદારનુંમતદાર કાર્ડ ક્યાંક દર્શાવવું જરૂરી હોય, તો આધારને લગતી વિગતો ફરજિયાતપણે આવરીલેવી જોઈએ અને રજૂકરવી જોઈએ. પંચની આ પહેલને ચૂંટણી સુધારા સાથે જોડીને જોવામાં આવી રહી છે. લાંબા સમયથી ચૂંટણી સુધારણા ઉપર કામ કરી રહેલા મતદાર કાર્ડને આધાર નંબર સાથે લિંક કરવાના ચૂંટણી પંચના પ્રસ્તાવને ગયા વર્ષે સંસદના શિયાળુ સત્રમાં મંજૂરી આપવામાં આવી હતી. જો કે, આ અભિયાન હજુ પણ ઓનલાઈન ચલાવવામાં આવી રહયા છે. જો કે, હવે તેને ઘરે-ઘરે અને દરેકમતદારો વચ્ચેલઈ જવાનું રહેશે.

નાના વેપારીઓને હવે સસ્તી લોન મળી શકશે : વ્યાપારી કાર્ડ જારી થશે

નવી દિલ્હી તા. ૨૯

મોદી સરકાર કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ નાના વેપારીઓને બિઝનેસ ક્રેડિટ કાર્ડ આપવાની તૈયારીઓ કરી રહી છે. તેનાથી વેપારીઓ અને એમએસએમઈને ગીરવે રાખ્યા વગર સસ્તી લોન મળશે. જાણવા મળી રહ્યું છે કે બિઝનેસ ક્રેડિટ કાર્ડ રાષ્ટ્રીય સ્તર ઉપર લોન્ચ કરવામાં આવશે અને **SIDBI** વ્યાપર કાર્ડ માટે નોડલ એજન્સી હશે. સમિતિએ આ અંગે નાણાં મંત્રાલય તેમજ વિવિધ બેંકો સાથે પણ વાતચીત કરી છે. આ કાર્ડની ક્રેડિટ સીમા ૫૦ હજારથી માંડીને એક લાખ રૂપિયા સુધીની હશે. એટલે કે નાના વેપારીઓ એ લાખ સુધીની લોન લઈ શકશે.

કોરોના સમયગાળા પછી, દેશના **MSME** ક્ષેત્ર (લઘુ અને મધ્યમ ઉદ્યોગો) ને સૌથી મોટો આંચકો લાગ્યો છે. એટલું જ નહીં, નોટબંધી અને **GST**ની અસર પણ આ વિસ્તાર પર પડી છે. આ ક્ષેત્રને રાહત આપવા માટે નાણા અંગેની સંસદીય સ્થાયી સમિતિએ કિસાન ક્રેડિટકાર્ડની તર્જ ઉપર નાના ઉદ્યોગ સાહસિકોને 'વ્યાપાર ક્રેડિટ કાર્ડ'ની ભલામણ કરી હતી. એવું કહેવામાંઆવી રહ્યું છે કે કેન્દ્ર સરકારે તેનો સ્વીકાર કરી લીધો છે અને ટૂંક સમયમાં આ યોજના લાગુ કરવામાં આવશે. સમિતિએ માત્ર એમએસએમઈ મંત્રાલયના ઉદ્યમ પોર્ટલ ઉપર નોંધાયેલા ઉદ્યોગસાહસિકોને જ બિઝનેસ ક્રેડિટ કાર્ડ આપવાની ભલામણ કરી છે. આવા કરોડો ઉદ્યોગો છે જેમણે એન્ટરપ્રાઈઝ પોર્ટલ ઉપર પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું નથી. વ્યાપાર ક્રેડિટ કાર્ડની શરૂઆત સાથે આ સાહસિકો એન્ટરપ્રાઈઝ પોર્ટલ સાથે પણ જોડાઈ જશે. બિઝનેસ ક્રેડિટ કાર્ડ જારી કરવાથી કરિયાણાની દુકાનદારો અને સલૂન માલિકોને પણ મદદ મળશે.

નોટબંધીનું ભુત હજુ પણ ધુણે છે : ગુજરાતનાં ૪૨ હજાર વેપારીઓને આઈટીની નોટીસ

અમદાવાદ તા. ૨૯ : નોટબંધી સમયના વ્યવહારોને લઈને જવેલર્સોને આઈટી વિભાગ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે આઈટી વિભાગની તરફેણમાં ચુકાદો આપતા આ કાર્યવાહી હાથ ધરાઈ છે.

ગુજરાતના ૪૨ હજાર વેપારીઓને આઈટી વિભાગ દ્વારા નોટિસ ફટકારાઈ છે.

નોંધનીય છે કે, અગાઉ નોટિસને લઈને કરદાતાઓ હાઈકોર્ટ ગયા હતા. હાઈકોર્ટે કરદાતાઓની તરફેણમાં ચુકાદો આપ્યોહતો. હાલમાંઅમદાવાદના પણ ૪૫૦૦ જવેલર્સ-વેપારીઓને નોટિસ ફટકારવામાં આવી છે.

ગુજરાત સરકારે ૧૫ વર્ષ જુના વાહનો માટે રાજય વ્યાપી ૮૪ વાહન ફીટનેસ કેન્દ્રોની મંજુરી આપી

અમદાવાદ તા. ૨૯ : રાજય સરકારે ૧૫ વર્ષ જૂના વાહનો માટે ૮૪ વાહન ફિટનેસ પરીક્ષણ કેન્દ્રો માટે મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કેન્દ્રો પીપીપી મોડહેઠળ સ્થાપિત કરવામાં આવશે. **ACS** પોર્ટ્સ અને ટ્રાન્સપોર્ટ મનોજ દાસે જણાવ્યું હતું કે ૯૦ કેન્દ્રો માટે અરજીઓ મળી હતી, જેમાંથી ૮૪ મંજૂર કરવામાં આવી હતી. રાજયએ હજુ ફી નક્કી કરવાની બાકી છે અને સરકારે રેવન્યુ શેરિંગ મોડલને પસંદ નહી કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સંચાલકો ફી વસૂલ કરશેઅને તેનાથી વધુલોકોને આવાકેન્દ્રોસ્થાપવા પ્રોત્સાહિત થશે, તેમ મનોજ દાસે જણાવ્યું હતું. સંપૂર્ણ સ્વચાલિત કેન્દ્રો માનવ હસ્તક્ષેપ વિના ચલાવવામાં આવશે અને જે વાહનો ત્રણ વખત ફિટનેસ ટેસ્ટમાં નિષ્ફળ જશે તેને સ્ક્રેપ કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. સ્ક્રેપપોલિસી ભારે વાહનોમાટે માર્ચ ૨૦૨૩ અને હળવા વાહનો માટે માર્ચ ૨૦૨૪થી અમલમાં આવશે.

આગામી તા. ૭ ઓગષ્ટથી કૌન બનેગા કરોડપતિ-૧૪ની ધમાકેદાર શરૂઆત થશે : ઈનામી રકમ રૂા.૭.૫ કરોડ

મુંબઈ તા. ૨૯ :

ટેલિવિઝન રિયાલિટી ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ'ની નવી સિઝન ની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. શોની રાહ જોઈ રહેલા ફેન્સ માટે સારા સમાચાર છે. હવે આ શોની આગામી સિઝન ખૂબ જ જલ્દી પ્રવેશવા માટે તૈયાર છે. સુપરસ્ટાર આમિર ખાનથી લઈને સ્પોર્ટ્સ આઈકન મેરી કોમ સુધી, અમિતાભ બચ્ચન દ્વારા હોસ્ટ કરવામાં આવેલ ક્વિઝ-આધારિત રિયાલિટીશો 'કૌન બનેગા કરોડપતિ ૧૪'નો પ્રીમિયર એપિસોડ ધમાકેદાર રીતે શરૂ થવાનો છે. ગત સીઝનથી વિપરીત જેમાં સૌથી વધુ ઈનામી રકમ રૂા. ૭ કરોડ હતી, આ વર્ષે તે રૂા. ૭.૫ કરોડ છે. ૭૫ લાખ રૂપિયાનું નવું સલામત આશ્રય શરૂ કરવામાં આવી રહ્યું છે જેથી જે લોકો છેલ્લા રૂા. ૭.૫ કરોડનાં પ્રશ્નનો જવાબ આપી શકતા નથી તેઓ ૭૫ લાખ રૂપિયા ઘરે લઈ જઈ શકે છે.



સૌરાષ્ટ્રમાં શ્વેતક્રાંતિનો પ્રારંભ પશુપાલન ઉદ્યોગથી શરૂ થયો છે : જેઠાભાઈ પાનેરા

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૯

માણાવદર તાલુકાની પ્રાંચીન શ્રી પંજુરી હનુમાનજીની જગ્યા પંજુરી ખાતે શ્રી સાવજ દુધ ઉત્પાદક સંઘનાં નવા વરાયેલા ચેરમેન દિનેશભાઈ ખટારીયાનો ભવ્ય સન્માન સમારોહ જાણીતા કેળવણીકાર જેઠાભાઈ પાનેરાનાં અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો હતો. વરતતા વરસાદમાં ત્રણ ગામને ત્રિભેટે આવેલા પ્રાંચીન શ્રી હનુમાનજી મહારાજની જગ્યામાં દિનેશભાઈ ખટારીયા અભિવાન સમારંભનો પ્રારંભ શ્રી હનુમંત વંદના, દીપ પ્રાગટયથી થયોહતો. સ્વાગત પ્રવચન મયુરભાઈ ત્રાંબડીયાએ કર્યું હતું. પ્રાસંગીક રૂપરેખા જૂનાગઢ જીલ્લા સંઘનાં પ્રમુખ હરસુખભાઈ ગરાળાએ જૂનાગઢ જીલ્લા સંઘની ગતીવિધી, વિકાસની દિશામાં સંઘની ભાગીદારી સાથે તળપદી ભાષામાં માહિતી આપી હતી. શ્રી સાવજ દુધ ઉત્પાદક સંઘનાં ડાયરેકટર અને અગ્રણી ઉદ્યોગપતિ નારણભાઈ સોલંકીએ સાવજ દુધ ઉત્પાદન સંઘનોઈતિહાસ પૂર્ન: દુધઉત્પાદન સંઘ દોડનો થયો. પશુપાલકનાં ઘરથી ડેરીનાં પ્લાન્ટ સુધી દુધ પહોંચે તેનો ચિતાર સચોટ સરળ ભાષામાં આંકડાકીય માહિતી સભાસદનો સહયોગની તલસ્પર્શી વિગેતે માહિતી-જાણકારી આપી હતી. શ્રી સાવજ દુધ ઉત્પાદન સહકારી સંઘનાં નવા વરાયેલા ચેરમેન દિનેશભાઈ ખટારીયાનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને બહુમાન કાર્યક્રમનાં આયોજક વેકરી દુધ ઉત્પાદન મંડળીનાં હરેશભાઈ ખોડભાયા તથા સહકારી મંડળીનાં આગેવાન નાગજીભાઈ મેંદપરા, વંથલી તાલુકાનાં વિવિધ આગેવાનોએ બહુમાન કર્યુંહતું. શ્રીસાવજ દુધ ઉત્પાદન સહકારી સંઘનાંચેરમેન દિનેશભાઈ ખટારીયાએ સૌરાષ્ટ્રમાં શ્વેતક્રાંતીમાં સહકારી સંઘનો ફાળો, સંઘનો વિકાસ કેમ કરવો, દુધની ગુણવત્તા અને સભ્યો, ડાયરેકટરો, ચેરમેનની નિષ્ઠાની વિગતવાર સચોટ માહિતી આપી હતી. વરસતા વરસાદ વચ્ચે અભિવાદન સમારોહનાં અધ્યક્ષ, સહકારી આગેવાન, કેળવણીકાર જેઠાભાઈ પાનેરાએ માણાવદર તાલુકા ચિતાર જીલ્લા બેંક, સહકારી મંડળીઓ દુધ ઉત્પાદન મંડળીઓ અને સહકારી સંસ્થાની વિકાસમાં મુળસભાસદો છે તેની વિગતે માહિતી સાથે વર્તમાન સમયમાં સતત સૌને રોજગારીની વિપુલ તકો પશુપાલન જ પુરી પાડશે. કુટુંબનું ભરણ-પોષણ, ગાય-ભેસ પશુઓનું પાલન નિભાવ ખેતી-વાહન વ્યવહારની સાથે પશુપાલન ઉદ્યોગ પૂર્ન: જીવતી કરી, રાષ્ટ્રનાં વિકાસમાં પુરક બનવા ઉપર ભાર મુકયો અને નિતીમતાનાંધોરણથી વિકાસ શક્ય બને છે. આરોગ્ય, શિક્ષણ, સહકારી અને સરકારી નિતીની માહિતી આપી હતી. આ પ્રસંગે જૂનાગઢ જીલ્લા પંચાયતનાં કારોબારી અધ્યક્ષ કંચનબેન ડઢાણીયા, માણાવદર નગરપાલિકાનાં પ્રમુખ પુજાબેન ગોર, જીલ્લા પંચાયતનાં સદસ્યો, બેંકનાંસદસ્યો, સરપંચો, મંડળીનાં પ્રમુખો, મંત્રીઓ, સભાસદો, વિવિધ સંગઠનો, માણાવદર, બાંટવા અને વંથલીનાં આગેવાન ખેડૂતો અંદાજીત ૨૫૦ જેટલા અભિવાદન સમારંભમાં હાજર રહ્યા હતા.આભાર વિધી આગેવાન ગોકળભાઈ ભાલોડીયાએ સુંદર રીતેકરી હતી.

શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ માણાવદર દ્વારા સમુહ રાંદલ લોટા મહોત્સવ ભવ્ય રીતે સંપન્ન ૫૦૦થી વધારે ભકતોએ લાભ લીધો

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૯

લોક સેવાની અનેક પ્રવૃતિઓ કરતું શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ, માણાવદર દ્વારા અહીંની લોહાણા મહાજન વાડી માણાવદર ખાતે શ્રી રાંદલમાતા સમુહ લોટા મહોત્સવ દિવ્ય રીતે સંપન્ન થયો હતો. કેવળ જનકલ્યાણ અર્થશ્રી રાંદલમાતા લોટા મહોત્સવમાં ૫૪ રાંદલ માનાં લોટા ભવ્ય રીતે શણગારવામાં આવ્યા હતા. યજમાન પરિવારો દ્વારા પૂજન-અર્ચન, સ્થાપના, કુંવારીકા પૂજન-અર્ચન, વિપ્ર વંદના થઈ હતી. કુંવારીકાનું પૂજન-અર્ચન, શણગાર સાથે ખીર, પુરી, શાક અનેફરસાણની પ્રસાદી ભારતીય પરંપરા મુજબ લેવડાવવામાં આવી હતી. ૫૦૦ જેટલી ગોરણીઓ, યજમાન પરિવાર, વિપ્રપરિવાર સહિત અન્યઓશ્રી રાંદલમાતાની પ્રસાદી ગ્રહણ કરી હતી. મા રાંદલનાં ૫૪ લોટા સમક્ષ માતા-બહેનોએ રાસ-ગરબાની રમઝટ બોલાવીહતી. શ્રી રાંદલ માતા સમુહ લોટા મહોત્સવનાં આચાર્ય પૂજય નયનભાઈ અધ્યવર્યુએસેવાઓ આપી હતી. શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ વિજયભાઈ મશરૂ તથા તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. મોટી સંખ્યામાં વિવિધ જ્ઞાતી-જાતીનાં માઈ ભકતોએ દર્શનનો લાભ લીધો હતો.

ભારતમાં લોન્ચ થયું Google Stre[a] View, આ ૧૦ શહેરોમાં ઉપલબ્ધ થશે

(દિલ્હી બ્યુરો દ્વારા)

નવી દિલ્હી તા.૨૯

ગુગલ ઈન્ડિયાની એક મેગા ઈવેન્ટ દિલ્હીમાં યોજાઈ હતી. આ ઈવેન્ટમાં, ગૂગલ મેપનું બહુપ્રતિક્ષિત **Google** વ્યૂ સ્ટ્રીટ વ્યૂ ફીચર ભારતમાં લોન્ચ કરવામાં આવ્યું છે. ગૂગલ મેપ સ્ટ્રીટ વ્યૂ ફીચરની સુવિધા શરૂઆતના તબક્કામાં દેશના ૧૦ શહેરોમાં ઉપલબ્ધ થશે, જેને વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં વધારીને ૫૦ શહેરોમાં કરવાની યોજના છે. તમને જણાવી દઈએ કે ગૂગલ મેપ સ્ટ્રીટ વ્યૂ ફીચરની ઘણા સમયથી રાહ જોવાઈ રહી હતી, કંપનીએ તેને લગભગ ૧૫ વર્ષ પહેલા યુએસમાં લોન્ચ કર્યું હતું.

ગૂગલ સ્ટ્રીટ વ્યૂ ફીચર શું છે

Google Stre[a] Viewએ એવી તકનીક છે જે **Google Maps** અને **Google Earth** એપ્લિકેશન દ્વારા વિશ્વની ઘણી શેરીઓ ઉપરના સ્થાનોથી ઈન્ટરેક્ટિવ પેનોરમાં પ્રદાન કરે છે. તે સૌપ્રથમ ૨૦૦૭માં યુએસના બહુવિધ શહેરોમાં લોન્ચ કરવામાં આવ્યું હતું અને ત્યારથી તે વિશ્વભરના શહેરો અનેગ્રામીણ વિસ્તારોને સમાવવા માટે વિસ્તરણ પામ્યું છે. **Google** નકશામાંજેના ફોટા ઉપલબ્ધ છે તે રસ્તાઓ વાદળી રેખાઓ તરીકે બતાવવામાંઆવે છે. શેરીઓ ઉપરાંત, વિશ્વના સ્થળો, કુદરતી અજાયબીઓ અને સંગ્રહાલયો તેમજ રેસ્ટોરાં પણ છે. તમે ગૂગલ મેપ્સમાં સ્ટ્રીટ વ્યૂ ફીચર જોઈને તેનો ઉપયોગ કરી શકોછો.

Google Stre[a] View હજુ સમગ્ર દેશમાં ઉપલબ્ધ નહીં હોય

ગૂગલ સ્ટ્રીટ વ્યૂ ફીચર હાલમાં દેશના ૧૦ શહેરોમાં ઉપલબ્ધ છે. જેમાં દિલ્હી, મુંબઈ, પુણે, નાસિક, વડોદરા, અમદાવાદ, બેંગ્લોર, ચેન્નાઈ, હૈદરાબાદ અને અમૃતસર જેવા શહેરોના નામ સામેલ છે. આ દસ શહેરોમાં લગભગ ૧,૫૦,૦૦૦ કિલોમીટરનો વિસ્તાર કરવામાં આવ્યો છે. ગૂગલનું કહેવું છે કે, તે વર્ષના અંત સુધીમાં ૫૦ શહેરોમાં પહોંચી જશે. ગૂગલેઆ માટે **Genesys International** અને **Tech Mahindra** સાથે પણ ભાગીદારી કરી છે. જો કે, આ ફીચર દુનિયાના કેટલાક દેશોમાં પહોંચી ચૂક્યું છે, પરંતુ દુનિયામાં આવું પહેલીવાર થઈ રહ્યું છે કે, સ્થાનિક ભાગીદારો (જેમ કે સિસ ઈન્ટરનેશનલ અનેટેક મહિન્દ્રા) કોઈ પણ દેશમાં આ ફીચર લાવી રહ્યાછે.

જામકંડોરણા આઈટીઆઈ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા, તા.૨૯

જામકંડોરણા આઈટીઆઈ ખાતે સ્ટાફ દ્વારા મેદાનમાં અલગ અલગ વૃક્ષો રોપવામાં આવ્યા હતા જેમાં આઈટીઆઈના પ્રિન્સીપાલ વાઘમસી, જામકંડોરણાના સરપંચ બાલાભાઈ બગડા, ફોરમેન મોઢા, પરમારભાઈ, એસ.આઈ. જાડેજા, ગોહેલભાઈ, ભટ્ટ મેડમ, સરવૈયા મેડમ, ઝાલાભાઈ તેમજ તાલીમાર્થીઓ વૃક્ષા રોપણમાં જોડાયા હતા.

મહિલાઓને ફળ અને શાકભાજીના પરીક્ષણ અંગેની તાલીમ આપવા અરજીઓ મંગાવાઈ

આઈ ખેડૂત પોર્ટલ ઉપર અરજદારો ૧૫ ઓગસ્ટ સુધી અરજી કરી શકશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા. ૨૯

રાજ્ય સરકારના બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ અંતર્ગત મહિલાઓ માટે ફળ અને શાકભાજી પરીક્ષણની તાલીમ મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરવા આઈ-ખેડૂત પોર્ટલ (**www.i khedut. gujarat.gov.in**) ઉપર તા. ૧૨ જુલાઈ થી ૧૫ ઓગસ્ટ સુધી અરજી કરી શકાય એમાટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. જે અંતર્ગત મહિલા તાલીમાર્થીઓએ ફળ અને શાકભાજી પરીક્ષણની તાલીમ મેળવવા ઈચ્છતી મહિલાઓએ વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરી અને અરજીની પ્રિન્ટ સાથેઆધારકાર્ડ, રાશનકાર્ડઅને બેંક પાસબુક અથવા રદ કરેલો ચેક આ તમામ દસ્તાવેજો નાયબ બાગાયત નિયામકની કચેરી, જૂનાગઢમાં જમા કરાવી આપવાના રહેશે તેમ નાયબ બાગાયત નિયામકની યાદીમાં જણાવાયુંછે.

ભવનાથ ખાતેઆવેલ તળપદા કોળી સમાજની વાડીમાં ઈ-એફઆઈઆર સીટી પોર્ટલ એપ્લીકેશનની માહિતી આપવા કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢમાં ભવનાથ તળેટી ખાતે આવેલા તળપદા કોળી સમાજની વાડીમાં ગઈકાલે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાત પોલીસની સીટીઝન પોર્ટલ ઓનલાઈન ઈ-એફઆઈઆર સીટીઝન ફસ્ટ એપ્લીકેશન અંતર્ગત આવતી ૧૪ જેટલી સેવાઓની માહિતી આપવા માટેનો કાર્યક્રમ જૂનાગઢના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. તળપદા કોળી જ્ઞાતિની જગ્યામાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રમુખ ભુપતભાઈ ડાભી, મહામંત્રી મનુભાઈ સોલંકી, ખિમભાઈ કટેસીયા, સોમાભાઈ ભાલીયા, જગ્યાના મેનેજર પપ્પુભાઈમેર, કોળી મંડળ એસોસીએશનના પ્રમુખ રમેશભાઈ બાવળીયા, ભવનાથ પોલીસ સ્ટેશનના રાજુભાઈ ઉપાધ્યાય, અશ્વિનભાઈ, સીડાભાઈ, રામદેવભાઈ, જયોતિબેન, જયાબેન, અપેક્ષાબેન, સુસ્મીતાબેન તથા ભવનાથના વેપારી અને રહેવાસીઓ હાજર રહ્યા હતા. આ એપની સંપૂર્ણ માહિતી સાયબરકાઈમના પીએસઆઈ પ્રતિક મશરૂએ આપી હતી અને એપના ૧૪ જેટલા ફાયદાઓ અંગે માહિતી અપાઈ હતી. ભવનાથ પોલીસ સ્ટેશનાપીએસઆઈ ચુડાસમાએ ઉપસ્થિત રહેવા બદલ દરેકનો આભાર માન્યો હતો.

કેશોદમાં આવતીકાલે વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. વ્રજરાજકુમારજીની પધરામણી અને દીવ્ય વચનામૃતનું આયોજન

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૯

વર્તમાન માનવ સમાજમાં દિવ્ય જીવનની પરિકલ્પના સાથે પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના પ્રણેતા જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીની ૧૮મી પેઢીના વંશજ પૂ.પા.ગો. વ્રજરાજકુમારજી દ્વારા સ્થાપિત વીવાયઓ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન સંસ્થા વૈશ્વિક સ્તરે કાર્યકરી રહ્યું છે. **VYO**ના આધુનિક અને મજબુત નેટવર્કથી વર્તમાન માનવ સમાજમાં સમભાવ અને સર્જનાત્મક જાગૃતિનો ઉદય થાય એ માટે દેશો-વિદેશમાં ધર્મ પરિભાષાની નૂતન પુષ્ટિ વિચારધારા સાથે ક્રાંતિકારી વૈચારિક અભિયાન ચલાવી રહ્યા છે. વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના ભારતમાં ૫૦થી વધુ કેન્દ્રો છે અને વિદેશના વિવિધ દેશોમાં ૩૫થી વધુ કેન્દ્રો કાર્યરત છે. સનાતન ધર્મ આધારિત ૬ થી ૧૬ વર્ષના ઉગતી પેઢીના બાળકોને શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિષયોનું પાયાનું જ્ઞાન આપ્યાના વર્ગો ચાલે છે. યુવા પેઢીને સકારાત્મકતા તથા આનંદથી ભરપુર જીવન શૈલી તરફ પ્રેરીત કરવાના અવનવા પ્રકલ્પો કાર્યરત છે. વૈષ્ણવ એટલે કૃષ્ણ અને કૃષ્ણ એટલે વૈષ્ણવ... તો વૈષ્ણવજનોના પ્રિય અને પૂજનીય શ્રીકૃષ્ણના વિવિધ સ્વરૂપો છે અને ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ સૌરાષ્ટ્રના મધ્ય ભાગે રાજકોટ જિલ્લાના ગોંડલ પાસેના ચોરડી ગામે વિશાળ ક્ષેત્રફળવાળી જગ્યામાં વીવાયઓ દ્વારા શ્રી કૃષ્ણ સંસ્કાર વર્લ્ડ આકાર લઈ રહ્યું છે. સૌરાષ્ટ્રની પાવન ભૂમિ ઉપર આ ઐતિહાસિક અને દિવ્ય સંસ્કારધામ પૂ. વ્રજરાજ બાવાશ્રીની દિવ્ય પરિકલ્પનાઓનો અવિનાશી તેજ પૂંજ બની રહેશે. આ અમુલ્યધામ પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર સૌરાષ્ટ્રના આંગણે નિર્માણાધિન છે. માનવીય દિવ્ય ઉર્જાને જાગૃત કરનાર આ સંકુલ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનું સૌથી મોટું અને ભવ્યહશે. જેમાં ગુરૂકુળ, શાળા-કોલેજ, વિશાળ અતિથિ ભવન, ૮૪ બેઠકની, વૈષ્ણવો માટે સાધના આશ્રમ, બાળકો માટે રમત-ગમત પ્રાંગણ વગેરેનું નિર્માણ થશે. આ પ્રોજેકટ ૩ ફેઝમાં સાકાર થશે, (૧) પ્રથમ ૫૫ વીઘામાં સાકાર થશે ઉપરોકત દર્શાવેલ પ્રકલ્પો, (૨) બીજા ફેઝમાં રાજકોટ ખાતે ભારતનું સર્વપ્રથમ મોરપીછ ટેમ્પલ નિર્મિત કરવામાં આવશે, (૩) ત્રીજા ફેઝમાં વ્રજભૂમિ વૃંદાવનમાં શ્રીકૃષ્ણ પ્રભુના દિવ્ય ચરિત્રને વર્ણવતા બાળકો તેમજ યુવાનો અર્થે વિરાટ રાઈઝ પ્રોજેકટ સાકાર કરવામાં આવશે. વિવિધ સંકુલોના ખાતમુર્હુત અને પ્રરાહ અભિયાન અંતર્ગત પૂ. વ્રજરાજકુમારજીએ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અન્ય મોટા શહેરમાં મિટિંગોનો દોર શરૂ કર્યો છે. જે અંતર્ગત તેઓ કેશોદમાં આવતીકાલ શનિવારે પધારી રહ્યાં છે. તેઓની મધુર વાણી સાથે દિવ્ય વચનામૃતનું આયોજન આંબાવાડીમાં આવેલા પ્રેમજી જેરાજ કડવા પટેલ સમાજમાં શનીવારે સાંજના ૮:૩૦ વાગે રાખેલ છે. પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર 'શ્રી કૃષ્ણ સંસ્કાર વર્લ્ડ' એક ઐતિહાસિક સંકુલ ગોંડલ તાલુકાના ચોરડી મુકામે સાકાર કરવા સંદર્ભે પૂ. વ્રજરાજકુમારજી માર્ગદર્શન કરશે. આ દિવ્ય સંકુલ સાકાર કરવાના અનન્ય કાર્યક્રમનો લાભ પ્રાપ્ત કરવા માટે આયોજકોએ અપીલ કરી છે. વીવાયઓ કેશોદ આ કાર્યક્રમની વ્યવસ્થા માટે સમગ્ર કમિટીના સભ્યો સાથે જહેમત ઉઠાવી રહ્યા છે. તેમજ બ્રહ્મસંબંધ દીક્ષા લેવા અને ઠાકોરજી પુષ્ટ કરવા માટે ૩૧ તારીખેરવિવારે સવારે ૧૦વાગે અવસર પ્રાપ્ત થશે, જે માટે સુરેશભાઈ ફળદુ મો.૯૪૨૮૦ ૮૮૭૭પનો સંપર્ક કરવો.

લમ્પી વાઈરસને ડામવા નિયંત્રિત વિસ્તાર હેઠળના જિલ્લામાં નહીં કરી શકાય પશુઓની હેરફેર

રાજય સરકારે પશુઓના મેળા, વેપાર, પ્રદર્શન તેમજ રમતો ઉપર કડક પ્રતિબંધ લગાવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદતા. ૨૯

ગુજરાત રાજ્યમાં વરસાદી સિઝન બાદ પશુઓમાં લમ્પી વાયરસે જે રીતે ભરડો લીધો છે તે જોતા હવે સરકારે મોટો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત રાજ્યના કુલ ૧૪ જિલ્લાઓ નિયંત્રિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ જિલ્લાઓમાં લમ્પીની અસરકારકતા જ્યાં વધારે છે તેવા સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. નિયંત્રિત વિસ્તાર જાહેર કરવામાં આવતા જિલ્લામાં પશુઓના મેળા, વેપાર, પ્રદર્શન તેમજ રમતો ઉપર કડક પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. સાથે જ આવા જિલ્લામાંથી પશુઓ બીજા જિલ્લામાં પણ મોકલી શકાશે નહીં. આ સાથે જ રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની સંકલન સહ મોનિટરીંગ કમિટીની રચના કરવા ઠરાવ કરવામાં આવ્યો છે. આ સમિતિ જિલ્લામાં લમ્પી વાઈરસના સંક્રમણ પર નિયંત્રણ, અસરગ્રસ્ત પશુઓની સારવાર સબંધિત તમામ કામગીરીનું સંકલન તેમજ મોનિટરિંગ કરશે.

લમ્પી વાઈરસના કહેરને પગલે રાજ્ય સરકારે એક મોટો નિર્ણય લીધો છે. રાજ્યના કુલ ૧૪ જિલ્લાઓને "નિયંત્રિત વિસ્તાર" તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અમરેલી, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યોછે. નિયંત્રિત વિસ્તારોમાં પશુઓના વેપાર, મેળા, પ્રદર્શન, રમતો ઉપર કડક પ્રતિબંધ તેમજ તેમની અવરજવર ઉપર પણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

આજથી ખંભાળિયા બન્યું શિવમય : પવિત્ર શ્રાવણ માસને ભક્તિભાવપૂર્વક ઉજવવા શિવભક્તોમાં થનગનાટ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

પવિત્ર શ્રાવણ માસનો મંગલ પ્રારંભ આજ રોજ શુક્રવારથી થયો છે, ત્યારે સમગ્ર ખંભાળિયા તાલુકાના શિવ ભક્તો ભોળાનાથની આરાધના કરી, પુણ્યનું ભાથું બાંધશે. ભગવાન શિવને દૂધ, જળ, પુષ્પ, બિલ્વ પત્ર દ્વારા અભિષેક તથા પૂજન-અર્ચન કરી અને રિઝવવા માટે આજે સવારથી તમામ નાના મોટા શિવ મંદિરોમાં શિવ ભક્તોની ભીડ ઉમટી પડી હતી. આ ઉપરાંત તમામ શિવ મંદિરોમાં ચાર પ્રહરની આરતી, દીપમાળાના દર્શન, ઘીની મહાપૂજા, મહાઆરતી વિગેરે દ્વારા ભોળાનાથની ભક્તિ કરવામાં આવશે. આ સાથે રૂદ્રી-લઘુરૂદ્ર યજ્ઞ જેવા ધર્મોત્સવના આયોજનો પણ થઈ રહ્યા છે. અહીંના પ્રાચીન અને પ્રખ્યાત રામનાથ મહાદેવ, ખામનાથ મહાદેવ, શરણેશ્વર મહાદેવ, પાળેશ્વર મહાદેવ ઉપરાંત દાત્રાણા ગામે આવેલા ધિંગેશ્વર મહાદેવ, કોટા ગામે આવેલા કોટેશ્વર મહાદેવ, સુખનાથ મહાદેવ, જલારામ મંદિર પરિસરમાં આવેલા રામેશ્વર મહાદેવ સહિતના વિવિધ શિવાલયો આજે સવારથી શિવ ભક્તોના "હર હર મહાદેવ", "ઓમ નમઃ શિવાય"ના નાદથી ગુંજી ઉઠ્યા હતા.

૩૦ અને ૩૧ જુલાઈએ રાજકોટમાં શ્રી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા એક્ઝિબિશન અને સેલનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૯

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ કામ કરતી શ્રી ખોડલધામ મહિલા સમિતિ-રાજકોટ દ્વારા બે દિવસીય એક્ઝિબિશન અને સેલનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ આ એક્ઝિબિશન અને સેલ યોજાશે. આગામી તારીખ ૩૦ અને ૩૧ જુલાઈ, શનિવાર અને રવિવારે રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે આ એક્ઝિબિશન અને સેલનું આયોજન કરાયું છે. જેમાં મહિલા દ્વારા વિવિધ વસ્તુઓનું પ્રદર્શન અને વેંચાણ કરવામાં આવશે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા મહિલા ઉત્થાનના વિવિધ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આવા જ એક ઉમદા હેતુ સાથે મહિલાઓની આવકમાં વધારો થાય તેવા ઉદ્દેશથી આગામી તારીખ ૩૦ અને ૩૧ જુલાઈ, શનિવાર અને રવિવાર, સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન, ન્યુ માયાણીનગર, ચંદ્રેશનગર પાણીના ટાંકાની સામે શ્રી ખોડલધામ મહિલા સમિતિ-રાજકોટ દ્વારા વિવિધ વસ્તુઓનું એક્ઝિબિશન અને સેલનું ભવ્ય આયોજન કરાયું છે. આ એક્ઝિબિશન અને સેલમાં ૫૦થી વધુ સ્ટોલ હશે. તમામ સ્ટોલનું સંચાલન મહિલા વેપારીઓ દ્વારા જ કરવામાં આવશે.

ઉૐ નમઃ શિવાયનાં નાદથી દ્વારકાનાં શિવાલયો ગુંજી ઉઠયા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૯

હાલમાં શંકર ભગવાનની ભકિત કરવા માટેનો સર્વોત્તમ એવા પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગયેલ હોય, દ્વારકા શહેરમાં વિવિધ શિવાલયોમાં વહેલી સવારથી જ ભાવિકોની ભીડ જોવા મળી રહી છે. શહેરનાં ભડકેશ્વર મહાદેવ, સિધ્ધેશ્વર મહાદેવ, ઋણમુકતેશ્વર મહાદેવ, ધીંગેશ્વર મહાદેવ, જગતમંદિરમાં બીરાજતા કુશેશ્વર મહાદેવ, ટોકરા સ્વામિ મહાદેવ સહિત શિવમંદિરોમાં વિશેષ શ્રૃંગાર મનોરથ તથા ઉત્સવોનાં આયોજન કરવામાં આવેલછે. શ્રાવણ માસ શરૂ થતા જ દ્વારકાવાસીઓ શિવમય બની ગયા છે અને શિવ આરાધનામાં લાગી ગયા છે. અલગ-અલગ શિવાલયોમાં વહેલી સવારથી ભાવિકો દ્વારા ભોળીયા નાથને રિઝવવા માટે જલાભિષેક દુગ્ધાભિષેક, શિવને પ્રિય એવા બિલ્વપત્ર સહિતની સામગ્રીઓ સાથે ભાવિકોનો મોટો સમુદાય શિવપૂજામાં મગ્ન થયેલ જોવા મળેલ. પુરાણોમાં પણ શિવભકિત માટે શ્રાવણ માસનું વિશેષ મહત્વ હોય તેમજ શ્રાવણ માસમાં બીજા પણ વિશેષ તહેવારો આવતા હોય, ભગવાનની ભકિત કરવા માટે શ્રાવણ માસ ઉત્તમ ગણાય છે. દ્વારકા શહેરમાં પણ શિવભકતો દ્વારા સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન

ઉપરાષ્ટ્રપતિ વૈકયા નાયડુ ૬ ઓગસ્ટે દ્વારકા આવશે

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૯

ઉપરાષ્ટ્રપતિ વૈકયા નાયડુ આગામી તા. ૬ ઓગસ્ટનાં રોજ દ્વારકા ખાતે આવનાર હોય, તંત્ર દ્વારા તેમનાં આગમનને લઈ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તેઓ અહીંયા દ્વારકાધીશ જગતમંદિરે દર્શન કરશે. આ સહિત અનેકવિધ કાર્યક્રમોનું પણ આયોજન થયું હોવાનું જાણવા મળે છે.

નામ બદલાવેલ

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **જય અનિલકુમાર ઉંજીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **જય અનિલભાઈ ઉંજીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

જય અનિલભાઈ ઉંજીયા

૨૦૩ ગોલ્ડ સ્ટાર એપાર્ટમેન્ટ,

ઝાંઝરડા રોડ, જૂનાગઢ

જળ સંરક્ષણમાં જૂનાગઢ જીલ્લો 'વેરી ગુડ': કેન્દ્ર સરકારની ટીમે આપ્યું રેટિંગ

જીલ્લાના જળ સંરક્ષણના કામોની મુલાકાત લઈ સમગ્ર કામગીરીનું સર્વગ્રાહી નિરીક્ષણ કરીને આપ્યું રેટિંગ : કેન્દ્ર સરકારની ટીમને કલેક્ટર રચિત રાજે જૂનાગઢ જીલ્લામાં જળ સંરક્ષણ માટે ચાલતા પ્રકલ્પો-ગતિવિધિથી અવગત કરાવ્યા હતા

જૂનાગઢ, તા.૨૯

જળ સંરક્ષણ-સંગ્રહમાં જૂનાગઢ જિલ્લાને કેન્દ્ર સરકારની ટીમ દ્વારા ''વેરી ગુડ'' રેટીંગ મળ્યું છે. જિલ્લા કલેકટર રચિત રાજે આ ટીમ સાથે બેઠક યોજી, જૂનાગઢ જિલ્લામાં જળ સંરક્ષણ માટે ચાલતા પ્રકલ્પો-ગતિવિધિથી અવગત કરાવ્યા હતા. રાષ્ટ્રવ્યાપી જળ શકિત અભિયાન હેઠળ જૂનાગઢ જિલ્લામાં જળસંચય અને સંગ્રહની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે કેન્દ્ર સરકારની ટીમ આવી પહોંચી હતી. આ ટીમના કેન્દ્ર સરકારના વાણિજય મંત્રાલયના આઈડીએસના ડાયરેકટર આર.અરૂલાનંદન અને સેન્ટ્રલ વોટર કમિશ્નરના શ્રીહરી શેખર આવ્યા હતા તેમણે જિલ્લાના પરંપરાગત તળાવ જળાશયો સહિતના જળ સંરક્ષણના કામોની વિઝીટ કરી સમગ્ર કામગીરીનું સર્વગ્રાહી નિરીક્ષણ કર્યું હતું. આ ટીમના બંને ઉકત સભ્યોએ ઉમટવાળા, દગડ અને ખીરસરા તળાવ ઉપરાંત કેશોદના ટીટોડીગામના ચેકડેમ, ચોરવાડ ખાતે ભરતી નિયંત્રણ માટેના જળાશય અને સેંદરડા ખાતેના રોપા ઉછેર કેન્દ્રની મુલાકાત કરી હતી. આ ટીમે તા.૬ થી ૮ જૂલાઈ દરમ્યાન જૂનાગઢ જિલ્લાનો પ્રવાસ કર્યો હતો. આમ આ ટીમના બંને સભ્યોએ જળસંચય માટેની જમીની વિગતો મેળવી. જૂનાગઢ જિલ્લાને ''વેરી ગુડ'' રેટીંગ આપ્યું હતું. ઉપરાંત જળસંચય માટેના પ્રગતિમાં અને બાકી રહેલા પૂર્ણ કરવા માટે સૂચન કર્યું હતું. આ ટીમની મુલાકાત દરમ્યાન જળ શકિત અભિયાનના જૂનાગઢ જિલ્લાના નોડલ ઓફિસર જે.એન. ભાટુ સાથે રહ્યા હતા અને જરૂરી વિગતો આપી હતી. ઉલ્લેખનીય છે કે, જળ શકિત અભિયાન હેઠળ વરસાદી પાણી સંગ્રહ કરવા ઉપર ભાર આપવામાં આવે છે. જેમાં તળાવ, ચેકડેમની સાથે પરંપરાગત જળ સ્ત્રોતોને વધુ સુદ્રઢ બનાવવા અને તેની જળ સંગ્રહ ક્ષમતામાં વધારો કરવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ એકઆગવા અભિગમ સાથે પાણીને એક શકિત માની છે, તેના યોગ્ય ઉપયોગ અને મેનેજમેન્ટ માટે તેમણે કેન્દ્ર સરકારમાં એક અલાયદા જળ મંત્રાલયની રચના કરી છે.

રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ જૂનાગઢ દ્વારા

જૂનાગઢ જીલ્લાની ૮૦૦ શાળાઓમાં ભારતમાતાનું પૂજન અને શહીદોનાં સન્માનના કાર્યક્રમો ઓગસ્ટમાં યોજાશે

આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ હર્ષ અને ગૌરવનો અવસર : જીતુભાઈ ખુમાણ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૯

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સ્વતંત્રતાના અમૃત મહોત્સવ સમગ્ર ભારતમાં ઉજવણી કરી રહ્યું છે તેના ભાગ સ્વરૂપે પહેલી ઓગસ્ટના દિવસે ભારતભરની ૧,૫૦,૦૦૦થી વધુ શાળાઓમાં અને ગુજરાતની ૨૫૦૦૦ શાળાઓમાં ભારત માતા પૂજન, વીર શહીદોને શ્રદ્ધાંજલિ, શહિદ તથા સૈન્ય પરિવારોનું સન્માન કરવાના કાર્યક્રમો યોજાશેજે અનવ્યેરાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ જૂનાગઢ દ્વારા જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક માધ્યમિકઅનેઉચ્ચતર માધ્યમિક ૮૦૦ શાળાઓમાં આ કાર્યક્રમ યોજાશેજેમાં ભારતમાતાનુંપૂજન કરવામાં આવશે. વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે અનેશહીદ તથા સૈન્ય પરિવારોનું સન્માન કરવામાં આવશે જેમાં સમાજ શ્રેષ્ઠીઓ વિદ્યાર્થીઓ દરેક ક્ષેત્રના અગ્રણીઓ જોડાશે. ભારત માતાના ફોટાનુંપૂજન થશે તેમજ સૈનિકોને સ્વાધીનતા સંગ્રામના ૭૫શૂરવીરોનુંપુસ્તક આપીઅને સન્માનિત કરવામાં આવશે. વર્તમાન પેઢીના વિદ્યાર્થીઓ તથા યુવાનો સ્વતંત્રતાની ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવનાર વીર શહીદો ક્રાંતિકારીઓ સ્વતંત્ર સેનાનીઓ સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધેલા છતાં પ્રસિદ્ધ ન પામેલ અનસંગ હીરો સામાજિક ચળવળ ધાર્મિક ચળવળ સ્વતંત્રતાના આંદોલન સમયે લખાયેલ સાહિત્ય માતૃશક્તિની ભૂમિકા તેમજ અન્ય વિષયની માહિતી મેળવી પ્રેરણા મેળવે તે સ્વતંત્રતાના અમૃત મહોત્સવનો ધ્યેય છે. જૂનાગઢ જિલ્લાની ૮૦૦ શાળાઓમાંએક જ દિવસે આ કાર્યક્રમ યોજાય તે માટે રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘના પદાધિકારીઓ જીતુભાઈ ખુમાણ, રાકેશભાઈ પુરોહિત, જયદેવભાઈ શિશાંગિયા, સુરેશભાઈ ખુમાણ, સંજયભાઈ કોરિયા વગેરે જહમત ઉઠાવી રહ્યા છે. તેમ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના ગુજરાતના વરિષ્ઠ ઉપાધ્યક્ષ જીતુભાઈ ખુમાણની યાદીમાં જણાવ્યું છે.

ખંભાળિયામાં રવિવારે સહકારી સંમેલન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયા પંથકની અગ્રણી સહકારી સંસ્થા સર્વોદય જૂથ સેવા સહકારી મંડળી લિમિટેડના ઉપક્રમે આગામી રવિવાર તરીકે ૩૧મીના રોજ સવારે ૧૦વાગ્યે અત્રે બેઠક રોડ ઉપર આવેલા સતવારા વિદ્યાર્થી ભવન પરિસરમાં સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ખંભાળિયા માર્કેટિંગ યાર્ડના વાઈસ ચેરમેન તથા જિલ્લાની મહત્વની એવી ડીસ્ટ્રીક્ટ બેંકના પ્રોફેશનલ ડાયરેકટર જેન્તીભાઈ ડી. નકુમ દ્વારા આ વિસ્તારના સહકારી આગેવાનો, કાર્યકરો અને શુભેચ્છકોની ખાસ ઉપસ્થિતિમાં યોજવામાં આવેલા આ સહકારી સંમેલન પ્રેરણારૂપ વકતવ્ય સાથે વિકાસ બાબતે ચર્ચા- વિચારણા કરવામાં આવશે. જેમાં સહભાગી થવા સર્વોદય મંડળીના પ્રમુખ જે.ડી. નકુમ દ્વારા નિમંત્રિતોને અપીલ કરવામાં આવી છે.

ગિરનાર પર્વત ઉપર છેલ્લા ૧૫ દિવસથી વીજ ધાંધીયા : ધર્મસ્થાનોમાં હાલાકી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે છેલ્લા ૧૫ દિવસથી પીજીવીસીએલવીજ પુરવઠો બંધ રહેતા ધર્મસ્થાનોને ભારે હાલાકી પડી રહી છે. ભારે વરસાદને કારણે વીજ વાયરોમાં ખામી સર્જાતા ગિરનાર ઉપર અવર નવાર વીજળી પૂરવઠો ખોરવાય છે અને જેને કારણે ધર્મસ્થાનોમાં હાલાકી વેઠવી પડે છે. આ બાબતે અવાર નવાર રજૂઆતો કરવા છતાં રીપેરીંગનું કામ થતું નથી તેવી ફરીયાદો ઉઠી છે. ગિરનાર ઉપર વહેલી તકે રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે. (તસ્વીર : વિજય ત્રિવેદી)

લમ્પી વાયરસ અટકાવવા જૂનાગઢ જીલ્લાનું પશુપાલન વિભાગ ખડેપગે

જૂનાગઢ, તા.૨૯

પશુઓમાં જોવા મળતા લમ્પી વાયરસના રોગોને અટકાવવા માટે જૂનાગઢ જિલ્લા પશુપાલન વિભાગ ખડેપગે કામગીરી કરી રહ્યું છે. જૂનાગઢ કોર્પોરેશન વિસ્તારમાં પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. જૂનાગઢ કોર્પોરેશન વિસ્તારમાં પશુઓ માટે લમ્પી વાયરસ અન્વયે પંચાયત હસ્તકના પશુપાલન વિભાગ દ્વારા રાત્રી રસીકરણની ઝુંબેશરૂપે કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ૨૫૨ પશુઓને આવરી લેવામાં આવ્યા હતા. લમ્પી વાયરસને અટકાવવા માટે પશુપાલન વિભાગ દ્વારા ખડેપગે કામગીરી કરવામાં આવી રહી છે. તેમ જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખની યાદીમાં જણાવાયુ છે.

ખંભાળિયા પંથકમાં વિવિધ પ્રકારના આયુર્વેદિક વૃક્ષોનું વાવેતર કરાયું : વ્રજ ફાઉન્ડેશન તથા કાર્યકરોની સેવા પ્રવૃત્તિ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયા પંથકમાં પર્યાવરણને સહાયભૂત થવાના આશયથી તાજેતરમાં અહીંના વ્રજ ફાઉન્ડેશન તથા સેવાભાવી કાર્યકરો દ્વારા વ્યાપક પ્રમાણમાં આયુર્વેદિક વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. ખંભાળિયાના સામાજિક વર્ગીકરણ વિભાગના સાથે સંકલન સાધી અને અહીંની જાણીતી સેવા સંસ્થા વ્રજ ફાઉન્ડેશનના ઉપક્રમે અહીંની જી.વી.જે. હાઈસ્કૂલ કેમ્પસ, આહીર કન્યા છાત્રાલય, ડેરા મોરા પ્રાથમિક શાળા, ઝેનિથ સ્કૂલ, સલાયા વાડી પ્રાથમિક શાળા, ઘી ડેમ વિસ્તાર, રામનાથ મહાદેવ મંદિર, ખંભાળિયાના સ્વર્ગપુરી સ્મશાન વિગેરે સ્થળોએ સેવાભાવી કાર્યકરો દ્વારા ૫૧૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

આ માટે ફાઉન્ડેશનના પ્રમુખ કેશવભાઈ કારીયા, ગોપાલભાઈ નકુમ, હરદેવસિંહ જાડેજા, સાવનભાઈ દાવડા, સાગરભાઈ દાવડા વિગેરે દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થઈ અને આ સેવાકીય પ્રવૃત્તિ અવિરત રીતે ચાલુ રાખવાનું નક્કી કર્યું છે. આ માટે સ્થાનિક શાળા તથા સ્ટાફ ઉપરાંત સરકારી તંત્ર દ્વારા પણ સંકલન સાથે સહયોગ સાંપડ્યો હતો. ખંભાળિયા તેમજ આસપાસના જાહેર સ્થળો તેમજ શાળાઓમાં કોઈપણ સંચાલકો આયુર્વેદિક વૃક્ષારોપણ કરવાની ઈચ્છા ધરાવતા હોય તો તેઓએ વ્રજ ફાઉન્ડેશનના વૃક્ષારોપણની કામગીરી સંભાળતા ડાવાભાઈ સિંધિયાના મો.નં. ૯૫૭૪૬ ૯૬૦૧૮ ઉપર સંપર્ક સાચવા એક યાદીમાં જણાવાયું છે.

રાજકોટ જીલ્લાની ૧૦૮ સેવાની ઉત્કૃષ્ટ કામગીરીની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લઈ ટીમને બિરદાવવામાં આવી

રોહિતભાઈ વાળાને તેમની ઉમદા કામગીરી બદલ હૈદરાબાદ ખાતે સન્માનિત કરાયા

(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા.૨૯

ગુજરાત સરકારની લોક ભાગીદારીથી આજે આરોગ્ય સેવા વિશ્વાસ અને ચોક્કસાઈનો પયાર્ય બની ગયો છે. ૧૦૮ની સેવા જી.વી.કે. ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ અને ગુજરાત સરકારની લોક ભાગીદારીથી આજે આરોગ્ય સેવા ૧૦૮ની ઈમરજન્સી સેવા ૨૪૮૭ રાજયભરમાં પુરી પાડવામાં આવી રહી છે. તાજેતરમાં જ રાજકોટ જિલ્લાની ૧૦૮ સેવાની ઉત્કૃષ્ટ કામગીરીની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લઈ ટીમને બિરદાવવામાં આવી હતી. આ તકે જી.વી.કે. ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા રાજકોટ જિલ્લામાં ૧૦૮માં ફરજ માટે કોલ આવ્યો હતો. તેમના ત્વરીત નિર્ણય થકી

બજાવતાં રોહિતભાઈ વાળાને તેમની વિશિષ્ટ કામગીરી બદલ હૈદરાબાદ ખાતે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતા ૧૦૮ ટીમના રાજકોટ જિલ્લાના ઈ.એમ.ઈ. વિરલભાઈ ભટ્ટએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાંથી થોડા સમય પહેલા ૧૦૮ ઉપર એક બર્ન કેસના દર્દીને હોસ્પિટલ પહોંચાડવા ગણતરીની મીનીટોમાં જ ૧૦૮નીટીમઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ કેસમાં પીડિત ૯૫ ટકા બર્ન થઈ ગયેલા હતા. અત્યંત નાજુક પરિસ્થિતિમાં સતર્કતા સાથે રોહિતભાઈ વાળાએ બુદ્ધિચાતુર્ય દ્વારા ડોકટરની ઓનલાઈન મદદ લઈ સારવાર પૂરી પાડી હતી. પીડિતને જરૂરી સારવાર આપી હેમખેમ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. તેમના ત્વરીત નિર્ણય થકી માટે ૧૦૮ ટીમ હરહંમેશ કટીબદ્ધ હોય છે.

આઝાદ ભારતનાં ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી યાદગાર રહે તે માટે 'આઝાદી કા અમૃત મહોત્સવ' હેઠળ

'હર ઘર તિરંગા' અભિયાન રાષ્ટ્રપ્રેમની ભાવનાને વ્યક્ત કરવાનો અવસર : રાજકોટ કલેકટર અરૂણ મહેશ બાબુ

(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા.૨૯

આઝાદ ભારતનાં ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી યાદગાર રહે તે માટે 'આઝાદી કા અમૃત મહોત્સવ' હેઠળ તા.૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ દરમ્યાન 'હર ઘર તિરંગા' અભિયાનના સુચારૂ આયોજન અર્થે રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ વીડિયો કોન્ફરન્સનાં માધ્યમથી જોડાયા હતા. આ બેઠકમાં કલેકટરએ જણાવ્યું હતું કે, 'હર ઘર તિરંગા' અભિયાન રાષ્ટ્રપ્રેમની ભાવનાને વ્યક્ત કરવાનો અવસર છે. આ અવસરને ઝીલીને રાષ્ટ્રધ્વજને આન-બાન-શાન સાથે સરકારી કચેરીઓ, ખાનગી સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો, સ્કુલ-કોલેજો, દુકાનો, રેલ્વે સ્ટેશનો, પોલીસ સ્ટેશનો, જાહેર સ્થળો, સરકારી કર્મચારીઓ અને દરેક નાગરીકે પોતાના ઘર ઉપર ફરકાવવા જોઈએ. આ ઉપરાંત રાષ્ટ્રધ્વજની ગરિમા જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન રાખીને રાષ્ટ્રધ્વજ લહેરાવવા કહ્યું હતું. તેમજ ૧૫ ઓગસ્ટનાં સાંજે તિરંગાને વ્યવસ્થિત રીતે ફોલ્ડ કરીને ઘરમાં સાચવી રાખીને જાગૃત-જવાબદાર નાગરીકની ફરજ બજાવવા કહ્યું હતું. આ તકે રાજકોટ શહેર અને ગ્રામ્યમાં 'હર ઘર તિરંગા' અભિયાન હેઠળ કરવામાં આવનાર આયોજન અંગેની ઉપસ્થિત અધિકારીઓ અને વીડિયો કોન્ફરન્સથી જોડાયેલા પ્રાંત અધિકારીઓ અને મામલતદારો પાસેથી માહિતી મેળવી હતી. આ સાથે વધુને વધુ નાગરિકો 'હર ઘર તિરંગા' અભિયાનામાં જોડાઈ તે માટે સોશ્યલ મીડિયામાં 'સેલ્ફી વીથ નેશનલ ફ્લેગ' જેવા કેમ્પેઈન યોજવા કલેકટરએ સુચન કર્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશ્નર આશિષ કુમાર, એ.આર. સિંધ, નિવાસી અધિક કલેકટર કેતન ઠક્કર, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, રાજકોટ ગ્રામ્ય પોલીસ વિભાગનાં અધિકારી સહિતના સંબંધિત વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખંભાળિયામાં સ્નાયુ તથા સાંધાના દુ:ખાવાની માહિતી અંગેનો સેમિનાર યોજાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયામાં લાયન્સ કલબ તથા આલયમ રીહેબ કેર-જામનગરના સંયુકત ઉપક્રમે તાજેતરમાં સાંધા અને સ્નાયુના દુ:ખાવા અંગેના ઓપરેશનથી બચવા માટેના એક માહિતી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉપરોકત પ્રકારના દુ:ખાવાના ઓપરેશનથી બચવા માટે કોલ્ડ લેસર અને નેનો પદ્ધતિ અંગેની વિસ્તૃત માહિતી મલ્ટી મીડિયા દ્વારા અને આલયમ કેર-જામનગરના ડો. અંજલીબેન કટેશીયા દ્વારા આપવામાં આવી

હતી. આ ઉપરાંત ડો. માધવીબેન, ડો. પ્રિયાબેન મૈયાડ, ડો. જલ્પાબેન તથા ડો. મિત્તલ દ્વારા એંસી જેટલા દર્દીઓને તપાસીને જરૂરી માર્ગદર્શન તથા સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પના પ્રસંગે લાયન્સ કલબના પ્રમુખ વિનુભાઈ બરછા (ઘી વાળા) એ ઉપસ્થિતોને આવકાર્યા હતા. સંસ્થાના સેક્રેટરી અને ઝોનચેરમેન હાડાભા જામે આ અંગે જરૂરી વ્યવસ્થા સંભાળી હતી. આ કેમ્પમાં લાયન્સ કલબના ડિસ્ટ્રિકટ ચેરમેન પરેશભાઈ મહેતા, તેમજ દર્શનાબેન મહેતા, મહેન્દ્રભાઈ જોષી, મનસુખભાઈ નકુમ, નિમિષાબેન નકુમ તેમજ ડો. સાગરભાઈ ભુતે ઉપસ્થિત રહી, લાભાર્થીઓને માર્ગદર્શન આપીને કેમ્પને સફળ બનાવવા નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ કેમ્પમાં વિનામૂલ્યે નિદાન તથા સારવારનો લાભ લઈ, દર્દીઓએ રાહત સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

રાજ્યમાં બુટલેગરોની શાન ઠેકાણે લાવવા ગુજરાત સરકારે કડક કાયદાઓ બનાવ્યા છે : ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી

વર્ષ-૨૦૨૧માં દારૂ સહિત રૂા.૧૨૩ કરોડથી વધુ કિંમતનાં મુદ્દામાલ મળી ૧.૬૭ લાખથી વધારે કેસ કરી ૧.૬૭ લાખથી વધુ આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલ્યા : ૯૨૦થી વધારે બુટલેગરોની પાસા હેઠળ અટકાયત કરાઇ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૯

બોટાદમાં ઝેરી કેમિકલથી થયેલા નિર્દોષ નાગરિકોના મૃત્યુની ઘટના અત્યંત દુઃખદ છે. મૃતક નાગરિકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આ ઘટનાની જેવી જાણ થતા જ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એક ક્ષણનો પણ વિલંબ કર્યાવગર સરકારનું પોલીસ તંત્ર, આરોગ્ય વિભાગ તથા અન્ય સંબંધીત તમામ વિભાગો એકશનમાં આવી ગયા અને ત્વરીત કામગીરી હાથ ધરી છે. જે ગામોમાં આ ઘટના બની છે એ ગામોમાં સઘન તપાસ કરવામાં આવી છે. જે લોકોએ ઝેરી કેમિકલયુક્ત પીણાનું સેવન કર્યું હતું એવા લોકોને શોધી શોધીને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. એટલું જ નહિ, જે લોકોની હાલત ગંભીર હતી એવા લોકોને અમદાવાદ સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે તાત્કાલિક ખસેડીને ત્વરીત સારવાર અપાઈ છે. અતિ ગંભીર લોકોના તાત્કાલિક ડાયાલીસીસ પણ કરવામાં આવ્યા છે અને આ રીતે મૃત્યુંનો આંક ન વધે તેવા તમામ જરૂરી પગલા રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યા છે. ગ્રહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં બુટલેગરોની શાન ઠેકાણે લાવવા માટે ગુજરાત સરકારે બનાવેલા કડક કાયદા અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું કે, બુટલેગરોની કમર તોડવાના મક્કમ ઈરાદા સાથે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯માં સુધારો કરી વર્ષ-૨૦૧૭થી આ કાયદાને વધુ કડક બનાવી દેવામાં આવ્યો છે. ક્વોલિટી કેસમાં સંડોવાયેલા આરોપીઓની સજામાં વધારો કરી સેશન ટ્રાયેબલ કરવામાં આવ્યા અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલા વાહનને જપ્ત કરવા અંગે પણ જોગવાઈ કરવામાં આવી. એટલું જ નહિ, એકકરતા વધુ વખત આ પ્રકારના ગુના આચરનાર તત્વોને ગ્રેડેડ પનિશમેન્ટ માટેની કડક જોગવાઈ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, બરવાળા પોલીસ સ્ટેશનમાં કલમ ૩૦૨, ૩૨૮, ૧૨૦(બી), ૬૫(એ), ૬૭-૧(એ) મુજબ દાખલ કરવામાં આવેલા ગુનામાં ઝીણવટભરી તપાસ કરતાં ૧૪ આરોપીઓની સંડોવણી ધ્યાને આવી છે જેમાંથી ૧૨ આરોપીઓની ધરપકડ કરી દેવામાં આવી છે. તે જ પ્રમાણે રાણપુર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા આ ગુનામાં પણ ૧૧ આરોપીઓની સંડોવણી ધ્યાને આવી છે જેમાંથી ૦૯ આરોપીઓની ધરપકડ કરાઇ છે. ભાવનગર ખાતે સર ટી. હોસ્પિટલ, પુનિત હોસ્પિટલ, બજરંગદાસ હોસ્પિટલ તેમજ સોનાવાલા હોસ્પિટલ, બોટાદ ખાતે કુલ ૫૮ દર્દીઓ દાખલ છે જેમાંથી ૫૬ દર્દીઓની સ્થિતિ સામાન્ય છે જ્યારે ૨ દર્દીઓની સ્થિતિ ગંભીર જણાયેલ છે. સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે કુલ ૩૯ દર્દીઓ સારવાર હેઠળ છે અને તમામની સ્થિતિ સામાન્ય છે. મંત્રીએ ઉમેર્યું કે, ગેરકાયદેસર દેશી અનેભારતીય બનાવટના વિદેશી દારૂના ઉત્પાદન, સંગ્રહ, હેરાફેરી, વેચાણ અને પીવાવાળા વિરૂધ્ધ ગુજરાત પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૧માં રૂા.૧૨૩ કરોડથી વધુ કિંમતનાં દારૂ, વાહનો અનેઅન્ય મુદ્દામાલમળી ૧.૬૭લાખથી વધારે કેસો સાથે ૧.૬૭ લાખથી વધુ આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલવામાં આવ્યા હતા. તે ઉપરાંત ૯૨૦થી વધારે બુટલેગરોની **PASA** અધિનિયમ હેઠળ અટકાયત કરી સઘન કાર્યવાહિ કરવામાં આવી છે. ગુજરાત પોલીસ દ્વારા બુટલેગરોની યાદી તૈયાર કરી તે તમામની ગતિવિધીઓ ઉપર ચાંપતી નજર રાખી, ઉત્પાદન, સંગ્રહ, હેરાફેરી, વેચાણ અને પીવાવાળા વિરૂધ્ધ સતત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. મંત્રીએ વધુમાં કહ્યું કે, પોલીસ વિભાગનાં સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા ગેરકાયદેસર દેશી અનેભારતીય બનાવટનો વિદેશી દારૂના ઉત્પાદન, સંગ્રહ, હેરાફેરી અને વેચાણ અંગે શહેર તેમજ જીલ્લા પોલીસ દ્વારા થતી કાર્યવાહી ઉપર પણ સતત મોનિટરીંગ કરવામાં આવે છે. મંત્રી સંઘવીએ ઉમેર્યું કે, દારૂ અને અન્ય વ્યસનોની મુક્તિ માટે રાજ્ય સરકાર દ્વારા જનજાગૃતિ કાર્યક્રમો અને વ્યસન મુક્તિ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. તા.૨૫મી જુલાઈ-૨૦૨૨ અને તે પછીના ૨-દિવસોમાં બોટાદ અને અમદાવાદ (ગ્રામ્ય) જીલ્લાઓમાં ઈન્ડસ્ટ્રીયલ સ્ટાન્ડર્ડ મિથેનોલ પીવાથી ૪૧ વ્યક્તિઓના મૃત્યું થયા છે. રાજ્યમાં સખત કાયદાકીય જોગવાઈ અને ગુજરાત પોલીસ દ્વારાતેની કડક અમલવારીહોવા છતાં કેટલાક ગુનેગારો દ્વારા ઈન્ડસ્ટ્રીયલ સ્ટાન્ડર્ડ મિથેનોલની ચોરી કરી, નિર્દોષ નાગરીકોના જીવ લેવાનું ગુનાહિત ષડયંત્ર રચી, દારૂના નામે ઈન્ડસ્ટ્રીયલ સ્ટાન્ડર્ડ મિથેનોલમાં પાણી ભેળવી તેને વેચવાનો ગુનો આચર્યો છે. આ ઘટનામાં અસરગ્રસ્ત થયેલા તમામ લોકોને તાત્કાલીક શ્રેષ્ઠ કક્ષાની તબીબી સારવાર મળી રહે તે માટે વ્યવસ્થાઓ રાજ્ય સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે. હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યુ કે, સમગ્ર ઘટનામાં ઝડપી ડિટેકશન અને તટસ્થ ઈન્વેસ્ટિગેશન માટે સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, સ્ટેટ મોનિટરીંગ સેલ અને **ATS**ના ચુનંદા અધિકારીઓની ખાસ ટુકડીઓની રચના કરવામાં આવી છે. આ ટીમોને ગણતરીના કલાકોમાં આ કેમિકલયુક્ત પ્રવાહી તૈયાર કરવાથી લઈ વેચવાવાળા સુધીના ગુનાહિત કૃત્યમાં સંડોવાયેલા આરોપીઓને શોધી કાઢી તે તમામની ધરપકડ કરવામાં સફળતા મળી છે તેમજ કુલ ૫૫૦ લીટર જેટલું કેમીકલ રીકવર કરવાની સરાહનીય કામગીરી કરનાર આ તમામ અધિકારીઓને મંત્રીએ અભિનંદન પાઠવ્યા હતાં. મંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસને બદનામ કરવાના ઈરાદેથી કરવામાં આવેલા આ કૃત્ય સંદર્ભે ૩ ગુના નોંધવામાં આવ્યા છે અને તે અંગે ઝડપી તપાસ કરી, ફસ્ટટ્રેક ટ્રાયલ ચલાવી, તેમને કડકમાં કડક સજા કરાવવા તથા મૃતકોના પરિવારોને ન્યાય અપાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે. સમગ્ર ઘટનાની તલસ્પર્શી તપાસ કરવા માટે ૩ સભ્યોની સમિતીની રચના કરવામાં આવી છે અને તેઓ સર્વગ્રાહી તપાસ કરી બનાવ બનવા અંગેના સંજોગો, બનાવ અંગે પોલીસ તથા અન્ય વિભાગોની જવાબી કાર્યવાહીની યોગ્યતા ચકાસી ખામીઓ અને તે માટે જવાબદાર લોકો બાબતે અહેવાલ પાઠવશે. જેના આધારે રાજ્ય સરકાર દ્વારા જરૂરી સુધારાત્મક અને શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

તંત્રી લેખ

લઠ્ઠાકાંડ : દારૂનાં દુષણની સમસ્યાનો યોગ્ય 'ઉકેલ' જરૂરી

દારૂ પીવે પુરૂષ અને ભોગવે મહિલાઓ, ઘરની સ્ત્રીઓ ઉપર અત્યાચાર પણ થાય અને આવું બને ત્યારે તો મહિલાઓ નિરાધાર બની જાય. દારૂનું દૂષણ ડામવા માટે બહેનોએ જ બહાર આવવું જોઈએ. પરંતુ સ્થિતિ તો જુદી છે. એ સમય હતો જ્યારે દારૂના વિરોધમાં બહેનો આંદોલન કરતા આજે તો અનેક વિસ્તારમાં દારૂના ધંધામાં બહેનો છે. ફક્ત પોલીસ ઉપર આ મુદ્દો છોડીને આપણે છટકી નહીં શકીએ. આપણી પોતાની પણ જવાબદારી તો બનશે. આસપાસ દારૂનો કોઈ ધંધો કરતું હોય તો આપણે પોતે એ બંધ કરાવવા ન જઈ શકીએ પરંતુ જવાબદારોને જાણ તો કરી શકીએ. જો કે ત્યાં ફરી પેલો પ્રશ્ન આવશે કે પોલીસ હમા લે છે. લઠ્ઠાકાંડમાં કોઈ વ્યક્તિ મરે એટલે મૃત્યુંનો શોક ઓછો નથી થતો પરંતુ જવાબદારી એની પોતાની પણ ગણી તો શકાય અને એટલે આ જ આ પ્રશ્ન ઉઠે કે, આ સમસ્યા આખરે સામાજિક છે રાજકીય છે કે કાનુની છે. અહીં સરકાર અને પોલીસનું ઉપરાણું લેવાનો કોઈ આશય નથી. રાજ્યમાં કાનુની રીતે દારૂબંધી અમલી છે છતાં મોટા શહેરોમાં અને નાના ગામોમાં બેફામ દારૂ પીવાય છે તે સૌ કોઈ જાણે છે. મેટ્રોમાં પણ દારૂનું દૂષણ છે અને પછાત વિસ્તાર કે ગામડામાં પણ આ દૂષણ છે. હમણાં તો એક બરવાળા ગામમાં સરપંચે ઢોલ પીટીને દારૂબંધીનો અમલ કરાવવા માટે લોકોને અનુરોધ કર્યો હતો. દારૂબંધીનો અમલ પોલીસ કહેવા ખાતર જ કરાવે છે. લાખો કરોડો રૂપિયાનો દારૂ ઘૂસે છે. લાખોનો પકડાય છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી દારૂ ગુજરાતમાં આવી જાય છે. કાં તો કાર્યવાહી બતાવવા માટે બુટલેગરો સાથે સેટિંગ કરીને અમુક સમયે પોલીસ દારૂનો જથ્થો જપ્ત કરે અથવા તો જે કંઈ વ્યવહાર ચાલુ હોય એમાં સેટ ન થાય એટલે ઝડપાય. પોલીસની મરજી વગર દારૂ ગુજરાતની હદમાં આવી શકે નહીં એ સ્પષ્ટ વાત છે. એવું જ શહેર કે ગામમાં ધમધમતા દેશી દારૂની ભઠ્ઠાનું છે. રાજકોટ, ભાવનગર, જામનગરથી લઈને નાના નાના ગામોમાં દારૂ ગાળવાની ભઠ્ઠી ધમધમતી હોય અને અનેક વિસ્તારમાં દારૂ વેંચાય છે. હવે આ એક પ્રકરણ થયું એટલે પોલીસે ધોંસ બોલાવવાનું શરૂ કર્યું. મૃત્યું ન થાય ત્યાં સુધી કોઈએ જાગવાનું જ નહીં, હવે અહીં વાત થોડી બદલાય. કે પોલીસની તો જવાબદાર બને જ પરંતુ લોકો પોતે એટલું ન સમજે કે આ તદ્દન ઝેર જ છે. ૨૦ રૂપિયા-૩૦ રૂપિયામાં દારૂ મળતો પદાર્થ કેવો હોય ? સમાજમાં, કુટુંબમાં આ પ્રકારના પીણાનો વિરોધ કેમ ન થાય ? કોઈ સમાજ જ આગળ આવી શકે કે અમે અમારા ગામમાં આ નહીં ચાલવા દઈએ. થોડા થોડા સમયે આવી કોઈ ઘટના, કોઈ પ્રકરણ બને છે અને લઠ્ઠાકાંડ બહાર આવે છે. બધા ત્યારે જાગે અને પછી બધું થાળે પડી જાય. ગુજરાતમાં ચૂંટણી નજીક છે. લઠ્ઠાકાંડનો લાભ લેવા રાજકીય હોડ જામી છે. ભાજપે તો લઠ્ઠાકાંડ વિષય ઉપર ટીવીની ડિબેટમાં પોતાના માણસોને જવાની ના કહી દીધી. સૌથી સારૂ, જાહેરમાં ચર્ચા જ કરવાની નહીં. કોંગ્રેસ સતત આક્ષેપ કરી રહી છે કે, સરકારની ઢીલી નીતિ, પોલીસના ભ્રષ્ટાચારને લીધે આવું થયું. રાજકીય દાવ બધા લેવા માંડ્યા છે. કોંગ્રેસના નેતાઓ અંતિમયાત્રામાં પહોંચી ગયા. પરંતુ આ માત્ર રાજકીય દલીલો અને આક્ષેપોનો મુદ્દો નથી. રાજ્યમાં હજી ક્યાંક ક્યાંક કોંગ્રેસના ધારાસભ્યો, કોર્પોરેટરો છે. સૌથી પહેલાં તો એમણે નીકળી પડવું જોઈએ અને પોતાના વિસ્તારમાં ક્યાંય દારૂનું દૂષણ તો નથી અને એની ખાતરી કરવી જોઈએ. બધા આક્ષેપ કરી રહ્યા છે. આવું ન થવું જોઈએ એવી જવાબદારી લેવા કોઈ તૈયાર નથી. શાસકપક્ષ ભાજપની આ પરીક્ષા છે. પેપર ફોડવાના પ્રકરણમાં તો ભાજપ સાથે સંકળાયેલા લોકોના નામ ખૂલ્યાં હતાં પરંતુ તેઓ છૂટી ગયા હતા. આ દારૂ વેંચાણને લીધે તો માણસોના જીવ ગયા છે. અહીં જવાબદાર પોલીસ અધિકારીઓ ઉપરાંત ઉચ્ચ અધિકારીઓ સામે પણ પગલાં લેવાય તો જ સ્થિતિમાં કોઈ ફેર પડશે. પરંતુ રાજકારણ તો આખરે રાજકારણ છે. અને એમાં બધાની કોઈને કોઈ જરૂર પડતી હોય છે. ૨૫થી પણ વધારે લોકોના મોત આ લઠ્ઠો કે કેમિકલ પીવાથી થયાં છે. શું આવા ઝેરી પદાર્થને હેરાફેરી આટલી સહેલાઈથી થઈ શકે, એ સવાલ પણ અગત્યનો છે. આપણે તો એટલું જ ઈચ્છીએ કે જ્યાં લોકોના જીવનો, સ્વાસ્થ્યનો સવાલ હોય ત્યાં પોલીસ, નેતા, વિરોધપક્ષના નેતા કે કોઈ પણ હોય એમણે સ્વાર્થ છોડીને સૌનું ભલું થાય એ રીતે વર્તવું જોઈએ. દારૂનું દૂષણ ફક્ત રાજકીય મુદ્દો પણ નથી, માત્ર સામાજિક પણ નથી અને માત્ર કાયદાથી પણ એનો ઉકેલ નહીં આવે. આ ત્રણેય ક્ષેત્ર સાથે મળીને આ સંદર્ભે કામ કરશે ત્યારે સમસ્યા ઉકેલાશે. અહીં જવાબદાર પોલીસ અધિકારીઓ ઉપરાંત ઉચ્ચ અધિકારીઓ સામે પણ પગલાં લેવાય તો જ સ્થિતિમાં કોઈ ફેર પડશે. પરંતુ રાજકારણ તો આખરે રાજકારણ છે. અને એમાં બધાની કોઈને કોઈ જરૂર પડતી હોય છે. ૫૦થી પણ વધારે લોકોના મોત આ લઠ્ઠો કે કેમિકલ પીવાથી થયાં છે. શું આવા ઝેરી પદાર્થની હેરાફેરી આટલી સહેલાઈથી થઈ શકે, એ સવાલ પણ અગત્યનો છે. આપણે તો એટલું જ ઈચ્છીએ કે જ્યાં લોકોના જીવનો, સ્વાસ્થ્યનો સવાલ હોય ત્યાં પોલીસ, નેતા, વિરોધપક્ષના નેતા કે કોઈ પણ હોય એમણે સ્વાર્થ છોડીને સૌનું ભલું થાય એ રીતે વર્તવું જોઈએ. દારૂનું દૂષણ ફક્ત રાજકીય મુદ્દો પણ નથી, માત્ર સામાજિક પણ નથી અને માત્ર કાયદાથી પણ એનો ઉકેલ નહીં આવે. આ ત્રણેય ક્ષેત્ર સાથે મળીને આ સંદર્ભે કામ કરશે ત્યારે જ આ સમસ્યા ઉકેલાશે. દારૂ ગુજરાત સિવાય દરેક રાજ્યોમાં પીવાય છે તેના કરતા દરેકને મળતો થાય તો ઝેરી દારૂ પીવાનું બંધ થશે તેમજ ગુજરાતનાં આગેવાન શંકરસિંહ વાઘેલા ખુલ્લે આમ કહે છે.

ભારતને વૈશ્વિક ફલક ઉપર રમત-ગમતનું પાવર હાઉસ બનાવવા માટે

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની ઇન્ડિયન ઓલિમ્પિક એસોસીએશન સાથે ઓલિમ્પિક્સ, કોમનવેલ્થ અને એશિયન ગેમ્સ માટે ભાગીદારી

પેરિસમાં ઓલિમ્પિક ૨૦૨૪ રમતોત્સવમાં પહેલીવાર ઈન્ડિયા હાઉસની યજમાની કરવામાં આવશે, 'રમતગમતના વૈશ્વિક ફલક ઉપર ભારત કેન્દ્રસ્થાન મેળવે એ આપણું સપનું છે' : નીતા એમ. અંબાણી

(પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ તા.૨૯

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને ઈન્ડિયન ઓલિમ્પિક એસોસીએશને ભારતીય એથ્લિટ્સના પ્રદર્શનને બહેતર બનાવવા, રાષ્ટ્રીયસ્તરના સ્પોર્ટ્સ ફેડરેશનોને મદદ પૂરી પાડવા અને ભવિષ્યમાં ઓલિમ્પિક્સ રમતોત્સવની યજમાની કરવાની નેમ સાથે ભારતને રમત ગમતમાં વૈશ્વિક ફલક ઉપર અદકેરૂ સ્થાન અપાવવા માટે લાંબા ગાળાની ભાગીદારીની જાહેરાત કરી છે. આ ભાગીદારી હેઠળ **RIL** અને **IOA** પેરિસ ખાતે વર્ષ ૨૦૨૪માં યોજાનારા ઓલિમ્પિક્સમાં પહેલીવાર ઈન્ડિયા હાઉસ તૈયાર કરશે. **IOA**ના મુખ્ય ભાગીદાર તરીકે **RIL** કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ અને ઓલિમ્પિક્સ ગેમ્સ સહિતની મહત્વની મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટ્સમાં ભારતીય એથ્લેટ્સને મદદ પૂરી પાડશે. ઉપરાંત, ઓલિમ્પિક હોસ્પિટાલિટી હાઉસ એ રમતોની પરંપરા છે અને પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિક્સમાં ભારતનું પ્રથમ ઓલિમ્પિક હાઉસ એ એક ઐતિહાસિક સીમાચિહ્ન બની રહેશે. ઘરથી દૂર આ ઘરની સ્થાપના કરવી અને વિશ્વ સ્તરની રમતગમતની ટોચની ઈવેન્ટમાં ભારતને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવું એ ઓલિમ્પિક ચળવળ પ્રત્યે **RIL**ની પ્રતિબદ્ધતાનું વધુ એક ઉદાહરણ છે. **IOC**ના સભ્ય અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર નીતા એમ. અંબાણીએ જણાવ્યું કે, "ભારત વૈશ્વિક ક્ષેત્રે રમતગમતમાં કેન્દ્ર સ્થાને બિરાજે તે અમારૂ સપનું છે. **IOA** સાથેની અમારી ભાગીદારી રિલાયન્સ ફાઉન્ડેશનની વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ અને તકો દેશભરના યુવા રમતવીરોને સમર્થન અને તેમનું સશક્તિકરણ કરવાની ઊંડી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. અમે ૨૦૨૪માં પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં સૌપ્રથમવાર ઈન્ડિયા હાઉસની યજમાની કરવા માટે પણ ખૂબ જ ઉત્સાહિત છીએ. ઈન્ડિયા હાઉસ ભારતની અપાર પ્રતિભા, ક્ષમતા અને આકાંક્ષાને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવાની ઉત્તમ તક પૂરી પાડશે!" **IOA**ના સેક્રેટરી જનરલ રાજીવ મહેતાએ કહ્યું કે, "ભારતીય ઓલિમ્પિક એસોસીએશન સાથેની આ ભાગીદારી માટે અને ભારતીય રમતોને ટેકો આપવા તથા બાળકોની આગામી પેઢીને ઓલિમ્પિક ચળવળમાં જોડાવા માટે પ્રેરિત કરવામાં વર્ષોથી સતત સમર્થન આપવા બદલ હું રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને નીતા અંબાણીનો આભાર માનું છું. પેરિસ ૨૦૨૪માં ઈન્ડિયા હાઉસ હોવું એ એક મહત્વપૂર્ણ પ્રસંગ હશે. ઓલિમ્પિક ચળવળ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને દોહરાવવામાં આ એક મોટું પગલું છે. "પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકની તૈયારીના ભાગરૂપે ભારત જૂન ૨૦૨૩માં મુંબઈમાં અત્યાધુનિક જિયો વર્લ્ડ સેન્ટર ખાતે ૧૪૦માં પ્રતિષ્ઠિત **IOC** સત્રનું પણ આયોજન કરશે. **IOC** સત્ર આપણી આઝાદીના ૭૫મા વર્ષ સાથે પણ સુસંગત છે, તે ભારતમાં રમતગમતની ભૂમિકા ઉપર પ્રકાશ પાડશે અને ઓલિમ્પિક ચળવળમાં ભારતના યોગદાનની ઉજવણી કરશે. મે ૨૦૨૨માં ભારતનો પ્રથમ 'ઓલિમ્પિક વેલ્યૂ એજ્યુકેશન પ્રોગ્રામ' (**OVEP**) ઓડિશામાં શરૂ કરવામાં આવ્યો હતો, જે ઓલિમ્પિઝમના મુખ્ય મૂલ્યોને સ્થાપિત કરવા માટે શિક્ષણ અને રમતગમતની સંયુક્ત શક્તિનો ઉપયોગ કરે છે. **OVEP**એ **IOC** દ્વારા યુવાનોને શ્રેષ્ઠતા, આદર અને મિત્રતાના ઓલિમ્પિક મૂલ્યોનો પરિચય કરાવવા માટે રચાયેલા સંસાધનોનો વ્યવહારૂ સમૂહ છે. આ કાર્યક્રમનો હેતુ બાળકોને સક્રિય, સ્વસ્થ અને જવાબદાર નાગરિક બનવામાં મદદ કરવા માટે મૂલ્યો આધારિત આ અભ્યાસક્રમનો પ્રસાર કરવાનો છે. વર્ષ ૨૦૧૬ના રિયો ઓલિમ્પિકમાં ૫૦થી વધુ રાષ્ટ્રોએ તેમના દેશના વિશિષ્ટ હોસ્પિટાલિટી હાઉસની સ્થાપના કરી હતી, જેમાં તેમના દેશના સાંસ્કૃતિક અને રમતગમતના ઈતિહાસનું સંયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં ભારતને તેનું પ્રથમ હાઉસ મળશે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અનાશક્ત મનુષ્ય કર્મ કરવા છતાં પણ તે કર્મબંધનમાં નથી પડતો.

- યોગ વશિષ્ઠ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૧, મુ. જિલ્હજ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, શ્રાવણ સુદ-૧ ઈષ્ટી, ચંદ્રદર્શન, શ્રાવણ માસ આરંભ, શિવ પૂજા પ્રારંભ, જીવન્તિકા પૂજન, નક્તવ્રત પ્રારંભ તા.૨૯ જુલાઈ ૨૦૨૨, શુક્રવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૨૯, પુષ્ય નક્ષત્ર, સિધ્ધિ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૬:૨૧, સૂ.અ.૭:૩૪

આજનો દિવસ સવારે ૯:૫૬ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ :	માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
વૃષભ:	જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસો વહાણ ન ચલાવવું.
મિથુન:	પાડવા-વાગવાથી સાંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
કર્ક :	પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
સિંહ:	લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
કન્યા:	પ્રિયજનથી મુલાકાત સફળ રહે. રચનાત્મક કાર્યમાં મન પરોવાય.
તુલા :	યશ, માન, કીર્તિમાં વધારો થાય. જોઈને છેતરાવવાનો પ્રસંગ બને.
વૃશ્ચિક:	જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્નેહિજનોથી વિશેષ સ્નેહ રહે.
ધન :	ભાગીદારીથી આર્થિક લાભ. પાડવા-વાગવાથી સાંભાળવું.
મકર :	નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
કુંભ :	સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મનમાં આનંદનો અનુભવ થાય.
મીન :	કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

રૂંઢમાળાની કથા



શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

એક વાર પ્રસન્નચિત્ત બેઠેલા શિવજીને માતા પાર્વતીજીએ પ્રશ્ન પુછ્યો, હે નાથ તમે રૂંઢમાળા એટલે કે ખોપરીઓની માળા ધારણ કરો છો જ્યારે અન્ય દેવો હીરા-મોતી જેવા કિંમતી ઝવેરાતો અને સુવર્ણના ઘરેણા ધારણ કરે છે. તમને આ ખોપરીઓની માળા કેમ આટલી બધી પ્રિય છે ? તેનું રહસ્ય મને જણાવો. દેવાધિદેવ શિવજી માતા પાર્વતીજીના મુખેથી આ અચાનક પુછાયેલા પ્રશ્નને સાંભળીને ખડખડાટ હસી પડાયું. શિવજી બોલ્યા, દેવીએ જાણવાની તમારે શી જરૂર છે ? મને તે અત્યંત પ્રિય છે તેથી તેને હું ધારણ કરૂ છું. તમે તો મારા અર્ધાંગીની છો. તમારે મને આવા પ્રશ્નો ન પુછવા જોઈએ. ત્યારે પાર્વતી માતા એક ના બે ન થયા. તેમણે રીતસરની હઠ પકડી આજે તો તમે મને એ જણાવો જ કે તમે હાડકાંના હારડા શા માટે ધારણ કરો છો ? શિવજી સમજી ગયા કે નક્કી આ આગ નારદજી જ લગાડી ગયા લાગે છે. તેમણે પાર્વતી માતાને પ્રશ્ન પુછ્યો, આજે હું વનવિહાર કરવા ગયો ત્યારે અહીં કોઈ આવ્યું હતું ? માતા પાર્વતીએ જવાબ આપ્યો, હા, મહર્ષિ નારદજી આવ્યા હતા. તેમણે જ આ પ્રશ્ન મને પુછ્યો. તેઓએ બધા દેવોને આ રહસ્ય પુછ્યું. પરંતુ કોઈનેય તેનો ઉત્તર ન મળ્યો. તેથી પોતાની જીજ્ઞાસા સંતોષવા માટે આ પ્રશ્ન નારદજીએ મને પુછ્યો. ત્યારે મેં પણ અન્ય દેવોની જેમ જણાવ્યું કે, 'આ રહસ્ય વિષે તો મને પણ કંઈ જાણ નથી.' ત્યારે મને નારદજીએ કહ્યું, 'તમે તેમના અર્ધાંગિની છો અને તમેય તે રહસ્યને નથી જાણતા ?' આમ કહી માતા પાર્વતીએ ઝડપથી આ રહસ્યને પ્રગટ કરવા શિવજીને વિનંતી કરી. આખરે સ્ત્રીહઠ પાસે ઝુકી ગયેલા દેવાધિદેવ મહાદેવે તેનું રહસ્ય જણાવતા કહ્યું, 'દેવી' આ જેટલી ખોપરીઓ છે તેટલા તમારા અવતાર થયા છે. તમારા દરેક અવતારની ખોપડીને મેં મારા આ રૂંઢમાળામાં પોરવી દીધી છે. તમારાથી વધારે આ જગતમાં મને બીજું કઈ નથી. તમે મારા હૃદયેશ્વરી છો. તમારા દરેક અવતારના દેહવિલય બાદ તેની ખોપરી હું લઈ મારા આ હારમાં પોરવતો આવ્યો છું. તેના વડે જ મને હૃદયની સાચી શાંતિ પ્રાપ્ત થાય છે.' શિવજીના મુખેથી આ રહસ્ય સાંભળી અને સતી પાર્વતી તો વ્યથિત થઈ ગયા. તેમણે મહાદેવજીને કહ્યું, 'તમે અજરઅમર છો અને મારે અવતાર ધારણ કરવા પડે છે ? હું પણ તમારી જેમ જ અમર કેમ ન બનું ? હું તમારી અર્ધાંગીની છું. મારે પણ આ જન્મજન્માંતરના ફેરામાંથી છુટવું છે.' ત્યારે ભગવાન શિવજી બોલ્યા, 'તમે તો માયાનું જ સ્વરૂપ છો. માયા ક્યારેય પણ અમર રહેતી નથી. જો તમારે અમર બનવું હોય તો અમર કથા સાંભળવી પડે. તે અમર કથા કોઈ એકાંત સ્થાનમાં જ સંભળાવી શકાય અને પાર્વતી અમર કથા સાંભળવા તત્પર થયા. આમ, શિવજીએ રૂંઢમાળા ધારણ કરવા પાછળનું રહસ્ય માતા પાર્વતીજીની સામે પ્રગટ કર્યું.

મતદારોને પ્રભાવિત કરવા અને 'મફત આપવાના' વચન ઉપર અંકુશ માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્રને માર્ગ શોધવા કહ્યું

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે મતદારોને પ્રભાવિત કરવા માટે મફતના વચનો આપતા રાજકીય પક્ષોના મુદ્દાને ગંભીર ગણાવ્યો હતો અને કેન્દ્ર સરકારને આ બાબતની તપાસ કરવા જણાવ્યું હતું જેથી મતદારોને પ્રેરિત કરતાં મફતના વચનોને નિયંત્રિત કરી શકાય. મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમન્નાની આગેવાની હેઠળની બેન્ચે કેન્દ્રને નાણાપંચ પાસેથી એ જાણવા માટે કહ્યું કે, શું રાજ્ય સરકારો અને રાજકીય પક્ષોને મતદારોને પ્રેરિત કરવા માટે અતાર્કિક મફતના વચનો આપવા અને તે વિતરણ કરવાથી રોકવાની કોઈ શકયતા વિચારી શકાય છે કે કેમ. ન્યાયમૂર્તિ કૃષ્ણ મુરારી અને હિમા કોહલીની બનેલી બેન્ચે કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા નટરાજને કહ્યું હતું કે, ફ્રીબીઝ (મફત વિતરણ) ચાલુ રાખવું જોઈએ કે નહીં તે અંગે તમે તમારું વલણ દર્શાવો. બીજી તરફ ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ કરતા વકીલે રજૂઆત કરી હતી કે અગાઉના ચુકાદાઓમાં એવું માનવામાં આવતું હતું કે ચૂંટણી ઢંઢેરો એ રાજકીય પક્ષના વચનોનો ભાગ છે. આના ઉપર બેન્ચે જવાબ આપ્યો કે. અમે મતદારોને લાંચ આપવા માટે મફતમાં આપીએ છીએ. હવે જો તમે કહો છો કે તમારા હાથ બંધાયેલા છે, તો ભારતના ચૂંટણી પંચનો હેતુ શું છે ? આ વર્ષે એપ્રિલમાં ECએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, ચૂંટણી પહેલાં અથવા પછી મફતમાં ઓફર કરવી એ રાજકીય પક્ષનો નીતિગત નિર્ણય છે અને તે રાજ્યની નીતિઓ અને પક્ષો દ્વારા લેવામાં આવેલા નિર્ણયોનું નિયમન કરી શકતું નથી. ECના વકીલે સૂચવ્યું હતું કે કેન્દ્ર સરકાર આ મુદ્દાને ઉકેલવા માટે કાયદો લાવી શકે છે, પરંતુ નટરાજે સૂચવ્યું કે તે ECના ડોમેન હેઠળ આવે છે. નટરાજની રજૂઆતો પછી બેન્ચે કેન્દ્ર સરકારને આ બાબતે સ્ટેન્ડ લેવા જણાવ્યું હતું. તેણે કહ્યું કે, તમે કેમ નથી કહેતા કે તમને તેની સાથે કોઈ લેવાદેવા નથી અને ECIએ ફોન કરવો પડશે ? હું પૂછું છું કે શું ભારત સરકાર વિચાર કરી રહી છે કે તે ગંભીર મુદ્દો છે કે નહીં ? તમે તમારું વલણ જાહેર કરતાં કેમ અચકાઈ રહ્યા છો ? તમે સ્ટેન્ડ લો અને પછી અમે નક્કી કરીશું કે આ ચાલુ રાખવું કે નહીં. આ સમયે બેન્ચે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ જેઓ અન્ય મુદ્દા માટે કોર્ટરૂમમાં હાજર હતા તેઓને પૂછ્યું કે, શ્રીમાન સિબ્બલ તમે વરિષ્ઠ સંસદસભ્ય છો. તમારો મત શું છે ? આ મફત વસ્તુઓને કેવી રીતે નિયંત્રિત કરવી જોઈએ ? સિબ્બલે કહ્યું કે, મફત આપવું એ ગંભીર મુદ્દો છે અને તેની જવાબદારી કેન્દ્ર સરકાર ઉપર નાખવી યોગ્ય નથી. તેમણે કહ્યું કે, આ મુદ્દાને રાજ્ય સરકારના સ્તરે ઉકેલવાની જરૂર છે અને નાણાપંચની કુશળતાનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું હતું. નાણાપંચ એક સ્વતંત્ર સંસ્થા હોવાનું ટાંકીને સિબ્બલે ઉમેર્યું હતું કે, રાજ્યોને ફાળવણી કરતી વખતે, તે દરેક વ્યકિતગત રાજયના દેવાની તપાસ કરી શકે છે અને તે તપાસ કરી શકે છે કે, શું મફતની ઓફર વ્યવહારૂ છે કે નહીં. ત્યારબાદ બેન્ચે નટરાજને કહ્યું કે, કૃપા કરીને નાણાપંચ પાસેથી જવાબ મેળવો. સુપ્રીમ કોર્ટે આ મામલાની વધુ સુનાવણી ૩ ઓગસ્ટના રોજ નક્કી કરી છે. પિટિશનર એડવોકેટ અશ્વિની કુમાર ઉપાધ્યાયે આ મુદ્દાને ગંભીર ગણાવ્યો હતો અને રજૂઆત કરી હતી કે ECએ રાજય અને રાષ્ટ્રીય રાજકીય પક્ષોને આવી વસ્તુઓ મફતમાં આપવા ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ. ઉપાધ્યાયે કુલ રૂા.૬.૫ લાખ કરોડનું દેવાને ટાંકીને કહ્યું હતું કે, વ્યાજબી વચન હોવું જોઈએ. અમે શ્રીલંકા બનવાના માર્ગ ઉપર છીએ. સર્વોચ્ચ અદાલત ચૂંટણી દરમ્યાન મફતમાં મતદારોને પ્રેરિત કરવા માટે રાજકીય પક્ષો દ્વારા કરાયેલી જાહેરાતો સામે ઉપાધ્યાય દ્વારા કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. એક એફિડેવિટમાં ECIએ કહ્યું હતું કે, ચૂંટણી પહેલાં અથવા પછી મફતમાં મતદારોને પ્રેરિત કરવા માટે રાજકીય પક્ષો દ્વારા કરાયેલી જાહેરાતો સામે ઉપાધ્યાય દ્વારા કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. એક એફિડેવિટમાં ECIએ કહ્યું હતું કે, ચૂંટણી પહેલાં અથવા પછી નક્કી કરવાનું છે. ચૂંટણી પંચ રાજ્યની નીતિઓ અને નિર્ણયોનું નિયમન કરી શકતું નથી અને વિજેતા પક્ષ જ્યારે સરકાર બનાવે છે ત્યારે તેઓ આ નિર્ણયો લઈ શકે છે. કાયદામાં જોગવાઈઓને સક્ષમ કર્યા વિના આવી કાર્યવાહી એ સત્તાનો અતિરેક હશે. ઉપાધ્યાયની પીઆઈએલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચૂંટણી પહેલાં જાહેર ભંડોળમાંથી અતાર્કિક મફતનું વચન અથવા વિતરણ કરવું એ મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીને અસર કરે છે અને ચૂંટણી પ્રક્રિયાની શુદ્ધતા જળવાતી નથી. આ અરજીમાં સર્વોચ્ચ અદાલત પાસેથી નિર્દેશ માંગવામાં આવ્યો હતો કે ચૂંટણી પહેલાં જાહેર ભંડોળમાંથી અતાર્કિક મફતનું વચન, જે જાહેર હેતુઓ માટે નથી, તે બંધારણની કલમ ૧૪, ૧૬૨, ૨૬૬(૩) અને ૨૮૨નું ઉલ્લંઘન કરે છે. અરજીમાં એવી દલીલ કરવામાં આવી હતી કે રાજકીય પક્ષ ઉપર એવી શરત લાદવી જોઈએ કે તેઓ જાહેર ભંડોળમાંથી અતાર્કિક મફતનું વચન અથવા વિતરણ નહીં કરે. ECએ જવાબ આપ્યો હતો કે તે એવી પરિસ્થિતિમાં પરિણમી શકે છે કે, રાજકીય પક્ષો તેમના ચૂંટણી પ્રદર્શન પહેલા જ તેમની માન્યતા ગુમાવી દેશે.

ઓરફિશ ૧૧ મીટર સુધીની લંબાઈ સુધી પહોંચી શકે છે

માછીમારોની જાળમાં ફસાઈ ૧૬ ફૂટની શ્રાપિત માછલી

લોકોમાં ચિંતા ઊભી થઈ હતી કારણ કે આ પ્રાણી પરંપરાગત રીતે સુનામી અને ભૂકંપ માટે અપશુકન તરીકે જોવામાં આવે છે

ચિલી, તા.૨૯

દુનિયામાં અનેક પ્રકારના જીવ છે. કેટલાક જીવોને પૌરાણિક પણ માનવામાં આવે છે. તમે તેમના વિશે ઘણી વાર્તાઓ વાંચી અને સંભાળી હશે. પણ રિયલ લાઈફમાં ભાગ્યે જ કોઈએ જોયું હશે. ચિલીના એરિકા રહેતા કેટલાક માછીમારોએ આવા જ એક જીવનો શિકાર કર્યો છે. આ પ્રાણી દેખાવમાં ફિલ્મોમાં બતાવેલા શાપિત પ્રાણી જેવું લાગે છે. આ માછલીનું કદ ખૂબ મોટું હોય છે અને તેને ઓરફિશ કહેવામાં આવે છે. ડેઈલી સ્ટારના અનુસાર, આ માછલી પાંચ મીટર (૧૬ ફૂટ)થી વધુ લાંબી હોય છે. ચિલીના દરિયાકિનારે તેને પકડવામાં આવી છે. આ સમાચાર મળતા જ આ માછલી જોવા લોકોની ભીડ જામી ગઈ હતી. ટિકટોક પર આનો એક વીડિયો પણ શેર કરવામાં આવ્યો હતો. જેને લાખો લોકોએ જોયો છે. તેના સ્ક્રીનશૉટ ભારતમાં શેર કરવામાં આવી રહ્યા છે. આ માછલીને હૂક સાથે ફસાયેલી બતાવવામાં આવી હતી, જેને ઘણા મજૂરો કેનથી ઉપર ઉઠાવી રહ્યા છે. આ પોસ્ટથી લોકોમાં ચિંતા ઉભી થઈ હતી કારણ કે આ પ્રાણી પરંપરાગત રીતે સુનામી અને ભૂકંપ માટે અપશુકન તરીકે જોવામાં આવે છે. આ બાબતે એક યુઝરે લખ્યું કે, ઓરફિશ ઊંડાણમાં જીવે છે. ટેક્ટોનિક પ્લેટો હલનચલન થાય ત્યારે તે સપાટી પર આવવા લાગતી હોવાનું કહેવાય છે. આ વિસ્તારના આસપાસના લોકોનું કહેવું છે કે, ટૂંક સમયમાં જ આ વિસ્તારમાં પણ ભૂકંપના આંચકા અનુભવાઈ શકે છે. ઘણા લોકોએ કોમેન્ટ બોક્સમાં તેને ડરામણી ગણાવી હતી. આવી સ્થિતિમાં કેટલાક ઈન્ટરનેટ યુઝર્સ આ પ્રાણી ઉપર આવતા પાણીની અંદરના ભૂકંપનો સંકેત મળ્યો હોવાનું માને છે. આઉટલેટ અનુસાર, આ માન્યતાના મૂળમાં દંતકથાઓ છે. જેમાં ઓરફિશ ભૂકંપ અને સુનામીનું અપશુકન માનવામાં આવે છે. પણ આ સિદ્ધાંતને વિજ્ઞાન દ્વારા ક્યારેય પુષ્ટિ મળી નથી. અહીં ઉલ્લેખનિય છે કે, ઓરફિશ ૧૧ મીટર સુધીની લંબાઈ સુધી પહોંચી શકે છે. તેઓ સામાન્ય રીતે ઊંડા પાણીમાં રહે છે અને જ્યારે તેઓ બીમાર હોય, મૃત્યુ પામે અથવા સંવર્ધન કરે છે ત્યારે જ સપાટી ઉપર આવે છે. આ માછલીને સ્પોટ કરવી દુર્લભ છે. એપ્રિલમાં ન્યુઝીલેન્ડના એક બીચ ઉપર ઓરફિશ મળી આવી હતી.

વિચારાધીન કેસોમાં જામીન આપો અથવા અમે જાતે નિર્ણય લઈશું : સુપ્રીમ કોર્ટની UP સરકાર અને હાઈકોર્ટને ચેતવણી

લખનૌ, તા.૨૯

સુપ્રીમ કોર્ટે સર્વોચ્ચ અદાલતના બ્લેન્કેટ જામીનના આદેશની ચેતવણી છતાં ૧૦ વર્ષથી વધુ જેલમાં બંધ ટ્રાયલ કેદીઓને મુક્ત કરવા માટે પગલાં ન લેવા બદલ ઉત્તરપ્રદેશ સરકારની ઝાટકણી કાઢી છે. કોર્ટે જામીન અરજીઓ ઉપર ઝડપથી નિર્ણય ન લેવા બદલ અલ્હાબાદ હાઈકોર્ટની પણ આકરી ટીકા કરી હતી. જસ્ટિસ એસ.કે. કૌલ અને એમ.એમ. સુંદરેશની બેન્ચે કહ્યું હતું કે, રાજ્ય સરકાર અને હાઈકોર્ટ સંવેદનશીલ નથી અને ઉમેર્યું હતું કે તે બોજ લેવા અને કેસોનો જાતે નિર્ણય લેવા માટે તૈયાર છે. કોર્ટે ચેતવણી આપી હતી કે તે જામીન આપવાનો બ્લેન્કેટ ઓર્ડર પસાર કરશે. ૧૨ વર્ષથી જેલમાં રહેલા અંડરટ્રાયલ સુલેમાનની જામીન અરજી ઉપર કોર્ટ સુનાવણી કરી રહી હતી ત્યારે આ મજબૂત અવલોકનો આવ્યા હતા. તેમની અપીલ સાંભળવા માટે હાઈકોર્ટની કોઈ બેન્ચ ઉપલબ્ધ ન હોવાથી તેમણે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેમની અરજીમાં તેણે કહ્યું છે કે, ઘણા અંડરટ્રાયલ ૧૫ વર્ષથી વધુ સમયથી જામીન વિના જેલમાં બંધ છે. વિચારાધીન કેદીઓને જામીન આપો, નહીં તો અમે કરીશું. જો તમે તેને સંભાળી શકતા નથી, તો અમે કરીશું. હાઈકોર્ટ અને રાજ્ય બંનેને કોઈ સમસ્યા છે. આ લોકોને અનિશ્ચિત સમય માટે જેલના સળિયા પાછળ ન મૂકી શકાય, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, રાજયની જેલોમાં ૮૫૩ અંડરટ્રાયલ ૧૦ વર્ષથી વધુ સમયથી બંધ છે. કોર્ટે હવે ઉત્તરપ્રદેશ સરકારને આ અંડરટ્રાયલની વિગતો બે અઠવાડિયામાં રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ મામલે વધુ સુનાવણી ૧૭ ઓગસ્ટે થશે. કોર્ટે હાઈકોર્ટના વરિષ્ઠ રજિસ્ટ્રાર દ્વારા ૧૫ વર્ષથી વધુ અને ૧૦થી ૧૪ વર્ષ સુધીની જેલવાસ ભોગવતા લોકો અંગે દાખલ કરાયેલા અહેવાલનો ઉલ્લેખ કર્યો હતો. એવું લાગે છે કે, ૬૨ જામીન અરજીઓનો નિકાલ બાકી છે અને આગામી ૨-૩ અઠવાડિયામાં સૂચિબદ્ધ થશે. ૨૨ એપ્રિલ, ૨૦૨૨થી ૧૭ જુલાઈ, ૨૦૨૨ સુધીના આ સમયગાળા દરમ્યાન ૨૩૨ અનુગામી નવી જામીન અરજીઓ દાખલ કરવામાં આવી છે જ્યાં અગાઉ કોઈ જામીન અરજી કરવામાં આવી ન હતી, તેમાં જણાવ્યું હતું.

૪૦ ફૂટ ઊંડાઈમાંથી મળ્યો મૃતદેહ

પાર્ટી દરમ્યાન સ્વિમિંગ પુલમાં જીવતો સમાઈ ગયો માણસ

નવી દિલ્હી, તા.૨૯

જીવનમાં કેટલીકવાર કેટલાક અકસ્માતો થાય છે કે આપણે બધાના હૃદયમાં આ વિચાર આવે છે કે જીવનનો કોઈ ભરોસો નથી. આવી જ ઘટના ઈઝરાયેલના એક શહેરમાં બની હતી. અહીં કેટલાક લોકો પૂલ પાર્ટીની મજા માણી રહ્યા હતા, આ દરમ્યાન એક વ્યક્તિ સ્વિમિંગ પૂલમાં જ સમાઈ ગયો. આ ઘટનાનો એક હૃદયદ્રાવક વીડિયો હાલ સોશિયલ મીડિયા ઉપર વાયરલ થઈ રહ્યો છે. અમુક અકસ્માતો આપણી નજર સામે થાય છે, પરંતુ આપણે તેને રોકી શકતા નથી. આ એક આવી જ ઘટના હતી, જેમાં તે ભયાનક વીડિયોમાં જોઈ શકાય છે કે પૂલ પાર્ટી દરમ્યાન જ સિંકહોલ પડ્યો અને વસ્તુઓ ઝડપથી તેમાં સમાવવા લાગી. આ દરમ્યાન ત્યાં હાજર એક વ્યક્તિ સીધો પૂલના આ ખાડામાં ઉતરી ગયો. જ્યાં લોકો પાર્ટીની મજા માણી રહ્યા હતા, ત્યાં થોડી જ સેકન્ડોમાં જ હોબાળો મચી ગયો હતો. આ ઘટના તેલ અવીવથી ૪૦ કિમી દૂર કર્મી યોસેફ શહેરની છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે પૂલ પાર્ટી ઘણી મોટી હતી, જેમાં ઘણા મહેમાનો સામેલ થયા હતા. લોકો પૂલમાં મજા માણી રહ્યા હતા, આ દરમ્યાન એક સિંકહોલ ખુલી ગયો અને તેની અંદર પાણી સહિત લોકો વહી જવા લાગ્યા. જોકે ઘણા લોકો બચી ગયા હતા, પરંતુ એક વ્યક્તિ સીધો સિંકહોલમાં પડી ગયો હતો અને તેનું મોત નીપજ્યું હતું. ત્યાં હાજર ૬માંથી ૩ લોકો ઘાયલ પણ થયા હતા. વીડિયોમાં સિંકહોલ ખુલતાની સાથે જ લોકો દોડતા જોવા મળે છે અને થોડીવાર પછી પૂલ ખાલી દેખાય છે. જેરૂસલેમ પોસ્ટ અનુસાર, એક બચાવ ટીમ પણ સ્થળ પર પહોંચી હતી અને બાદમાં ૪૩ ફૂટ ઊંડા સિંકહોલમાંથી મૃતકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. એટલું જ નહીં જેના ઘરે આ પાર્ટી ચાલી રહી હતી તેની પણ ધરપકડ કરવામાં આવી છે. અકસ્માતનો વીડિયો સોશિયલ મીડિયા ઉપર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે અને લોકો તેને પાર્ટી ઓર્ગેનાઈઝરની બેદરકારી ગણાવી રહ્યા છે.

ઓગસ્ટ મહિનામાં કુલ ૧૮ દિવસ બેંક બંધ રહેશે

પૈસાની લેવડદેવડ, GAS, Bankingમાં ૧ ઓગસ્ટથી લાગુ થશે નવા નિયમો

એક ઓગસ્ટથી બેંક ઓફ બરોડાની ચેકથી ચૂકવણી કરવાના નિયમ બદલાઈ જશે, દર મહિનાની પહેલી તારીખે રસોઈ ગેસની કિંમતો નક્કી થતી હોય છે

નવી દિલ્હી, તા.૨૯

થોડાક દિવસો પછી ઓગસ્ટ મહિનાની શરૂઆત થશે. એક ઓગસ્ટથી પૈસાની લેવડ-દેવડ સાથે જોડાયેલા નિયમ બદલાવાના છે. દર મહિનાની પહેલી તારીખે રસોઈ ગેસની કિંમતો નક્કી થતી હોય છે. સાથે જ ઓગસ્ટમાં બેંક પણ અનેક દિવસો બંધ રહેવાની છે. એક ઓગસ્ટથી બેંક ઓફ બરોડાની ચેકથી ચૂકવણી કરવાના નિયમ બદલાઈ જશે. બેંક ઓફ બરોડામાં પોઝિટિવ પે સિસ્ટમની શરૂઆત થવાની છે. સાથે જ ઓગસ્ટમાં અનેક તહેવાર ઉજવવામાં આવશે, તો આ મહિને બેંક પણ વધારે દિવસ બંધ રહેશે. એક ઓગસ્ટથી બેંક ઓફ બરોડામાં ચેકથી ચૂકવણીના નિયમો બદલાઈ જશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન્સનું પાલન કરતાં બેંક ઓફ બરોડાએ ચેકપેમેન્ટના નિયમોમાં ફેરફાર કર્યો છે. બેંક ઓફ બરોડાએ પોતાના ગ્રાહકોને માહિતી આપી દીધી છે કે એક ઓગસ્ટથી પાંચ લાખ રૂપિયા કે તેનાથી વધારેની રકમવાળા ચેક પેમેન્ટ માટે પોઝિટિવ પે સિસ્ટમ લાગુ કરી દીધી છે. તે અંતર્ગત ચેક આપનારે તેર સાથે જોડાયેલી જાણકારી બેંકને એસએમએસ, નેટ બેંકિંગ કે પછી મોબાઈલ એપથી આપવાની રહેશે. તેના પછી જ ચેક ક્લિયર થશે. જો કોઈ ચેક આપે છે, તો તેનો નંબર, પેમેન્ટની અને પેમેન્ટ મેળવનારાનું નામ સહિત અનેક જાણકારીઓ બેંકને આપવાની રહેશે. દર મહિનાની પહેલી તારીખે રસોઈ ગેસ સિલિન્ડરની કિંમત નક્કી થાય છે. એક ઓગસ્ટે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ગેસ સિલિન્ડરનો રેટ નક્કી કરશે. છેલ્લી વખતની જેમ બની શકે તે આ વખતે પણ રસોઈ ગેસની કિંમતમાં વધારો જોવા મળી શકે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકિંગ ફ્રોડને રોકવા માટે ૨૦૨૦માં ચેક માટે પોઝિટિવ પે સિસ્ટમની શરૂઆત કરી હતી. આ સિસ્ટમ દ્વારા ચેકના માધ્યમથી ૫૦,૦૦૦થી વધારેની ચૂકવણી માટે કેટલીક મહત્વની જાણકારી આપવી પડશે. આ સિસ્ટમ દ્વારા એસએમએસ, બેંકની મોબાઈલ એપ કે પછી એટીએમ દ્વારા ચેક વ્યક્તિએ ચેક સાથે જોડાયેલી જાણકારી બેંકને આપવાની રહેશે. પછી તે જાણકારી ચેકની ચૂકવણી સમયે ડિટેઈલ્સ સાથે વેરિફાઈ કરવામાં આવે છે. જો બધી ડિટેઈલ્સ સાચી હશે તો જ ચેકની ચૂકવણી કરવામાં આવે છે. ઓગસ્ટના મહિનામાં કુલ ૧૮ દિવસ બેંક રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઓગસ્ટમાં બેંક બંધ હોવાની જાહેરાત પોતાની યાદીમાં કરી છે. ઓગસ્ટમાં મોહર્રમ, રક્ષાબંધન, સ્વતંત્રતા દિવસ, કૃષ્ણ જન્માષ્ટમી અને ગણેશ ચતુર્થી જેવા અનેક તહેવાર છે. આ દિવસોમાં બેંક સદંતર બંધ રહેશે. આ સિવાય બીજા અને ચોથા શનિવારની સાથે રવિવારે સાપ્તાહિક રજા હોવાના કારણે બેંક બંધ રહેશે. આ અઠવાડિયાની રજાઓને ગણીએ તો ઓગસ્ટમાં ૧૮ દિવસ બેંક બંધ રહેવાની છે.

આદિત્ય ઠાકરેએ મધ્યસત્ર ચૂંટણી માટે 'શિવ સંવાદ' દ્વારા શિવસેનાના વફાદારોની રેલી કાઢી

મુંબઈ, તા.૨૯

જ્યારે બાલ ઠાકરે જીવિત હતા અને બીમાર હતા ત્યારે તેમનો પૌત્ર આદિત્ય ઠાકરે કોલેજમાં હતો તે બાદમાં શિવસેના યુવા પાંખની સ્થાપના કરવા માંગતા હતા જેથી તેઓ પોતાના માટે નેતૃત્વ કરી શકે. ઠાકરેએ શિવસેના યુવા પાંખનો સખત વિરોધ કર્યો હતો કારણ કે, શિવસેના હંમેશા યુવા, શક્તિવાન મહારાષ્ટ્રીયન યુવકોનો પક્ષ રહ્યો છે જેઓ હંમેશા માત્ર એક આદેશ ઉપર બાલ ઠાકરે માટે રેલી કાઢવા તૈયાર હતા. પરંતુ તે પછી ઠાકરેએ દરેક સેના શાખામાં લોક અધિકાર સમિતિની સ્થાપના કરી જે તમામ ઓફિસની ખાલી પડેલી જગ્યાઓ ઉપર બારીકાઈથી નજર રાખતી હતી અને નોકરીદાતાઓને બહારના લોકો કરતાં સ્થાનિક યુવકોને નોકરી પર રાખવા માટે દબાણ કરતા હતા. હાલ મહારાષ્ટ્રમાં શિવસેનાની જે હાલત થઈ છે તે અંગે આદિત્ય એ સ્વીકારવામાં સાચો હતો કે, પક્ષ યુવાનોની શક્તિ ગુમાવી રહ્યો છે અને આખરે ઉદ્ધવે તેમના પિતાને સમજાવતાં પુત્રની ઈચ્છાઓને માન આપ્યું હતું. પ્રથમ તો યુવા શિવસેના બાલ ઠાકરેની જેમ જ વર્તતી હતી અને પ્રિન્સિપાલને માર મારવો, શિક્ષકોના મોઢા કાળા કરવા જેવા કૃત્યો કરતા હતા. પરંતુ અંતે આદિત્ય દ્વારા મુંબઈના સભ્ય લોકો સાથે ખભેથી ખભા મિલાવવાથી આ બધું રોકાયું અને યુવા સેના લગભગ સમાપ્ત થઈ ગઈ. આટલા કઠોર નિયમો વચ્ચે એકનાથ શિંદેએ પાર્ટીના પ્રમુખને જ મ્હાત આપી. બીજી તરફ સુપ્રીમ કોર્ટના શિવસેના અંગેના આદેશ પહેલાં જ આદિત્ય ઠાકરેની શિવ સંવાદ રેલી એટલી સફળ નિવડી છે કે, તેમાં મોટી ભીડ દેખાઈ રહી છે અને ગણ્યા ગાંઠ્યા વિદ્રોહીઓને હચમચાવી નાખ્યા છે. હવે ભાજપ અને બળવાખોરોની ગણતરી દેખીતી રીતે જ ખોટી પુરવાર થઈ રહી હોય તેવું લાગે છે. શિંદે અને ફડણવીસ એવું માની રહ્યા હતા કે, ઉદ્ધવ આકરી પ્રતિક્રિયાના રૂપે વિદ્રોહીઓને પાર્ટીમાંથી કાઢી મૂકશે. આનાથી ફરી ચૂંટણીની માંગ કર્યા વિના અથવા તો ભાજપમાં સામેલ થવાથી મતદારો વચ્ચે તેઓ પીડિત કાર્ડ રમવા માટે સ્વતંત્ર બની ગયા છે. હવે આદિત્ય ઠાકરે શિવસેનાની તમામ શાખાઓ સુધી પહોંચે છે અને લાંબા સમયથી ચાલી રહેલું ત્રીજી પેઢીનું નિર્માણ શક્ય બનાવી રહ્યા છે. શિવસૈનિકો જાણે છે કે, ઠાકરે પરિવાર વિના શિવસેના ના હોઈ શકે. આથી જો મધ્યસત્ર ચૂંટણી યોજાય તો શિંદે જૂથને મોટો ફટકો પડી શકે છે અથવા ભાજપમાં જોડાવા સિવાય કોઈ વિકલ્પ નહીં બચે.

મહિલાને છે એક વિચિત્ર બીમારી

મહિલાને પોતાના જ હાથને જોવાથી લાગે છે ડર

નવી દિલ્હી, તા.૨૯

વિશ્વમાં વિવિધ પ્રકારના લોકો છે અને કેટલાક વિચિત્ર શારીરિક પરિસ્થિતિમાંથી પણ પસાર થઈ રહ્યા છે. મેડિકલ સાયન્સમાં કેટલાક રોગોની સારવાર સરળતાથી ઉપલબ્ધ છે, પરંતુ કેટલીક એવી વિકૃતિ ઓ પણ છે, જે સામાન્ય નથી. યુકેના નોટિંગહામમાં રહેતી વિક્ટોરિયા ટ્રેટિસને પણ આવો જ એક ફોબિયા છે, જે તેને પોતાના હાથથી ડરવા મજબૂર કરી રહ્યો છે. ૪૧ વર્ષની વિક્ટોરિયા ટ્રેટિસને એક અલગ પ્રકારનો ફોબિયા છે, જેના કારણે તે પોતાના હાથનું કાંડું જોઈ શકતી નથી. જો કોઈ અન્ય વ્યક્તિ તેને સ્પર્શ કરે છે, તો તેને તે ગમતું નથી. બાળપણથી જ તેને આ વિચિત્ર બીમારી હતી, જેના કારણે તે પોતાના હાથનું કાંડું જોઈ શકતી નહોતી અને જો કોઈ તેનો હાથ પકડી લે તો તેને ખરાબ લાગતું હતું. બાળપણમાં વિક્ટોરિયાએ આવી કોઈ રમત રમી ન હતી અથવા આવી કોઈ પ્રવૃત્તિનો ભાગ બન્યો ન હતો, જેમાં હાથ પકડવાનો હોય. તે તેના હાથને સંપૂર્ણ કાપડથી ઢાંકતી હતી. રિપોર્ટ અનુસાર, મેન્ટર અને કોચ તરીકે કામ કરનાર વિક્ટોરિયાને ૪ વર્ષની ઉંમરે કાંડા પર સિસ્ટ થઈ ગઈ હતી. તેના ઓપરેશન બાદ તે ટાંકાથી ડરી ગઈ હતી. આવી સ્થિતિમાં, તે તેનું ધ્યાન અન્યત્ર કરવા માટે ડ્રેસિંગ સમયે અલગ દેખાતી હતી. તે સમયે શરૂ થયેલી સમસ્યા ફોબિયામાં ફેરવાઈ ગઈ. તે તેના કાંડા તરફ જોઈ પણ શકતી નથી. વિક્ટોરિયાને એક પુત્રી છે, જે તેના હાથને સ્પર્શ ન કરવાના બદલામાં તેણીની મનપસંદ વસ્તુઓ કરવાની પરવાનગી લે છે. તે જ સમયે, તે તેના પાર્ટનરને તેના હાથને સ્પર્શ પણ કરવા દેતી નથી કારણ કે તે ડરી જાય છે. હાલમાં, તે નિષ્ણાંતો દ્વારા હિપ્નોથેરાપી લઈ રહી છે, જેથી તે આ વિચિત્ર ડરથી છૂટકારો મેળવી શકે. એક્સપર્ટ દીમિ તેને સેશન દ્વારા આરામ કરાવવાનો પ્રયાસ કરે છે જેથી કરીને વિક્ટોરિયાના મનમાંથી આ ડર દૂર થઈ જાય.

ખોડલધામ યુવા રાજનૈતિક નેતૃત્વ સંસ્થાની પહેલના ભાગરૂપે ૬ ઓગસ્ટના રોજ સરદાર ભવન ખાતે યોજાશે સેમિનાર

ખોડલધામ પોતાની યશકલગીમાં ઉમેરશે એક નવીનતમ પીછું 'રાજકીય કારકિર્દી'ના માધ્યમથી યુવાનના સ્વપ્નને કરશે સાકાર : સર્વ સમાજના યુવાનો માટે રાજકીય કારકિર્દી ઘડવાની ઉત્તમ તક

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૯

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ હંમેશા લોક ઉપયોગી અને સેવાલક્ષી કાર્ય છે, ટ્રસ્ટનું લક્ષ્ય પણ હંમેશા સેવાભાવના સાથે આધ્યાત્મિક ભાવનામાં રહેલું છે. અલગ અલગ તમામ ક્ષેત્રે ખોડલધામ નવીનતમ વિચાર સાથે લોકસેવાના કાર્ય કરતું રહ્યું છે. તેથી જ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ અનેકવખત કહી ચૂક્યા છે કે, 'ખોડલધામ એ એક સંસ્થા નથી, ખોડલધામ એ એક વિચાર છે' અને એ પણ એક મજબૂત વિચાર. ત્યારે ખોડલધામ પોતાની યશકલગીમાં એક નવીનતમ પીછું ઉમેરશે અને 'રાજકીય કારકિર્દી'ના માધ્યમથી યુવાનના સ્વપ્નને સાકાર કરશે. શ્રી ખોડલધામના નેજા હેઠળ મહિલા સમિતિ, વિદ્યાર્થી સમિતિ સહિત અનેક સમિતિઓ ચાલી રહી છે અને અનેક વિવિધ સેવાકીય કાર્યોની સુવાસ ફેલાઈ રહી છે. ત્યારે સરદાર પટેલ કલચરલ ફાઉન્ડેશન અને ખોડલધામના નેજા હેઠળ એક અદકેરૂ અને નવું જ પીછું પોતાની યશકલગીમાં ઉમેરવા માટે જઈ રહ્યા છે. જે છે રાજકીય કારકિર્દી ઘડવા માંગતા સર્વ સમાજ અને સર્વ જ્ઞાતિના યુવાનો માટે ખોડલધામ યુવા રાજનૈતિક નેતૃત્વ સંસ્થા રૂપે(KYPLI) એક નવીનતમ પહેલ શરૂ થઈ રહીછે. જ્યારે એક સામાન્ય વ્યક્તિ સરપંચથી લઈને સંસદસભ્ય સુધી બનવાનું લક્ષ્યને સેવે છે. એ યુવાનમાં જોમ અને જુસ્સો છે, રાષ્ટ્ર ભક્તિ સાથે સેવા ભાવનાની એમના હૈયે આશ છે માતૃભૂમિના હિત માટે રાજકારણમાં જવાની ત્યારે આ લક્ષ્ય અને સેવેલા સ્વપ્નને સાકાર કરવા માટે ખોડલધામ તેમનેપૂર્ણ રીતે સહયોગ કરશે. એમના લક્ષ્યને આંબવા અને એ સ્વપ્નને હાંસલ કરવા એમને મજબૂત બનાવશે. કહેવાય છે કે, સૌથી સારામાં સારૂ સેવા કરવા માટેનું અને દેશના હિત કાજે કાર્ય કરવાનું ક્ષેત્ર હોય તોર એ રાજકારણ ક્ષેત્ર છે. આ ક્ષેત્રની અંદર તમે પ્રવેશી અને નતો માત્ર સમાજ, શહેર પરંતુ સમગ્ર રાજ્યનો અને દેશનો સર્વાંગી વિકાસ કરી શકો છો. આ એક સક્ષમ રાજકારણીની દીઘર્દ્રષ્ટિ ઉપર આધારિત હોય છે. ત્યારે આગામી તારીખ ૬ ઓગસ્ટને શનિવારના રોજ બપોરે ૩ થી ૬, સરદાર પટેલ ભવન, ન્યુ માયાણીનગર, પાણીના ટાંકાની સામે, માલવિયા પોલીસ સ્ટેશન વાળી શેરી, મવડી રોડ, રાજકોટ ખાતે આ રાજકીય કારકિર્દી સેમીનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં સર્વ સમાજના યુવાનોને ભાગ લેવા અનુરોધ કરાયો છે. વ્યવસ્થાના ભાગ રૂપે રજિસ્ટ્રેશન મો.૭૦૬૯૯ ૨૯૨૯૭ કરાવવું જરૂરી છે. રાજકારણ ક્ષેત્રે કારકિર્દી ઘડવા માંગતા યુવાનો માટે એક ઉત્તમ તક રાજકોટના દ્વારે ખોડલધામ લઈનેઆવ્યુંછે. અગ્રણ્યફેકલ્ટી, અનુભવી વ્યક્તિઓ અને વિષયના નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા વ્યક્તિ પાસે તમામ રાજકીય પાસાઓની સમજ સાથે પરિણામ લક્ષી કામનીસમજ આપવામાંઆવશે. ત્યારે આવનારા સમયમાં ખોડલધામના નેજા હેઠળ ખોડલધામ યુવા રાજનૈતિક નેતૃત્વ સંસ્થા(KYPLI) અંતર્ગત અનેક પ્રકલ્પ સાકાર થવાના છે. આગામી સમયમાં ધારાસભ્યથી લઈ સંસદ સભ્ય સુધીના વ્યક્તિઓના સંવાદો ગોઠવવામાં આવશે. જેમાં સફળ થયેલા ધારાસભ્યો અને સાંસદ સભ્યો યુવાનોને રાજકારણમાં આવવા માટે પ્રેરિત કરશે અને એમના માધ્યમથી આ શહેરને, રાજ્યને અને દેશને એક સરદાર વલ્લભભાઈ પટેલની પરંપરાને આગળ વધારે તેવા મજબૂતને કદાવર નેતાઓ મળે તેવા પ્રયત્નો હાથ ધરાશે.

'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત ધોરાજી શહેરમાં 'ઉજ્જવળ ભારતના ઉર્જાવાન ભવિષ્ય' : વીજોત્સવ યોજાયો

વીજળીનો યોગ્ય વપરાશ અને સૌર ઉર્જા ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે : ધારાસભ્ય જયેશ રાદડિયા

(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા.૨૯

રાજકોટ જિલ્લાના ધોરાજી સ્થિત પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે આયોજિત 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ-ગુજરાત અને ભારત સરકારના વિદ્યુત મંત્રાલય દ્વારા 'ઉજ્જવળ ભારતના ઉર્જાવાન ભવિષ્ય'ના વીજોત્સવ ૨૦૨૨ પ્રસંગે ઉપસ્થિત પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાએ જણાવ્યુંહતું કે, વીજ ઉત્પાદન અને વપરાશમાં થયેલ વિકાસ અને આગામી વર્ષ ૨૦૪૭ સુધીમાં અપેક્ષિત આયોજન અંતર્ગત ગુજરાતના લોકો વીજળીના યોગ્ય અને કરકસરયુક્ત ઉત્પાદનમાં ખૂબ સહયોગી બન્યા છે અને લોકો આજે વીજળીનેયોગ્ય પ્રમાણમાં વપરાશ કરતા પણ થયા છે અને સરકાર દ્વારા વીજ ઉત્પાદન માટેના નક્કર આયોજનથી ગુજરાત રાજ્ય વીજ વપરાશ-ઉત્પાદન તેમજ સૌર ઉર્જા ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર બન્યું છે. આમ સરકાર ઊર્જા વિકાસમાં અગ્રેસર કામગીરી કરી લોકોને અવિરત વીજ પુરવઠો આપી રહ્યું છે. પાવર ગ્રીડ ભારતના મેનેજર સતીશકુમાર અતરામે જણાવ્યું હતું કે, વીજ ઉત્પાદનની ક્ષમતા ૨૦૧૪માં ૨,૪૮,૫૫૪ મેગાવોટથી હતી તેઆજે વધીને ૪,૦૦,૦૦૦ મેગાવોટ થઈ છે. જે આપણી માંગ કરતાં ૧,૮૫,૦૦૦ મેગાવોટ વધુ છે. આ તકે તેઓએ ભારત સરકાર દ્વારા ઊર્જા વિકાસના વિવિધ કાર્યો અંગેવિસ્તૃત વિગતો આપી હતી. આ પ્રસંગે રાજકોટ પી.જી.વી.સી.એલ.ના અધિક્ષક ઈજનેરપી.જે. મહેતાએ જણાવ્યું હતું કે, વિજ લોસ ઘટાડવા, નવા વીજજોડાણ આપવા, રીન્યુએબલ પાવર પર્ચેઝ ઓબ્લીગેશન વિગેરે જેવા ઓપરેશનલ પેરામીટરનાં અમલીકરણમાં ભાગ લીધેલ જેની સિદ્ધિમાં ગુજરાત રાષ્ટ્રીય સ્તરે વર્ષ ૨૦૧૭-૧૮થી લઈને વર્ષ ૨૦૨૦-૨૧ સુધી ગુજરાત પ્રથમ સ્થાને રહેલ છે. આઈ.પી.ડી.એસ યોજના અંતર્ગત રૂા.૧૦૬૪ કરોડનાં ખર્ચે ડિસ્ટ્રિબ્યુશન કંપની તેમજ ઉર્જા વિભાગના શહેરી વિસ્તારમાં આવેલ હયાત વીજ માળખાકીય સુવિધા ગુણવત્તા સભર બને તે હેતુથી વીજ માળખાને સુદ્રઢ કરવા આવેલ છે. તેજ રીતે ડી.ડી.યુ.જી.જે.વાય. યોજના અંતર્ગત રૂા.૯૨૨ કરોડના ખર્ચે ડિસ્ટ્રિબ્યુશન કંપની તેમજ ઉર્જા વિભાગના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ હયાત વીજ માળખાકીય સુવિધા ગુણવત્તા સભર બને તે હેતુથી વીજ માળખાને સુદ્રઢ કરવા આવેલ. આ સાથે કાર્યક્ષમ વિતરણ ક્ષેત્ર અને ટકાઉ(Sustainable) નાંણાકીય વ્યવસ્થા થકી રાજ્યના ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૩,૦૩,૭૫૮ કરોડના financial outlay તથા રૂા.૯૭,૬૩૧ કરોડના Gross Budgªary Support (GBS) સાથે રાષ્ટ્રીય સ્તરે રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) યોજનાની જાહેરાત કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત દ્વારા રૂા.૨૦,૦૪૬ કરોડની કામગીરીની દરખાસ્તો કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે અને જે પૈકી પ્રથમ તબક્કામાં રૂા.૧૬,૫૩૫ કરોડના કામગીરીની દરખાસ્તો કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે. તે ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા તા.૧૬-૧૧-૨૦૨૧ના ઠરાવથી જંગલ વિસ્તારોમાંથી વીજ લાઈન પસાર કરી આપવા પડતા કૃષિવિષયક જોડાણો ટેકનો-કોમર્શીયલ વાયેબલ ન હોય એવા કૃષિવિષયક જોડાણોને પીએમ-કુસુમ કમ્પોનન્ટ-બી યોજના હેઠળ નજીવા દરે ઓફ-ગ્રીડ સોલાર પંપ સેટ દ્વારા વીજ જોડાણ આપવાનો ખેડૂતલક્ષી નિર્ણય કરેલ છે. સુર્યા ગુજરાત યોજના અંતર્ગત દેશમાં સોલર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત પ્રથમ સ્થાને છે અને છેલ્લા ત્રણ વર્ષમાં ત્રણ લાખથી વધુ ઘરોને યોજનાનો લાભ આપવામાં આવેલ છે. તેવિગતો રજૂ થવા ઉપરાંત સ્થાનિક કૃષિ વીજ જોડાણ લાભાર્થી તેમજ ઝૂંપડપટ્ટી વીજ જોડાણ યોજના અને અંગભૂત યોજના હેઠળના વીજ જોડાણ લાભાર્થીઓ દ્વારા તેને વીજ જોડાણ મળતા થયેલ ખુશી અને લાભોની લાભાર્થી ધર્મેશ પરમાર(ગુંદાળા), રાજેશ દાફડા(પીપળીયા), ફાતિમાબેન(ધોરાજી), સોલાર રૂફ ટોપ લાભાર્થી ૨૦૧૮ માધવજી મયાત્રા(ધોરાજી)એ સ્વાનુભવની વાત રજૂ કરી રાજીપો વ્યકત કરેલ. ધોરાજી કાર્યપાલક ઈજનેર એમ.જે. લાલકીયાએ જણાવ્યું કે, ધોરાજી તાલુકામાં ગત વર્ષ દરમ્યાન ધોરાજી વિભાગીય કચેરી દ્વારા ઝુંપડપટ્ટી યોજના હેઠળ કુલ ૨૩૧ વીજ કનેકશનો, ખાસ અગંભુત યોજના હેઠળ કુલ ૧૦૨ વીજ કનેકશનો તથા ખેતીવાડીના કુલ ૫૪૬ વીજ કનેકશનો આપવામાં આવેલ છે. આ પ્રસંગે ધોરાજી અગ્રણી વી.ડી. પટેલ, મનીષભાઈ ચાંગેલા, જિલ્લા અગ્રણી નીતાબેન ચાવડા, હરસુખ ટોપિયા, હરકિશન માવાણી, કિશોરભાઈ રાઠોડ, વીનુભાઈ માંથુકિયા, વિરલભાઈ પનારા, લલિત વોરા, ઉપલેટા તાલુકાના અગ્રણી વિનુભાઈ ચંદ્રાવાડિયા, રાજશી હુંબલ, મયુરભાઈ સુવા, હરીભાઈ ઠુંમર, મામલતદાર કે.ટી. જોલાપરા, પીઆઈ ધોરાજી ગોહિલ, પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ, કર્મચારીઓ સહિત બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઉપસ્થિતોને દસ્તાવેજી ફિલ્મ દ્વારા ઊર્જા વિકાસ કાર્યો અને આગામી આયોજનોનું નિદર્શન કરવામાં આવ્યું હતું અને વીજ કર્મચારી ગણ દ્વારા પ્રજાજનોને જાગૃત કરતા બેનાટક રજૂ કરવામાં આવ્યા હતા.

દેશી રજવાડાનું પ્રદર્શન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ એસટી વિભાગ યંત્રાલયનાં કર્મચારી રમેશ ડી. ગોસાઈનું રાજકોટ વોટશન સંગ્રહાલય ખાતે ગત તા.૨૪થી તા. ૩૦-૭-૨૨ દરમ્યાન દેશી રજવાડાનાં દસ્તાવેજોનું પ્રદર્શન યોજાયેલ છે.

'ઈશ્વરમાં વિશ્વાસ પ્રયાસોનો પુરૂષાર્થ - ઈશ્વર કૃપા'

મુખ્યમંત્રી રિલીફ ફંડ સહિત રૂા.૪૦ લાખના હેતાળ દાનથી રાજકોટની હેતલ રાયચૂરાને હૃદય અને ફેફસાના સફળ પ્રત્યારોપણથી મળ્યું નવજીવન

છેલ્લા ૬ મહિનામાં માનવ અંગોનું મહત્વ સમજાયું છે : ઈશ્વરે આપેલી સૌથી મોટી કોઈ બક્ષિસ હોય તો તે સ્વાસ્થ્ય છે : માનવ અંગો મહામુલા છે : અંગ દાન કરનાર ડોનર પરિવારનો નિર્ણય ખુબ જ હિંમતભર્યો રહ્યો હશે : લોકો અંગદાન કરી અન્યને મદદરૂપ બને તે માટે જાગૃતિ અર્થે આવનારા સમયમાં કામ કરવાનો સંકલ્પ હેતલે કર્યો છે - હેતલ રાયચુરા

(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા.૨૯

મજબુત મનોબળ અને ઈશ્વરમાં વિશ્વાસનો શ્વાસ ભરી મૃત્યુંને સતત માત આપી અંતે રાજકોટની હેતલ રાયચૂરાને કુદરતની સાથે મળ્યો સંવેદનશીલ સરકારની સહાય અને હેતાળ સામાજિક સંસ્થાઓના મહામુલા યોગદાનનો સહયોગ પ્રાપ્ત થતા સાથે રાજકોટના એક કર્મનિષ્ઠ ડોકટરે મદદ કરવાનું બીડું ઝડપ્યું અને જવલ્લેજ જોવા મળતા કેસમાં શરીરમાં અતિ ઉપયોગી એવા બે ઓર્ગન હૃદય અને ફેફસાના સફળ પ્રત્યારોપણથી હેતલના નવજીવનનો ઉદય થતા અનહદ ખુશી સાથે આ જર્નીમાં હેતલના અને અંગદાન કરનાર પરિવારથી માંડી રાજ્યસરકાર, મીડિયા, કર્મનિષ્ઠ ડોકટર, હેતાળ સામાજિક સંસ્થાઓના દાતાઓ સહિતના તમામના સહયોગ યોગદાનમાં વિદ્યાતાના દર્શન થતા સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. હેતલ તેની સર્જરી પહેલાની જર્ની અને નવજીવન બાદના સપનાઓ વિષે વાત કરતા કહે છે કે, છેલ્લા ૬ મહિનામાં માનવ અંગોનું મહત્વ સમજાયું છે. ઈશ્વરે આપેલી સૌથી મોટી કોઈ બક્ષિસ હોય તો તે સ્વાસ્થ્ય છે. માનવ અંગો મહામુલા છે. તેની યોગ્ય જાળવણી કરવી જોઈએ. 'મને મળેલ હૃદય અને ફેફસા, કે જે કોઈ વ્યક્તિએ ડોનેટ કર્યા હશે તેમના પરિવારજનોએ ખુબ જ હિંમતભર્યું પગલું લીધું હશે. લોકો અંગદાન કરી અન્યને મદદરૂપ બને.' તે માટે જાગૃતિ અર્થે આવનારા સમયમાં કામ કરવાનો સંકલ્પ હેતલે કર્યો છે. માત્ર એટલું જ નહીં હોસ્પિટલ ખાતે ટ્રાન્સપ્લાન્ટ ટ્રીટમેન્ટ દરમ્યાનના અનુભવો, કાળજી સહિતની જર્નીની એક બુક લખવાનો પણ હેતલે નીર્ધાર કર્યો છે. સામાન્ય પરિવારમાંથી આવતી ૨૮ વર્ષીય હેતલ જણાવે છે કે, મારૂ જીવન ખુબ સરસરીતે ચાલી રહ્યું હતું, પરંતુ વર્ષ ૨૦૧૪થી મારૂ સ્વાસ્થ્ય અસ્વસ્થ થતાં બોલવા-ચાલવા સહિતની તકલીફ સાથે મને શ્વાસની તકલીફ થવા લાગતા મેં અનેક ડોકટર્સ પાસે નિદાન-ઉપચાર કરાવ્યા પણ સ્વાસ્થ્ય સ્વસ્થ ન થયું. એક વર્ષ પહેલા મને હૃદય અને ફેફસાની તકલીફને કારણે ટ્રાન્સપ્લાન્ટ કરજીયાત હોવાનું ડોકટરે જણાવતા. જેના માટે રૂા.૪૦ લાખ જેટલો ખર્ચ થશે તેમ હૈદરાબાદની ક્રિમ્સ હોસ્પિટલ દ્વારા જણાવાયું. આમ છતાં મેં કે મારા પરિવારે હિંમત ન હારી અને પ્રયાસ ચાલું રાખતા, કુદરત હંમેશા ન્યાય કરતો હોયછે, મારા પરિવારની મદદે રાજકોટના એક કર્મનિષ્ઠ ડોકટરે મદદ કરવાનું બીડું ઝડપ્યું. સાથોસાથ મીડિયાએ મારી તકલીફને વાચા આપી. જેના પરિણામે મુખ્યમંત્રી રિલીફ ફંડમાંથી મને રૂા.૧૦ લાખ તેમજ અન્ય સામાજિક સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થતા રૂા.૪૦ લાખનું ફંડ એકત્રિત થયાનું અને સર્જરીની જર્નીતેમજ ઓર્ગન ડોનેશનનું મહત્વ હાલ રાજકોટ પરત ફરેલી હેતલે સમજાવ્યું. હેતલની ઓર્ગન ટ્રાન્સપલન્ટની જર્ની એક ચમત્કાર હોવાનું પરિવારજનો અને તેમની સાથે સંકળાયેલા ડોકટરનું કહેવું છે. હેતલના સદનસીબે તેમને સમય કરતા વહેલા ઓર્ગન બેંકમાંથી હૃદય અને ફેફસા મેચ થયા. સફળ સર્જરી, પ્રિકોશનને કારણે માત્ર ત્રણ મહિનામાં જ તેમને રજા આપવામાં આવી. હાલ હેતલ આઈસોલેટેડ રહી વિવિધ એક્સરસાઈઝ સાથે અન્ય ત્રણ મહિના સુધી ઓબ્જઝર્વેશનમાંજ રહેશે. હાલમાં જ રાજકોટ પરત ફરેલી હેતલ રાયચુરાના પિતાએ જણાવેલ કે, પહેલા મારી પુત્રી સો મીટર ચાલવા પણ અસમર્થ હતી. ફેફસા અને હૃદયના ટ્રાન્સપ્લાન્ટ બાદ તે મુંબઈ એરપોર્ટ ટર્મિનલમાં ૨ થી ૩ કિલોમીટર જેટલું સ્વસ્થતા પૂર્વક ચાલી. સ્વસ્થ થઈને મારી દીકરી સમર્થ થઈ છે. પુત્રીને નવજીવન પ્રાપ્ત થતાં અનહદ ખુશી સાથે રાજ્ય સરકાર, દાતાઓ સહિતના સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, નેશનલ હેલ્થ વિભાગ ઉપર રજુ થયેલા સર્વે મુજબ વર્ષે ૫ લાખ જેટલા લોકોનું ઓર્ગનના અભાવે મૃત્યું થાય છે. ૨ લાખ જેટલા લોકોને લીવર, ૫૦ હજાર જેટલા લોકોને હૃદય, ૧.૫ લાખ લોકોને કિડનીની જરૂરિયાત સામે માત્ર ૫ હજાર લોકોને અંગ દાન થકી ટ્રાન્સપલન્ટ શક્ય બને છે. જયારે ઓર્ગન ડોનર શહેર તરીકે ખ્યાતી પામી રહેલા સુરતની જેમ રાજકોટ સહિતના અન્ય શહેરમાં પણ આ અંગે જનજાગૃતિ વધુને વધુ ફેલાઈ તેમજ લોકમાનસમાં અંગદાન અંગેની ગેર સમજ દૂર થાય તે પણ જરૂરી હોવાનું હેતલ સાથોસાથ સ્થાનિક ડોકટર્સ સંસ્થાઓનું માનવું છે.

ખંભાળિયા પંથકના ગૌવંશમાં લમ્પી વાયરસનો અવિરત કહેર : વધુ ગાયોને આઇસોલેટ કરાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૯

ખંભાળિયા શહેર તથા તાલુકામાં ગાય, બળદ વિગેરે ગૌવંશમાં લમ્પી વાયરસ રોગનું પ્રમાણ દિવસે-દિવસેવધી રહ્યું છે. આ માટે સેવાભાવી કાર્યકરો, સંસ્થાઓ તથા સરકારી તંત્ર દ્વારા આવીરત રીતે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના પશુ ચિકિત્સા અધિકારી ડો. અતુલ પટેલ તથા સ્ટાફ દ્વારા ખંભાળિયા તાલુકાના ભંડારીયા ગામે ૩૦૦ જેટલી ગાયોને લમ્પી વાયરસ સામે રક્ષણ આપતી રસીનું વેક્સિનેશન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ અહીંના જાણીતા વ્રજ ફાઉન્ડેશન અનેએનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ખંભાળિયા નજીક આવેલા ગ્રામ્ય વિસ્તાર રામનગર તથા હરસિધ્ધિનગર ખાતે સાડા ત્રણસો જેટલી ગાય તથા નંદીને રસી મુકવામાં આવી હતી. આ માટે ડોકટર રાવલ, ડોકટર વિજયભાઈ, અમરાભાઈ, હાર્દિકભાઈ સહિતની ટીમના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. બુધવારે ખંભાળિયા વિસ્તારના કેટલા ગૌવંશ લમ્પીગ્રસ્ત હોવાનું ધ્યાને આવતા વ્રજ ફાઉન્ડેશન અને એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવ જેટલી બીમાર ગાયોને આઈસોલેટ કરવામાં આવી છે. ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં લમ્પીગ્રસ્ત ગાયોમાં આ રોગચાળો વધુ ન ફેલાય તે માટે અત્રે ધરમપુર વિસ્તારમાં સેવાભાવી પરાગભાઈ બરછા સંચાલિત અબોલ તીર્થવેટરનીરી હોસ્પિટલ ખાતે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ડોકટર આંબલીયા દ્વારા આ બીમારી ધરાવતા ગૌવંશને અલગ રાખી તેઓની સારવાર કરવામાં આવે છે. હાલ અબોલ તીર્થ હોસ્પિટલ ખાતે ૫૦થી વધુ પશુઓની સારવાર આપવામાં આવી રહી છે અને અહીં વધુ જગ્યા ન હોવાથી ખંભાળિયા તાલુકાના મોવાણ ગામે વર્ષોથી ગૌશાળા ધરાવતા દાયકાઓ જુના ગૌસેવક સ્વ. બચુભાઈ મોવાણવારા પરિવારના પરાગભાઈ દ્વવડાને આ બાબતે ધ્યાન દોરવામાં આવતા તેમના દ્વારા બેઠક રોડ ઉપર તેમની પાંજરાપોળ ખાતે લમ્પીગ્રસ્ત ગાયો માટે અલગ વિભાગ રાખી, અલાયદો આઈસોલેશન વોર્ડ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અલગ જગ્યાએ પણ ૫૦ થી ૬૦ જેટલી ગાયોને વધુસગવડ આપવા માટેની તૈયારી પણ તેમના દ્વારા દર્શાવી, ગાયોના રસીકરણ માટે આર્થિક સહયોગ આપવામાં આવ્યો છે. હાલ ગૌમાતા માટે ચેપીગ્રસ્ત એવા લમ્પી વાયરસ સામે બંને રઘુવંશી ગૌભક્તોની સેવા પ્રશંસનીય બની રહી છે. આ સેવા પ્રવૃત્તિ માટે જાણીતા ગૌ સેવક દેશુરભાઈ ધમા તથા તેમની ટીમ અને એનિમલ કેર ગ્રુપ દ્વારા આવીરત રીતે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના યુજીસી નેટ ટ્રેનિંગ પ્રોગ્રામમાં સ્પીકર તરીકે આસી.પ્રો.ડો. સચિન પીઠડીયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ ખાતે ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજીત યુજીસી નેટ ટ્રેનિંગ પ્રોગ્રામમાં (પ્રશિક્ષણ) સ્પીકર તરીકે સરકારી વિનયન કોલેજ ભેંસાણનાં આસીસ્ટન્ટ પ્રોફેસર વર્ગ-૨ અધિકારી ડો. સચિન પીઠડીયાએ 'ગ્રામીણ સમાજશાસ્ત્ર'ના વિષય ઉપર યુજીસી નેટ-જીસેટ સંદર્ભે વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં સમાજશાસ્ત્ર સામાન્ય પરિચય, ગ્રામીણ સમાજશાસ્ત્ર ઉદવભ, પંચાયતિરાજ, જ્ઞાતિ, વિવિધ ગ્રામિણ સામાજ ઉપયોગી પુસ્તકોનું પીપીટીના માધ્યમથી પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ કોર્ડીનેટર વિભાગીય અધ્યક્ષ ડો. જયસીંહ ઝાલાએ કર્યું હતું અને સમાપન આ.પ્રો. રૂશીરાજ ઉપાધ્યાયે કર્યું હતું. આ શ્રેણીમાં ગુજરાત અલગ-અલગ યુનિ.ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ શ્રેણી નેટ જીસેટની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની રહી હતી. **https://youtu.be/Vmly-sS_HAk** આ વેબસાઈટ જોઈ શકાશે.

જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ અને શાસક પક્ષની ટીમે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી

શહેરના વિકાસ કાર્યો, રસ્તા તેમજ પ્રજાકિય પ્રશ્નોને પ્રથમ સ્થાન આપવા કટીબધ્ધતા વ્યકત કરી : ૨૦૩૫ સુધીના શહેરના વીઝન પ્લાન અંગે મનપા તંત્ર સજજ, વિકાસનો રોડ મેપ બનાવાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ શહેરને વિકાસની દ્રષ્ટીએ પ્રથમ હરોળમાં સ્થાન મળે તે માટેના પ્રયાસોને જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખની સંગઠનની ટીમ તેમજ જૂનાગઢ મહાનગરપાલિકાની શાસક પક્ષની ટીમ દ્વારા ભરચક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને વિકાસની ગતીને વધુ તેજ બનાવવાના નિર્ધાર સાથે નકકર કામગીરી કરવામાં આવી રહી હોવાનું મનપા શાસક પક્ષની ટીમ તેમજ શહેર ભાજપ પ્રમુખે જણાવ્યું હતું અને આ શહેરને આગામી દિવસોમાં વિકાસની નવી ઉંચાઈએ પહોંચાડવા માટે દ્રઢ નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો હતો. ગઈકાલે જૂનાગઢના લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત દરમ્યાન વિકાસ પ્રશ્ને તંત્રી શ્રી કાર્તિકભાઈ ઉપાધ્યાય સાથે મનપા શાસકોની ટીમે મહત્વની ચર્ચાઓ કરી હતી.

જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર ગીતાબેન પરમાર, ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, શાસક પક્ષના નેતા કીરીટભાઈ ભીંભા, દંડક અરવિંદભાઈ ભલાણી એમનપાના પદાધિકારીઓ તરીકે પદગ્રહણ કર્યાની સાથે જ વિકાસની અવિરત કામગીરી કરવામાં આવી રહી છે. આ સાથે શહેર ભાજપ પ્રમુખ પૂનિતભાઈ શર્મા અને તેમની સમગ્ર ટીમ દ્વારા પણ શહેરના વિકાસ કામો માટે સતત જાગૃતતા દાખવવામાં આવી રહી છે.

દરમ્યાન ગઈકાલે જૂનાગઢ શહેરના લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર કે જે પ્રજાકિય પ્રશ્ને સતત જાગૃતિ દાખવે અને લોકોના પ્રશ્નોને વાચા આપે છે અને પ્રજાની નાડ પારખુ એવા આ અખબારના માલિક અને તંત્રી કાર્તિકભાઈ ઉપાધ્યાયના વડપણ હેઠળ પ્રજાકિય પ્રશ્નો શાસકો સમક્ષ મુકવામાં આવતા હોય છે. દરમ્યાન ગઈકાલે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલયની સંગઠની ટીમે શુભેચ્છા મુલાકાતે શહેર ભાજપ પ્રમુખ પૂનિતભાઈ શર્મા અને સંગઠનની ટીમ તેમજ મહાનગરપાલિકાના મેયર ગીતાબેન પરમાર, ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, શાસક પક્ષના નેતા કિરીટભાઈ ભીંભા તેમજ શહેર ભાજપ મિડીયા સેલના કન્વીનર સંજયભાઈ પંડયાએ મુલાકાત લીધી હતી. આ તકે તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ગઈકાલની શુભેચ્છા મુલાકાત દરમ્યાન પદાધિકારીઓએ સૌરાષ્ટ્ર ભૂમિના તંત્રી અને અખબાર જગતના મોભી કાર્તિકભાઈ ઉપાધ્યાય સાથે પ્રજાના વિવિધ પ્રશ્નો તેમજ જૂનાગઢ શહેરના વિકાસ કાર્યો અંગેની પદાધિકારીઓ સાથે મહત્વની ચર્ચા કરવામાં આવી હતી અને આ શહેર માટે તેમજ નગરજનોને કેમ સારી સુવિધા આપવી તે માટે શાસક પક્ષની ટીમ તેમજ શહેર ભાજપ પ્રમુખ દ્વારા પ્રતિબધ્ધતા વ્યકત કરવામાં આવી હતી અને વિકાસ કાર્યો અંગેની આછેરી ઝલક આપવામાં આવી હતી. જૂનાગઢ મનપા દ્વારા ૨૦૩૫ સુધીમાં શહેરના વિકાસ માટેનો એક વિઝન પ્લાન ઘડી કાઢવામાં આવશે તેમજ વિકાસનો રોડ મેપ બનાવવામાં આવનાર હોવાનું અને નજીકના સમયમાંજ જૂનાગઢના પ્રેસ મિડીયાના તંત્રીશ્રીઓ, પ્રતિનિધિઓ સાથે એક બેઠક બોલાવી અને શહેરના વિકાસ માટે કેવા પગલા ભરવા જોઈએ તે અંગેના તેઓના સજેશન લેવામાં આવશે. આ ઉપરાંત હાલ લોકોને રોડ, રસ્તા બાબતની અનેક પ્રકારની મુશ્કેલી પડી રહી છે તેમજ ધુળની ડમરીઓ જેવું વાતાવરણ છે ત્યારે મહત્વના એવા રસ્તાના પ્રશ્ને નકકર કામગીરી દિવાળી પહેલા કરવામાં આવશે તેમ જણાવતા પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, હાલ ભુગર્ભ ગટરની કામગીરી ચાલી રહી છે અને વરસાદ પૂર્ણ થાય એટલે ઓગષ્ટ માસ બાદ સપ્ટેમ્બર મહિનામાં જયા પણ ખાડા અને રસ્તાઓ ખોદેલા છે ત્યાં રિસફેસીંગની કામગીરી ઝડપભેર હાથ ધરવામાં આવશે અને આગામી દિવસોમાં જૂનાગઢ શહેરના નગરજનોને પ્રાર્થમિક સુવિધાના પ્રશ્ને કોઈપણ જાતની અસુવિધાનો સામનો ન કરવો પડે તે માટે જૂનાગઢ મનપા તંત્ર સજજ છે અને શાસક પક્ષની ટીમ તેમજ શહેર ભાજપની ટીમ દ્વારા વિકાસના અનેક કાર્યોને વેગ આપવા કટીબધ્ધતા વ્યકત કરી હતી એટલુંજ નહીં સરકારશ્રીમાં પણ અસરકારક રજૂઆત કરી અને જૂનાગઢ શહેરને વધુને વધુ રળીયામણું બનાવવા નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો હતો તેમજ ૧ થી ૧૫ વોર્ડમાં લોક દરબાર યોજી દરેક મતદારોના અણ ઉકેલ પ્રશ્નો અંગે કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ગાંધીનગરમાં તા.૮ થી ૧૦ ડિસેમ્બર સુધી રેફકોલ્ડ ઈન્ડિયા યોજાશે

કોલ્ડ ચેઈન અને રેફ્રિજરેશન ઉદ્યોગનાં સોલ્યુશન્સ અંગેના દક્ષિણ એશિયાના સૌથી મોટા પ્રદર્શન અને કોન્ફરન્સમાં આ ઉદ્યોગનો દુનિયાભરનો સમુદાય એકત્ર થશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૯

કોલ્ડ ચેઈન અને રેફ્રિજરેશન ઉદ્યોગનાં સોલ્યુશન્સ અંગે દક્ષિણ એશિયાનું સૌથી મોટું પ્રદર્શન અને કોન્ફરન્સ, **REFCOLD India**નું પાંચમું એડિશન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે તા.૮ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૨ દરમ્યાન યોજાઈ રહી છે. રેફકોલ્ડ ઈન્ડિયા એ ધ ઈન્ડિયન સોસાયટી ઓફ હીટીંગ, રેફ્રિજરેટીંગ અને એર કન્ડીશનીંગ એન્જીનિયર્સ (**ISHRAE**)નું આયોજન છે. આ સંસ્થા ૪૪થી વધુ ચેપ્ટર્સ અને આશરે ૩૦,૦૦૦ પ્રોફેશનલ સભ્યો ધરાવે છે. **ISHRAE**, બાંગ્લાદેશ, નેપાળ, શ્રીલંકા, કેન્યા અને અબુ ધાબીમાં પણ પોતાના ઈન્ટરનેશનલ ચેપ્ટર્સ શરૂ કરી રહ્યું છે. **ISHRAE** રેફ્રિજરેશન અને કોલ્ડ ચેઈન ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે સક્રિય કામગીરી કરી રહ્યું છે અને તેનો ઉદ્દેશ ઉત્તમ ટેકનોલોજી સોલ્યુશન્સ રજૂ કરીને આ ક્ષેત્રના વિકાસમાં વૃધ્ધિ કરવાનો છે. રેફકોલ્ડ ઈન્ડિયા ભારતીય અને આંતરરાષ્ટ્રિય રેફ્રિજરેશન ઉદ્યોગના સહયોગીઓને એકત્ર કરીને ખોરાકનો બગાડ દૂર થાય તેવા ઈનોવેશન અને ટેકનોલોજી રજૂ કરશે. કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ કે જેમાં રેફ્રિજરેટેડ સ્ટોરેજ અને રેફ્રિજરેટેડ ટ્રાન્સપોર્ટેશનનો સમાવેશ થાય છે અને આ ક્ષેત્રો ઉદ્યોગની સપ્લાય ચેઈનનો આંતરિક હિસ્સો બની રહ્યા છે. વિવિધ ચીજોના ઉત્પાદનને બદલે બહેતર સંગ્રહ કરવા તરફની તરાહ બદલાઈ ગઈ છે ત્યારે આ બાબતે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહેલો રેફ્રિજરેશન અને કોલ્ડ ચેઈન ઉદ્યોગ ખેત પેદાશો તેમજ અન્ય નાશવંત ઉત્પાદનોના બહેતર સંગ્રહની દિશા તરફ ઝડપથી વિકસી રહ્યો છે. વૈશ્વિક કોલ્ડ ચેઈન માર્કેટ વર્ષ ૨૦૨૦માં ૪.૪ અબજ ડોલરથી વધીને વર્ષ ૨૦૨૮માં ૧૩.૮ અબજ ડોલર થઈ ૧૫.૮ ટકાના એકંદર સરેરાશ વૃધ્ધિ દર (**CAGR**)થી આગળ ધપવાની અપેક્ષા ધરાવે છે. ભારતનું કોલ્ડ ચેઈન માર્કેટ વર્ષ ૨૦૨૨માં રૂા.૧.૨૮ લાખ કરોડનું હતું તે, બમણું થઈને વર્ષ ૨૦૨૭માં ૧૪.૩ ટકાના એકંદર સરેરાશ વૃધ્ધિ દર (**CAGR**)થી આગળ ધપશે તેવી ધારણા સાથે રેફ્રિજરેશન અને કોલ્ડ ચેઈન ઉદ્યોગમાં વિકાસ માટેની અપાર ક્ષમતાઓ જણાઈ રહી છે. કોવિડ-૧૯ મહામારી દરમ્યાન વેકસીનની અસરકારક સપ્લાય ચેઈન જાળવી રાખીને રેફ્રિજરેટેડ ટ્રાન્સપોર્ટેશન અને કોલ્ડ સ્ટોરેજ ટેકનોલોજીએ તેનું અપાર મહત્વ અને જરૂરિયાત પૂરવાર કરી છે. રેફ્રિજરેશન અને કોલ્ડ સ્ટોરેજ ટેકનોલોજી તથા કોલ્ડ ચેઈન ઉદ્યોગના ભાવિ સપ્લાયર્સ અને બાયર્સને એકબીજા સાથે જોડીને વ્યૂહાત્મક જોડાણો વિકસાવવામાં રેફકોલ્ડ ઈન્ડિયા નેટવર્કીંગની વિવિધ તકો પૂરી પાડશે. **ISHARE**ના નેશનલ પ્રેસિડેન્ટ - એનએસ ચંદ્રશેખર જણાવે છે કે, "રેફકોલ્ડ ઈન્ડિયા રેફ્રિજરેશન અને કોલ્ડ ચેઈન ઉદ્યોગના તમામ ક્ષેત્રોને એક જ સ્થળે એકત્રિત કરશે અને સાથે સાથે કોલ્ડ ચેઈન અને રિફર ટ્રાન્સપોર્ટેશન તરફ ધ્યાન કેન્દ્રિત કરતું આ એક માત્ર પ્રદર્શન છે. અમને એક્ઝીબીટર્સ તરફથી અદ્ભૂત પ્રતિસાદ મળ્યો છે અને આ સમારંભ વધુ એકવાર અત્યંત સફળ બની રહેશે તેવો અમને વિશ્વાસ છે."

ત્રણ દિવસના આ સમારંભના ભાગરૂપે ફાર્મા, ડેરી, માછીમારી અને હોસ્પિટાલિટી ઉદ્યોગ અંગેના વિશિષ્ટ સેમિનાર્સ અને વર્કશોપ્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઈનોવેટીવ પ્રોડકટસ અને સ્ટાર્ટઅપ્સની ટેકનોલોજીનું મહત્વ પારખીને આ વિષયનો એક રેડીકેટેડ પેવેલિયન આ સમારંભનો હિસ્સો બની રહેશે. **IIR** પેરિસ, ચીન, તુર્કી, **AHPNW**- જાપાન તેમજ અન્ય દેશોના પ્રતિનિધિ મંડળપણ આ સમારંભમાં સામેલ થશે. દુનિયાભરના આ ઉદ્યોગના નિષ્ણાંતો સફળ કેસ સ્ટડીઝ અને બિઝનેસ મોડેલ્સની એન્જીનિયર્સ કોન્કલેવમાં રજૂઆત કરશે. રેફકોલ્ડ ઈન્ડિયામાં ઓછી અથવા તો મર્યાદિત માળખાગત સુવિધાઓ ધરાવતા વિકાસમાન દેશોમાં વેક્સીન કોલ્ડ ચેઈન અને વૈકલ્પિક ઉપાયોનો વિષય કેન્દ્રમાં રાખીને સંવાદ હાથ ધરાશે. રેફકોલ્ડ ઈન્ડિયાના ચેરમેન પંકજ ધારકર જણાવે છે કે, "અમે ફૂડ મેન્યુફેકચરર્સ અને માંસ તથા ડેરી ક્ષેત્ર, ફ્રોઝન અને ચીલ્ડ ફૂડઝ, હોલસેલ ડિસ્ટ્રીબ્યુશન અને રિટેઈલ, રિફર ટ્રાન્સપોર્ટેશન, ફાર્મા અને હેલ્થકેર, પોર્ટસ, શિપીંગ કંપનીઓ અને અન્ય ક્ષેત્રોના પ્રતિનિધીઓ રેસ્કોલ્ડ ઈન્ડિયાની મુલાકાત લેશે અને રેફ્રિજરેશન અને કોલ્ડ ચેઈન ઈન્ડસ્ટ્રીમાં કેટલીક અત્યંત આધુનિક ટેકનોલોજીસ અને ઈનોવેશન્સ નિહાળશે." રેફકોલ્ડ ઈન્ડિયાને ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ રેફ્રિજરેશન (**IIR**), એર કન્ડીશનીંગ એન્ડ રેફ્રિજરેશન, મેન્યુફેકચરર્સ એસોસિએશન (**ISKID**), ઈન્સ્ટીટયુટ ઓફ રેફ્રિજરેશન (**IOR**), **UNEP**, ધ ચાઈનીઝ એસોસિએશન ઓફ રેફ્રિજરેશન જેવી અનેક આંતરરાષ્ટ્રિય એસોસિએશન્સ અને વૈશ્વિક સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો છે.

આ સંસ્થા ઓ કોન્ફરન્સમાં બેઠકો યોજશે અને વિવિધ વિષયોને આવરી લઈ સમારંભમાં ભાગ લેનાર સભ્યોને પરામર્શ અને સંવાદની તક પૂરી પાડશે. પ્રદર્શનોનું આયોજન કરતી ભારતની અગ્રણી કંપનીઓમાં સમાવેશ પામતી રેડીકલ કોમ્યુનિકેશન્સના સહયોગથી આ સમારંભનું આયોજન થઈ રહ્યું છે. સમારંભમાં ટેકનિકલ વર્કશોપ્સ, પેનલ ચર્ચાઓ અને જ્ઞાનવૃધ્ધિ અંગેના કાર્યક્રમો યોજાશે. ભારત અને અન્ય ઘણાં દેશોના બાયર ડેલિગેશન્સ અને એસોસિએશન્સ આ પ્રદર્શનની મુલાકાત લેશે તેવી અપેક્ષા છે.

અમદાવાદમાં શ્યામ ઓનકોલોજી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત એડવાન્સ સ્ટેજના કેન્સરના દર્દીઓની વિનામૂલ્યે સારસંભાળ લેતું કેન્દ્ર એટલે કરૂણાલય

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૯

કેન્સરના ત્રીજા કે ચોથા સ્ટેજના દર્દીઓને જ્યારે કીમોથેરાપી, રેડિયોથેરાપી, ઓપરેશન કે અન્ય કોઈ પ્રકારની કેન્સરની ટ્રીટમેન્ટ અસરકારક નથી રહેતી ત્યારે દર્દી તથા તેના સગા-સંબંધીઓની પરિસ્થિતિ ઘણી કરૂણાજનક બને છે. આ પરિસ્થિતિમાં આવા દર્દીઓની પીડા જેવી કે, અસહ્ય દુઃખાવો, શ્વાસની તકલીફ, ઉબકા-ઉલટી, ઝાડા, ગળફા વગેરે ઓછી થઈ શકે તેવી કાળજી લેતું, રહેવા-જમવા સાથેની સગવડવાળું વિનામૂલ્યે નિઃસ્વાર્થ સેવા આપતું અમદાવાદમાં શ્યામ ઓનકોલોજી ફાઉન્ડેશન દ્વારા સંચાલીત કરૂણાલય કેન્દ્ર છે. અહીં દર્દીના એક સગાને પણ મફત રહેવા દેવામાં આવે છે અને અહીં અપાતી દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવે છે. અનુભવી ડોકટરો, નર્સ તથા માર્ગદર્શકો દર્દીને શકય તેટલા આનંદ આપવાનો પ્રયત્ન કરે છે. અહીં સંગીત, ટીવી તથા કેરમ જેવી રમતો પણ વસાવી છે. જ્ઞાતિ, જાતિ, ધર્મના કોઈપણ ભેદભાવ વગર આર્થિક રીતે નબળા જરૂરિયાતમંદ દર્દીઓને પ્રાધાન્ય અપાય છે. કેન્સરના આવા કોઈ દર્દી હોય તો તેમને અહીં જરૂરથી મોકલશો.

મફત ઓપીડી સારવાર : દાખલ ન થવા માંગતા દર્દીઓને પણ અહીં નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે. તદઉપરાંત આવા દર્દીઓની ઘરે સારવાર મુશ્કેલ હોય, 'હોમ કેર' સુવિધા ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે. આવું માનવસેવાનું કાર્ય ઠાકરશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે અને કેટલાક માસ બાદ લગભગ દિવાળી બાદ, ચોથા-પાંચમાં સ્ટેજના દર્દીઓની ઈનડોર સારવાર ઉપલબ્ધ થશે. તપાસ, દવાઓ, કાઉન્સેલિંગ વગેરે સંપૂર્ણ નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. કાર્યાલયનો સમય સવારે ૧૦થી સાંજે ૫ (રવિવાર તથા જાહેર રજા સિવાય) કરૂણાલય **C/O** ઠાકરશી ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ, સિદ્ધિવિનાયક કોમ્પલેક્ષ પાછળ, બીમાનગર સામે, શિવરજની ચાર રસ્તા પાસે, અમદાવાદ ૧૫, ૦૭૯-૨૬૭૫૪૦૦૨, ૭૪૦૫૦ ૪૪૦૦૧, ૯૪૨૬૬ ૪૫૦૦૧, www.shyamfoundation.com, info@shyamfoundation.com છે.

સૌરાષ્ટ્રમાં આંબા (કેસર કેરી)નો વિસ્તાર વધશે, ૩૬૦૦ ખેડૂતોને ૬૦ થી ૭૦ હજાર કલમનું કરાશે વિતરણ

તાલાલા, કોડીનાર અને ઉનાની નર્સરીઓમાં તૈયાર થાય છે આંબાની કલમો (રોપા) : સારૂં ચોમાસા થવાથી ફળાઉ પાકને ફાયદો : જૂનાગઢ જિલ્લામાં ફળોમાં સૌથી વધુ વાવેતર વિસ્તાર છે કેરી અને નાળિયેર નો : માંગરોળના રોપ ઉછેર કેન્દ્રમાં ઉછેરવામાં આવે છે નાળિયેરી પાકના રોપાઓ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૯

ગિર પંથકની અતિ પ્રખ્યાત કેસર કેરીનો સ્વાદ તો દરેકને પસંદ હશે જ. પરંતુ આ કેરીનો પાક વધે તે માટે સરકાર દ્વારા અને ખેડૂતો દ્વારા થતાં પ્રયાસો જાણીએ. ગિર પંથક સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં હવે ફરી આંબાના વિસ્તાર અને વ્યાપ વધવાનો છે.

જૂનાગઢના મદદનીશ બાગાયત નિયામક વિશાલ હદવાણીએ કહ્યું હતું કે, ગતવર્ષે તાઉતે વાવાઝોડાના કારણે ફળાઉ પાક ખાસ કરીને કેરીના પાકને ખૂબ નુકશાન થયું હતું. જેની તુલનાએ આ વર્ષ સારૂં ચોમાસા થવાથી ફળાઉ પાક માટે ખૂબ અનુકુળ છે. આંબાની કલમની માગણી માટે સૌરાષ્ટ્રભરમાંથી ૩૬૦૦ અરજીઓ બાગાયત વિભાગને આવી હતી, જેને આબાંની કલમ વિતરણ માટેની બાગાયત વિભાગે મંજૂરી આપી દીધી છે. જેથી સૌરાષ્ટ્રના ખેડૂતોને ચાલુ વર્ષે ૬૦ થી ૭૦ હજાર આંબાની કલમનું વિતરણ થવાનું છે. ગત વર્ષની તુલનાએ વધારે છે. ગત વર્ષે ૪૦ હજાર આંબાની કલમનું વિતરણ ખેડૂતોને કરાયુ હતું. આબાંની કલમનું સરકારી ભાવે – નજીવા દરે (એક કલમના રૂ.૪૫ લેખે) ખેડૂતોને વિતરણ કરવામાં આવે છે. એક જ ખેડૂત દ્વારા એકથી વધુ આંબાની કલમો લઈ જઈને વાવેતર કરવામાં આવે છે. જેથી આંબાનો જૂનાગઢ જિલ્લામાં ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ વિસ્તાર વધશે.

નાયબ બાગાયત નિયામક હેમાંશુ ઉસદડિયાએ કહયુ હતું કે, જૂનાગઢ અને ગિર સોમનાથ જિલ્લામાં કુલ ૪ બાગાયત વિભાગના રોપ ઉછેર કેન્દ્રો આવેલા છે. જેમાંથી જૂનાગઢ જિલ્લાની એક માંગરોળ અને બીજી ત્રણ ગિર સોમનાથ જિલ્લાના તાલાલા, કોડિનાર અને ઉનામાં આવેલ છે. જેમાં માંગરોળમાં નાળિયેરી પાક માટેના રોપાઓ તૈયાર કરવામાં આવે છે. જયારે કે તાલાલા, કોડિનાર અને ઉનાની ત્રણેય નર્સરીઓમાં આંબાની કલમો તેયાર કરવામાં આવે છે. કલમ એટલે બે અલગ અલગ આંબાને જોડીને તૈયાર થતો એક રોપ.

આંબા, ચીકુ, જામફળ, સિતાફળ, જાંબુ, આંબળા, લીંબુ, દાડમ સહિતના ફળ પાક માટે સરકાર દ્વારા અનેક પ્રકારની સહાય પાક અને વાવેતર પ્રમાણેની આપવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં આબાંનો ૮૬૫૦ હેકટર વાવેતર વિસ્તાર છે, નાળિયેરનો ૬૩૦૦, લીંબુનો ૪૮૦, બોર ૩૦૦, કેળા ૫૫૦, જામફળ ૧૮૦, દાળમ ૧૧૦, ખારેક ૧૩, પપૈયા ૬૦, સિતાફળ ૬૦૦, કેળા ૫૦, તેમજ અન્ય ફુટ ૨૫૦ હેકટર વિસ્તારમાં વાવેતરનો છે. આમ જૂનાગઢ જિલ્લામાં ફળોમાં સાથી પ્રથમ કેરી અને પછી નાળિયેરનો પાકમળે છે. ખેડૂતોને જે કોઈ પણ ફળાઉ પાકના રોપા જોતા હોયતો તેઓએ આઈ-ખેડૂત પોર્ટલ (**www.ikhedut.gujarat.gov.in**) ઉપર જોઈતા રોપાની સંખ્યા સાથે ઓનલાઈન અરજી કરવાની રહે છે.

કોડીનારમાં શ્રીજી જવેલર્સના માલિકે ૧૯ લોકોના સોનાના દાગીના અને રોકડ મળી ૫૫ લાખનો ચૂનો ચોપડયો

અમદાવાદના સોની સેલ્સમેને કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી : પોલીસે આરોપીને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૯

કોડીનાર શહેરમાં જૂની બજારમાં આવેલ શ્રીજી જવેલર્સ નામની દુકાનના માલિકે તાલુકામાં ૧૯ જેટલા શખ્સો પાસેથી સોનામાં દાગીના બનાવવા માટે રોકડ રૂપિયા અને સોનાના દાગીના લઈ દુકાન બંધ કરી રફુચક્કર થઈ જતાં આ અંગે અમદાવાદના સોની બજારના સેલ્સમેનએ કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

આ અંગેની વિગત મુજબ કોડીનાર જૂની બજારમાં શ્રીજી જવેલર્સના નામે સોનીની દુકાન ચલાવતા ललितભાઈ ઉર્ફે લાલજીભાઈ ભાનુભાઈ લોઢીયાએ અમદાવાદના સોની વેપારી નિલેશકુમાર બિપીનચંદ્રને વિશ્વાસમાં લઈ સોનાના દાગીના વેંચાણ કરવા માટે ૨૦ કેરેટના ૩૭૫ ગ્રામ અને ૨૬૦ મીલી કિંમત રૂા.૨૦૦૧૨૬૨ના દાગીના લઈ લીધા બાદ અમદાવાદના સોની વેપારીએ ઉઘરાણી માટે અવાર નવાર ફોન કરતાં ललित સોનીએ બહાના બતાવ્યા બાદ ફોન સ્વીચ ઓફ કરી દેતા આ અંગે તપાસ કરતાં શ્રીજી જવેલર્સના ललित અને દિનેશ કોડીનારના સોની વેપારીઓ અને ગામલોકોના દાગીના લઈ દુકાન બંધ કરી ભાગી ગયાનું ખબર પડતાં અમદાવાદના નિલેશકુમાર બિપીનચંદ્રએ છેતરપીંડીનો ભોગ બનનાર તમામ લોકોને સાથે રાખી કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા શ્રીજી જવેલર્સના ललितએ અમદાવાદના વેપારીના રૂા.૨૦૦૧૨૬૨ લાખ મળી અન્ય ૧૮ ગામજનોના રૂા.૩૫૫૫૧૮૭ લાખ મળી કુલ રૂા.૫૫૫૬૪૪૯-લાખ ના દાગીના અને રોકડની છેતરપીંડી કરી હોવાની પોલીસ ફરીયાદ નોંધાવતા કોડીનાર પોલીસે પી.આઈ. એ.એમ.મકવાણાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈએ ડી.ધાધલે તાત્કાલિક અસરથી આરોપી સોની વેપારી ललितને પકડી પાડી કોર્ટમાં રજુ કરવા તજવીજ હાથ ધરી છે.

એસ.ટી. તંત્ર દિવસભર સરકયુલર રૂટ બસ સોમનાથ-વેરાવળ વચ્ચે દોડાવશે અને તે પણ એસી

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૯

પવિત્ર શ્રાવણ માસને અનુલક્ષી ભારત બાર જયોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવના ભાવિકો સુવિધા અર્થે સમગ્ર માસ દરમ્યાન ૨ એસી ઈલેકટ્રીક બસો સોમનાથ-વેરાવળ વચ્ચે દોડાવશે. વિભાગીય ડેપો મેનેજર ભાવેશ રબારી કહેછે કે, આ બસો ગીતા મંદિરથી સાંઈબાબા મંદિર સરકયુલર રૂટમાં દિવસ દરમ્યાન એક બસ ૧૪ ટ્રીપ કરશે અને બંને બસો ૨૮ ટ્રીપો ફરશે. જેનું ઓછામાં ઓછું ભાડુ રૂપિયા ૧૬ અને વધુમા વધુમાં રૂપિયા ૨૪ રૂટ પ્રમાણે રહેશે. આ બસના સ્ટોપ ગીતા મંદિર, ત્રિવેણી, સોમનાથ, બસ સ્ટેન્ડ, ભાલકા, બિરલા મંદિર, ચોપાટી અને વેરાવળ બસ સ્ટેશન રહેશે. આથી બહારના ભાવિકોને વેરાવળથી બસ તથા રેલ્વેમાં જવા વધુ અનુકુળતાનો ઉમેરો થશે અને શહેરના છેવાડાના વિસ્તારોમાં રહેતા નાગરીકોને વ્યાજબી ભાડે સોમનાથ દર્શનની સુવિધા મળશે.

શ્રાવણ માસનો ભક્તિભાવપૂર્વક પ્રારંભ : શિવાલયોમાં હર હર મહાદેવ હરનો ગુંજી ઉઠયો નાદ

આજે વહેલી સવારથી જ શિવજીનાં મંદિરોમાં પુજન, અર્ચન, આરતી સહિતનાં કાર્યક્રમોનો લાભ લેતા ભાવિકો



દેવાધિદેવ મહાદેવની પુજા -અર્ચના માટેનાં આજથી શરૂ થયેલા શ્રાવણ માસનાં પવિત્ર અવસરે ભવનાથ વિસ્તારમાં આવેલા પુરાણ પ્રસિધ્ધ ભવનાથ મંદિર ખાતે પણ વિશેષ પુજા યોજાઈ હતી અને દુર દુરથી આવેલા ભાવિકોએ ધાર્મિક કાર્યનો લાભ લઈ દર્શનનો લાભ લીધો હતો.

શ્રાવણ માસનાં પ્રારંભ સાથે જૂનાગઢનાં જવાહર રોડ ઉપર આવેલા સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે ધર્મોત્સવનું ભવ્ય આયોજન થયું છે. આજે મહાપ્રતાપી એવા સિધ્ધેશ્વર મહાદેવ સહિતનાં દેવોની મહાપુજા કરવામાં આવી હતી અને દર્શનાર્થીઓએ દર્શનનો લાભ લીધો હતો.

શ્રાવણ માસનો આજે ભક્તિભાવ પૂર્વક શુભારંભ થયો છે ત્યારે જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા પુરાણ પ્રસિધ્ધ ભૂતનાથ મહાદેવ મંદિરે આજે સવારથી જ વિશેષ પુજાનાં કાર્યક્રમો યોજાયા હતા. શાસ્ત્રોકત વિધિ સાથે ભોળાનાથનું પુજન કરવામાં આવેલ હતું.

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૯

ભગવાન શિવજીની ભકિતમાં લીન થવા માટેનો અવસર આજે આવી ચુકયો છે અને શ્રાવણ માસનો ભકિતભાવ પૂર્વક પ્રારંભ થયો છે ત્યારે શિવાલયોમાં હરહર મહાદેવનાં નાદ ગુંજી ઉઠયા છે. આજે જૂનાગઢ શહેરમાં આવેલા વિવિધ શિવાલયોમાં સવારથી જ પૂજન સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા જેમાં ભાવિકોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. દેવોના દેવ મહાદેવના પવિત્ર શ્રાવણ માસનો આજ તા. ૨૯ જૂલાઈ (શ્રાવણ સુદ એકમ) થી પ્રારંભ થયો છે. શિવભકતો શિવજીની ભકિતમાં લીન થઈ જશે. સમગ્ર જૂનાગઢના શિવાલયોમાં એક મહિના સુધી હર હર મહાદેવ હર નો નાદ ગુંજી ઉઠશે. ખાસ કરીને શહેરના તમામ શિવાલયોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. આજે વહેલી સવારથી જ ભાવિકો શિવજીના પૂજન, અર્ચન, દર્શન કરવા માટે પહોંચી ગયા હતા. મોડી રાત સુધી શિવમંદિરોમાં શિવભકતોની ચહલ પહલ જોવા મળશે. ભવનાથ સ્થિત ભવનાથ મહાદેવ, શહેરના ભૂતનાથ મહાદેવ, ઝાંઝરડા રોડ સ્થિત સિદ્ધાનાથ મહાદેવ, બિલનાથ મહાદેવ, ટીંબાવાડી- દિપાંજલી સ્થિત ઓમકારેશ્વર મહાદેવ, મંગલધામ ૩ સ્થિત મંગલેશ્વર મહાદેવ, સ્વામિનારાયણ સુવર્ણ શિખર મુખ્ય મંદિર સ્થિત સિદ્ધેશ્વર મહાદેવ, જવાહર રોડ સ્થિત ભીડભંજન મહાદેવ, ગિરનાર જંગલમાં આવેલ જટાશંકર મહાદેવ, ભવનાથ સ્થિત વસ્ત્રાપથેશ્વર મહાદેવ સહિતના અનેક શિવ મંદિરોમાં શિવજીની પૂજા તેમજ દૂધ, દહીં, ઘી, મધ, શેરડીનો રસ, તલ તેમજ અન્ય સુગંધિત દ્રવ્યોથી અભિષેક અને મંદિરોમાં મહાઆરતી, દરરોજ ભવ્યાતિભવ્ય શણગાર-દર્શન અને શ્રાવણના દરેક સોમવારે દિપમાળા, અને ધાર્મિક કાર્યક્રમો પણ કરવામાં આવશે અનેજેને લઈને ભાવિકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહયો છે.

પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન ભવનાથ સ્થિત ભવનાથ મહાદેવ મંદિરે મંદિરના મહંત હરિગિરીજી મહારાજે જણાવ્યું છે. દરમ્યાન શ્રાવણ માસની શુક્રવારથી શરૂઆત થઈ રહી છે ત્યારે સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન શિવજીના મંદિરે મહાઆરતી કરશે. આ અંગે સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ (સંગઠન)ના સંસ્થાપક જયદેવભાઈ જોષીએ જણાવ્યું હતું કે, પ્રથમ સોમવાર ૧ ઓગસ્ટના બિલનાથ મહાદેવ મંદિર ખાતે સાંજના ૬:૩૦ વાગ્યે મહાઆરતી કરવામાં આવશે જેમાં જૂનાગઢમાં રહેતા તમામ ભૂદેવો સહપરિવાર ભાગ લેશે. મહા આરતી બાદ ફરાળ-પ્રસાદનું પણ આયોજન કરાયું છે.

જૂનાગઢ મામલતદાર કચેરી ખાતે અધિકારીઓ અને કર્મચારીઓ ઓફિસની છાયામાં, અરજદારો કચેરી બહાર લાઈનમાં

કોરોનાકાળ પૂર્વે અરજદારોને કચેરી અંદર લાઈનમાં ઊભા રહેવાની હતી વ્યવસ્થા

(તસ્વીર : પ્રતિક પંડયા)

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ તાલુકા કચેરી ખાતે અરજદારોને વિવિધ પ્રકારના ફોર્મના ટોકન અને જાતિ તેમજ આવકના દાખલાના કામકાજ માટે કચેરીની બહાર લાઈનમાં ઉભું રહેવું પડે છે. જેને લઈને અરજદારોને હાલાકીનો સામનો કરવો પડતો હોય છે.

કોરોના કાળ પૂર્વે મોટાભાગના કામકાજ માટે અરજદારોને કચેરીની અંદર જ લાઈનમાં રહેવાની સગવડતા હતી પરંતુ ત્યારબાદ વ્યવસ્થામાં પરિવર્તન કરવામાં આવ્યું હતું. મહત્વની વાત એ છે કે, જૂનાગઢ જિલ્લામાં કોરોનાની સ્થિતિ સામાન્ય હોવા છતાં અરજદારોને કચેરીની અંદર લાઈનમાં રહેવાની સગવડતા શરૂ કરાઈ નથી.

આ મામલે અરજદારોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જો અધિકારી અને કર્મચારીઓને આરામદાયક ખુરશીમાં બેસીને કામ કરવાની વ્યવસ્થા હોય તો પછી અરજદારોને કચેરીની અંદર ઊભા રહેવા દેવામાં માટે પાબંદી શું કામ ? બીજી તરફ આ મામલે શહેર મામલતદારનો સંપર્ક કરવામાં આવતા અન્ય સ્ટાફ દ્વારા તેઓ મિટિંગમાં હોવાનું જણાવવામાં આવ્યું હતું. ગ્રામ્ય મામલતદારનો સંપર્ક કરવામાં આવ્યો હતો તેમના તરફથી પણ કોઈ પણ પ્રકારનો પ્રત્યુત્તર મળ્યો ન હતો. ગ્રામ્ય નાયબ મામલતદારે જણાવ્યું હતું કે, કોરોના બાદ આ પ્રકારની વ્યવસ્થા કરાય છે. વધુમાં તેમણે આ મામલે કંઈ પણ કહેવાનું ટાળ્યું હતું.

જૂનાગઢ ખાતે નિઃશુલ્ક યોગ ટ્રેનર તાલીમ શિબિર યોજાશે ભાગ લેનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર કરાશે એનાયત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ ખાતે નિઃશુલ્કયોગ ટ્રેનર તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યોગ ટ્રેનરને ટ્રેનિંગ પૂર્ણ થયા બાદ પ્રમાણપત્ર આપવામાં આવશે. લોકોના આરોગ્યની સુખાકારી માટે નિયમિત યોગ કલાસ ચલાવનારને ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા માનદવેતન આપવામાં આવશે.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા જૂનાગઢ ખાતે તા.૧ થી ૩૦ ઓગસ્ટ સુધી સાંજના ૫ થી ૬-૩૦ કલાક સુધી આર.એસ કાલરીયા પ્રાથમિક સ્કૂલ મોતીબાગ નજીક ગિરનાર હાઈટ સોસાયટી સામે નિઃશુલ્ક યોગ ટ્રેનના તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોને તાલીમ આપવામાં આવશે. યોગ ટ્રેનની તાલીમ પૂર્ણ થયા બાદ પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ સંપૂર્ણ તાલીમ ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક આપવામાં આવશે. ઉમેદવારે કોઈપણ પ્રકારની ફી આપવાની નથી. યોગ ટ્રેનર તરીકે તાલીમ લેવા ઈચ્છુક વ્યકિતએ મોબાઈલ નંબર ૯૭૨૭૦૨૧૨૫૮ નંબર ઉપર સંપર્ક કરવા યોગ કોચ વૈશાલીબેન ચુડાસમાની યાદીમાં જણાવાયું છે.

જૂનાગઢમાં સમસ્ત વણિક યુવા સમાજ દ્વારા સન્માન સમારંભ અને ગેટ ટુગેધર કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

સમસ્ત વણિક યુવા સમાજ દ્વારા વણિક સ્ટેશનરી બજારની ઝળહળતી સફળતા બાદ વણિક સમાજના સન્માન સમારોહ તથા ગેટ ટુ ગેધર કાર્યક્રમનું આગામી તારીખ ૧૪ ઓગસ્ટ અને રવિવારે યોજવામાં આવ્યો છે. ગાયત્રી શકિતપીઠ સામે આવેલ રામવાડી ખાતે તા.૧૪ ઓગસ્ટના રવિવારે યોજાનાર કાર્યક્રમમાં વણીક સ્ટેશનરી બજારના દાતાઓનું તથા સેવા આપનાર સમાજના મુખ્ય સભ્યોનું સન્માન કરવામાં આવશે.

આ ઉપરાંત આ વર્ષે વણિક સમાજ દ્વારા વણિક ક્રિકેટ ટુર્નામેન્ટ, ગેટ ટુ ગેધર, વણિક સ્ટેશનરી બજાર તથા ફરીથી ગેટ ટુ ગેધર અને સેવા આપનારનું સન્માન તથા નવરાત્રી મહોત્સવ નુતન વર્ષને મિલન રંગોળી સ્પર્ધા સહિતના વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે. ગેટ ટુ ગેધર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનારએ તા.૧૧ ઓગસ્ટ ગુરૂવાર સુધીમાં દિવાનચોક દેસાઈ સ્ટોર ખાતે નામ નોંધાવવાનું રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા નવનીતભાઈ શાહ તથા સુરેન્દ્રભાઈ ઘેડિયાના માર્ગદર્શન હેઠળ સંસ્થાના સમીરભાઈ પારેખ, હર્ષદભાઈ ટોલિયા, જતીનભાઈ પારેખ, મુકેશભાઈ માવાણી, ભાવિનભાઈ પારેખ, હાર્દિકભાઈ શાહ, વિમલભાઈ દોશી, કેતનભાઈ વસાણી, સંદીપભાઈ દોશી, મહેશભાઈ દેસાઈ સહિતની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે તેમ સમસ્ત વણિક યુવા સમાજના કમલેશભાઈ અવલાણી અને ભાવિન શેઠની અખબારી યાદીમાં જણાવાયું છે.

વિસાવદરમાં ઘરેથી ભાગી ગયેલ સગીર પ્રેમીપંખીડાનો ગળાફાંસો ખાઈ આપઘાતને પગલે અરેરાટી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ જીલ્લાનાં વિસાવદર વિસ્તારમાં આવેલી એકવાડીની ઓરડીમાં સજોડે દોરી વડે ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણી દેવાનાં બનાવને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. વિસાવદરમાં રહેતા એક પરિવારની ૧૭ વર્ષની દિકરી તેમજ અન્ય એક પરિવારનો ૧૭ વર્ષનો દિકરો છેલ્લા બે દિવસથી લાપતા હતા. દરમ્યાન તેની શોધખોળ કરવામાં આવી રહી હતી. આ દરમ્યાન રામપરા સતાધાર સીમ વિસ્તારમાં આવેલી એક વાડીની ઓરડીમાં આ બંને સગીર બાળકોની લાશ પડી હોવાની જાણ પોલીસને કરવામાં આવતા વિસાવદર પોલીસ સ્ટેશનનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને સ્થળ ઉપર તપાસ કરતા આ મૃતદેહ ગુમ થયેલા સગીર બાળકોનું હોવાનું અને તેઓએ નાઈલોનની દોરી વડે ગળાફાંસો ખાઈને આપઘાત કર્યાનું સામે આવ્યું હતું. બંને વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું અને આકારણસર પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

આ બનાવ અંગે વિસાવદર પોલીસ વધુ તપાસ કરી રહી છે.

જૂનાગઢમાં જોષીપરા વિસ્તારમાં જુગાર દરોડો : ૪ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ચોક્કસ બાતમીનાં આધારે જોષીપરા, કોર્પોરેશન સોસાયટી, હનુમાનનગર નજીક પંકજભાઈ હંસારાજભાઈ હીરપરાએ પોતાનાં મકાનનાં ખૂણા પાસે બહારથી માણસો એટલે કે, રામાભાઈ નાથાભાઈ, વનરાજ શ્યામભાઈ અને ભાવેશ ભગવાનજીભાઈને બોલાવી જાહેરમાં રોન-પોલીસનો હારજીતનો જુગાર રમાડતા રેડ દરમ્યાન રૂા.૧૦,૮૦૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

જયારે વંથલી પોલીસે ધંધુસર ગામની સીમમાં જુગાર અંગે દરોડો પાડતા ૭ શખ્સોને કુલ રૂા.૧,૩૩,૪૭૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત માંગરોળનાં માનાખેત્રા ગામે માંગરોળ પોલીસે જુગાર અંગે દરોડો પાડતા ૭ શખ્સોને રૂા.૬,૨૦૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

તેમજ જૂનાગઢ તાલુકાનાં ડુંગરપુર ગામે ચોક્કસ બાતમીનાં આધારે તાલુકા પોલીસે જુગાર અંગે દરોડો પાડતા ૬ મહિલા સહિત ૮ને રૂા.૧૨,૩૭૫ની રોકડ સાથે ઝડપી લઈ તમામ વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમાં દારૂબંધી કે મજાક ? બે વર્ષમાં બે અબજ રૂપિયાનો દારૂ ઝડપાયો !

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૯

રાજય સરકારે વિધાનસભામાં આપેલા દારૂનાં સત્તાવાર આંકડા ચોંકાવનારા છે. ગુજરાત સરકારે ૨ માર્ચ ૨૦૨૨નાં રોજ ગુજરાત વિધાનસભામાં સત્તાવાર રીતે કહયું હતું કે ગુજરાત સરકારે ગત વર્ષમાં ૨૧૫ કરોડ ૬૨ લાખ ૫૨ હજાર અને ૨૭૫ રૂપિયાની વિદેશી દારૂની બોટલો જપ્ત કરી છે. ૪ કરોડથી વધુની કિંમતનો દેશીદારૂ અને ૧૬ કરોડથી વધુનો બિયર જપ્ત કરેલ છે. ૨ વર્ષમાં ૬૦૬ કરોડ ૪૧ લાખ ૮૪ હજાર ૮૪૭ની કિંમતનાં નશીલા દ્રવ્યો પકડાયા છે.

જૂનાગઢમાં આવતીકાલે કવિ સંમેલન અને હાસ્ય દરબાર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૯

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગ્રંથાલય ખાતું ગાંધીનગર અને સરકારી જીલ્લા પુસ્તકાલય જૂનાગઢ દ્વારા આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત આવતીકાલ તા. ૩૦ જુલાઈ, ૨૦૨૨ શનિવાર રાત્રે ૯.૦૦ કલાકે સરકારી જીલ્લા પુસ્તકાલય સરદાર ચોક, કોલેજ રોડ, જૂનાગઢ ખાતે કવિ સંમેલન અને હાસ્ય દરબારનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેનો લાભ લેવા ગ્રંથપાલ મહેશ પરમારે લોકોને અનુરોધ કરેલ છે.

જુનેદભાઈ – ૯૮ ૯૮ ૪૭ ૮૦ ૪૮
ઓફિસ – ૦૨૮૫ ૨૬૬૦૩૪૮
વિશાલ
માર્કેટીંગ
દરેક જાતની સોપારીના જથ્થાબંધ વેપારી.
દુકાન નં. ૧૨, પારૂલ એપાર્ટમેન્ટ, સંઘાડીયા બજાર, સુખનાથ ચોક, જુનાગઢ.

EST. 1992
Trans Globe
Global Education Specialists
Australia, UK, Canada, New Zealand, USA, Singapore & Europe
Apply for Upcoming Intakes | 2 Days Free IELTS / PTE Demo Available
Exptert Test Preparations :
IELTS / PTE / TOEFL
2 Years Post Study work visa Granted**
Saurashtra's Only Authorised, Direct & Preferred Education Consultancy
Directly dealing with Universities & Visa Office
Trans Globe, 214-216, Raijinagar Complex, Opp. Moti Palace Appartment, Junagadh.
Ph. : 0285 2675213 | M : 88663 28027, 94094 30348
Email : riddhi@transglobe-edu.com | Website : www.transglobeedu.com

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 196, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India